દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 245 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન વદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 October 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૬ ઑક્ટોબર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


લાડકી પૂર્તિ ૫ ૬ ૭ ૮


LIKE & FOLLOW: /Mumbaisamachar4u







# નરક છે મુંબઈ-અમદાવાદ હાઈવે

## ચોથા દિવસે પણ ભયંકર ટ્રાફિક જૅમઃ ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ ૧૨ કલાક વસઈ નજીક ભૂખ્યા-તરસ્યા ફસાયેલા રહ્યા

મુંબઈઃ ઘોડબંદર રોડ પર ગાયમુખ ઘાટ પાસે રસ્તાની બિસ્માર હાલત બાદ મીરા-ભાયંદર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા સમારકામને કારણે બુધવારે સતત ચોથા દિવસે પણ મુંબઈ-અમદાવાદ હાઈવે જૅમ રહ્યો હતો. પિકનિક માટે ગયેલા ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓથી ભરેલી બસો ૧૨ કલાક સુધી ટ્રાફિકમાં ફસાઈ હતી, જેને પગલે વિદ્યાર્થીઓના હાલ થયા હતા. મીરા રોડથી છેક વસઈ સુધી વાહનોની લાંબી લાઈન લાગતાં ત્રાસી ગયેલા વાહનધારકોએ ભિવંડીના માર્ગે જવું પડતું હતું.

ઘોડબંદર રોડ પર ઈન્ડિયન ઑઈલ પેટ્રોલ પમ્પથી નીરા કેન્દ્ર સુધી થાણેની લેન પર રવિવારથી સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું, જેને (જુઓ પાનું ૨) ▶▶



(જયપ્રકાશ કેળકર)
















# ૨૦૩૦ની કૉમનવેલ્થ ગૅમ્સ અમદાવાદમાં યોજાશે

અમદાવાદઃ ૭૦થી પણ વધુ દેશોના હજારો ઍથ્લીટો તથા ખેલાડીઓનો સમાવેશ ધરાવતી ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ યોજવા માટે ભારત સરકારે અમદાવાદનું નામ રજૂ કર્યું હતું એના પર કૉમનવેલ્થના સત્તાધીશોની મંજૂરી મળી જવાની તૈયારીમાં છે. કૉમનવેલ્થના એક્ઝિક્યૂટિવ બૉર્ડે નાઇજિરિયાનું નામ બાજુ પર રાખીને અમદાવાદના નામની ભલામણ કરી છે. આ ભલામણ પર આગામી ૨૬મી નવેમ્બરે કૉમનવેલ્થની જનરલ બૉડીમાં નિર્ણય લેવામાં આવશે.૨૦૩૦માં કૉમનવેલ્થ ગેમ્સને ૧૦૦ વર્ષ પૂરાં થશે અને એના આયોજનનો અવસર અમદાવાદને મળશે. નાઇજિરિયાને ૨૦૩૪ના રમતોત્સવનું આયોજન અપાશે એવી સંભાવના છે. ભારતમાં અગાઉ ૨૦૧૦માં દિલ્હીમાં કૉમનવેલ્થ ગેમ્સનું આયોજન થયું હતું. ■

# રૂપિયો તળિયેથી ૭૪ પૈસા ઊંચકાયો

## નિકાસ ૬.૭૪ ટકા અને આયાત ૧૬.૬ ટકા વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સુધારાતરફી વલણ, અમેરિકા-ભારત વચ્ચેની વેપાર વાટાઘાટો પ્રોત્સાહક રહે તેવા આશાવાદ અને ગત સપ્ટેમ્બર મહિનામાં દેશની નિકાસ ૬.૭૪ ટકા વધી હોવાના પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સંભવિતપણે રિઝર્વ બૅન્કે ફોરેક્સ માર્કેટમાં હસ્તક્ષેપ કર્યો હોવાથી આજે ડૉલર સામે રૂપિયો ૮૮.૮૧ના ઐતિહાસિક તળિયેથી ૭૪ પૈસા ઊંચકાઈને ૮૮.૦૭ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ (જુઓ પાનું ૨) ▶▶

# કંદહાર પર પાકિસ્તાનના હવાઈ હુમલા, ૫૦નાં મોત

## બન્ને દેશ ૪૮ કલાકના શસ્ત્રવિરામ માટે સહમત

કાબુલઃ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે બે દિવસના વિરામ બાદ મંગળવારે રાત્રે ફરી હિંસક અથડામણ થઈ હતી અને બુધવારે અથડામણ ઉગ્ર બની હતી. જોકે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે હવે કહ્યું છે કે સરહદ પરની તાજી અથડામણમાં (જુઓ પાનું ૨) ▶▶




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સ્ટાલિન તમિળનાડુમાં હિન્દી પર પ્રતિબંધ ના મૂકી શકે

**તમિળનાડુની** એમ. કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની ડીએમકે સરકાર અને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર વચ્ચે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને શાળાઓમાં ત્રિભાષી ફોર્મ્યુલાના અમલ મુદ્દે ચાલી રહેલી પટ્ટાબાજી વચ્ચે નવા સમાચાર આવ્યા છે. દેશભરના મીડિયાએ દાવો કર્યો છે કે, સ્ટાલિન સરકાર આખા તમિળનાડુમાં હિન્દી ભાષા પર પ્રતિબંધ મૂકવા માટેનું બિલ વિધાનસભામાં લાવવાની તૈયારીમાં છે.

આ બિલ દ્વારા તમિળનાડુમાં હિન્દી ભાષાનાં હોર્ડિંગ્સ, બેનર્સ, સાઈન બોર્ડ વગેરે પર તો પ્રતિબંધ મૂકી જ દેવાશે પણ હિન્દી ફિલ્મો અને ગીતો પર પણ પ્રતિબંધ મૂકી દેવાશે. મોદી સરકાર આખા દેશની જેમ તમિળનાડુની સરકારી શાળાઓમાં પણ ત્રિભાષી ફોર્મ્યુલાના અમલીકરણ અંગે મક્કમ છે ને સામે સ્ટાલિન પણ અડી ગયા છે તેથી તમિળનાડુમાં હિન્દી ભાષા પર પ્રતિબંધ આવી જશે.

મીડિયા રિપોર્ટમાં તો એવો દાવો પણ કરાયો કે, સૂચિત કાયદા અંગે ચર્ચા કરવા માટે મંગળવારે રાત્રે કાનૂની નિષ્ણાતો સાથે એક તાકીદની બેઠક કરાઈ હતી. ને તેમાં બિલનો મુસદ્દો તૈયાર કરી દેવાયો છે. બુધવારે વિધાનસભામાં આ બિલ મુકાશે એવો દાવો પણ કરાયેલો પણ આ દાવો સાચો પડ્યો નથી. અલબત્ત તમિળનાડુ સરકારના અધિકારીઓ અને ડીએમકેના નેતાઓ પણ ગોળ ગોળ વાતો કરી રહ્યા છે એટલે સાચું શું એ ખબર પડતી નથી.

પત્રકારોએ તમિળનાડુ સરકારના અધિકારીઓને આ અંગે સવાલ પૂછ્યો તો તેમણે સીધો જવાબ આપવાના બદલે એવું કહ્યું કે, સરકાર બંધારણનું પાલન કરશે. ડીએમકેના ટોચના નેતા ટીકેએસ એલંગોવને પણ એ જ રેકર્ડ વગાડીને કહ્યું છે કે, અમે બંધારણ વિરુદ્ધ કંઈ કરીશું નહીં અને બંધારણનું પાલન કરીશું પણ અમે હિન્દી લાદવાની વિરુદ્ધ છીએ.

હવે આ વાતમાં શું સમજવું ?

ખેર, સ્ટાલિન સરકાર આ બિલ લાવશે ને વાગતું વાગતું સામે આવશે ત્યારે સૌને ખબર પડશે જ પણ આ પ્રકારનું બિલ સ્ટાલિન લાવે તો એ બહુ મોટી મૂર્ખામી હશે કેમ કે બંધારણીય રીતે કોઈ રાજ્ય સરકાર આવું બિલ ના લાવી શકે. રાજ્ય સરકારોને કોઈ પણ ભાષા પર પ્રતિબંધ લાદવાનો અધિકાર જ નથી. ભારતમાં કોઈ ભાષા પર કાયદેસર રીતે પ્રતિબંધ ના મૂકી શકાય કારણ કે ભારતના બંધારણ કલમ ૨૯ હેઠળ દેશના તમામ નાગરિકો માટે અલગ ભાષાઓ, લિપિઓ અને સંસ્કૃતિઓનું સંરક્ષણ કરવાનો અધિકાર મળેલો છે.

રાજ્ય સરકાર રાજ્યમાં સત્તાવાર કામગીરીમાં કોઈ ભાષાના ઉપયોગને નિયંત્રિત કરી શકે છે પણ જાહેર ઉપયોગને પ્રતિબંધિત ના કરી શકે અથવા ભાષાના વપરાશ પર પ્રતિબંધ ના મૂકી શકે. આ સંજોગોમાં સ્ટાલિન બહુ બહુ તો સરકારી કામકાજમાં હિંદીનો ઉપયોગ નહીં કરવાનો ફતવો બહાર પાડી શકે પણ હિંદીનો ઉપયોગ જ ના થાય એવું તો ના જ કરી શકે.

હિન્દી તો દેશની બંધારણીય રીતે સ્વીકૃત રાજ્યભાષા છે પણ કોઈ બહુ મર્યાદિત વિસ્તારમાં બોલાતી ભાષા પર પણ પ્રતિબંધ મૂકવાનો અધિકાર કેન્દ્ર સરકારને પણ નથી ત્યારે રાજ્ય સરકાર પ્રતિબંધ મૂકવાની કોશિશ કરે એ મૂર્ખામી જ કહેવાય. સ્ટાલિન આ વાત ના જાણતા હોય કે સમજતા હોય એટલા મૂરખ નથી છતાં એ હિંદી પર પ્રતિબંધનું બિલ લાવવાની મૂર્ખામી કરવાનો દેખાવ કરી શકે છે કેમ કે આ દેખાવના કારણે રાજકીય ફાયદો થઈ શકે છે.

તમિળનાડુમાં ૨૦૨૬માં વિધાનસભાની ચૂંટણી છે તેથી સ્ટાલિને બહુ પહેલાંથી આ ચૂંટણી જીતવા માટે હિંદી વિરોધી માહોલ જમાવી દીધો છે. તેના ભાગરૂપે સ્ટાલિન સરકાર અને મોદી સરકાર વચ્ચે નવી શિક્ષણ નીતિના મુદ્દે લાંબા સમયથી ગજગ્રાહ ચાલે છે. મોદી સરકારે ૨૦૧૯માં નેશનલ એજ્યુકેશન પૉલિસીનો મુસદ્દો જાહેર કર્યો તેમાં પહેલા ધોરણથી બાળકોને ત્રણ ભાષા શીખવવાની દરખાસ્ત હતી. તેમાં બે ભાષા અંગ્રેજી અને હિંદી હોવી જોઈએ એવી દરખાસ્ત મુકાયેલી. સ્ટાલિન એ વખતે જ મેદાનમાં આવી ગયેલા. આ જોગવાઈ સામે દક્ષિણનાં બીજાં રાજ્યોમાં પણ પ્રચંડ વિરોધ થતાં મોદી સરકારે નવો મુસદ્દો બહાર પાડીને ફરજિયાત હિંદીની જોગવાઈ રદ કરી દેતાં વિવાદ શાંત થઈ ગયેલો. મોદી સરકારે આ વર્ષે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કરવા દેશનાં બધાં રાજ્યોને કહ્યું તેમાં પહેલા ધોરણથી ફરજિયાત ત્રણ ભાષા ભણાવવાની તાકીદ કરી તેમાં સ્ટાલિનને પાછી તક મળી ગઈ. મોદી સરકારના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને ત્રિભાષી ચીમકી આપેલી કે, ત્રણ ભાષા શીખવવાની ફોર્મ્યુલા નહીં અપનાવનાર રાજ્યને કેન્દ્ર ગ્રાન્ટ નહીં આપે. મોદી સરકારે ચોખવટ કરેલી જ છે કે, તમિળનાડુ કે બીજા કોઈ પણ રાજ્યે ફરજિયાત હિંદી ભણાવવાની જરૂર નથી. ધર્મેન્દ્ર પ્રધાને પણ હિંદી શીખવવાની તો વાત જ નહોતી કરી છતાં સ્ટાલિન તલવાર તાણીને મેદાનમાં આવી ગયા.

સ્ટાલિને મોદી સરકાર હિંદી થોપવા માગે છે એવી રેકર્ડ પાછી શરૂ કરી દીધી અને આક્ષેપ કરેલો કે તમિળનાડુ સરકાર હિંદી ભાષાને ફરજિયાત નથી બનાવતી અને રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ લાગુ કરવાનો ઇનકાર કર્યો તેથી કેન્દ્ર સરકારે તમિળનાડુના હકના ૨,૧૫૦ કરોડ રૂપિયા રોકી દીધા છે. મોદી સરકારે આ મામલો કોરઈ ચોખવટ ના કરી તેથી સ્ટાલિને આ વાતનો ધૂમ પ્રચાર કરેલો.

આ મુદ્દે સામસામી નિવેદનબાજી ચાલુ હતી ત્યાં સ્ટાલિને માર્ચમાં રજૂ કરાયેલા તમિલનાડુના બજેટમાં દેશના ચલણ એવા રૂપિયાના પ્રતિકને બદલે તમિળમાં રૂપિયાનો નવો સિમ્બોલ મૂકી દીધો હતો. સ્ટાલિનનું કહેવું હતું કે, રૂપિયાનું પ્રતિક હિંદી ભાષામાંથી લીધેલું છે એટલે નહીં ચાલે.

સ્ટાલિનની હરકત આઘાતજનક હતી કેમ કે, તેમની સરકારે દેશનાં પ્રતિકનું અપમાન દેશનું અપમાન કરી નાંખ્યું હતું. સ્ટાલિને રૂપિયાના પ્રતીકને ભાષા સાથે જોડીને પોતાની માનસિકતા છતી કરી દીધેલી પણ મોદી સરકાર સ્ટાલિન સરકાર સામે પગલાં લેવાની હિંમત ના બતાવી શકી તેમાં સ્ટાલિન ફાટીને ધુમાડે ગયા છે અને હવે તમિળનાડુમાંથી હિંદીનો એકડો જ કાઢી નાંખવા માગે છે એવી હવા જમાવી રહ્યા છે. તેના ભાગરૂપે તમિળનાડુમાં હિંદી પર પ્રતિબંધના નાટકનું બિલ રજૂ કરી શકે.

સ્ટાલિનને આ દાવ ફળી પણ શકે કેમ કે તમિળનાડુનું રાજકારણ હિંદીના વિરોધ પર ચાલે છે. છેક ૧૯૪૦ના દાયકાથી રાજકારણીઓ લોકોના માનસમાં ઝેર રેડ્યા કરે છે કે, હિંદીને અપનાવવા જઈશું તો તમિળ ભાષા અને તમિળ સંસ્કૃતિ ખતમ થઈ જશે. ઉત્તર ભારતીયો તમિળ પ્રજા પર ચડી બેસશે ને આપણે તેમના ગુલામ થઈ જઈશું. તમિળનાડુના બધા રાજકીય પક્ષો આ રીતે પોતાની દુકાન ચલાવે છે. તમિળ ગૌરવ અને હિંદીના વિરોધના મુદ્દે લોકોમાં ઉન્માદ પેદા કરીને રાજ્યમાં હિંદી વિરોધી આંદોલનો પણ થયા છે. સ્ટાલિને હિંદી વિરોધમાં મહારત હાંસલ કરેલી છે અને ફરી એ ઉન્માદ પેદા કરવા મથી રહ્યા છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૧૬–૧૦–૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૪, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ–૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ–૧૦
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૪મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા બપોરે ક. ૧૨–૪૧ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૨–૪૧ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૮, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૮–૩૩ રાત્રે ક. ૨૧–૦૨
- ઓટઃ બપોરે ક. ૧૫–૧૨, મધ્યરાત્રે ક. ૦૩–૦૨ (તા. ૧૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ – દસમી. ભદ્રા પ્રારંભ સવારે ક. ૧૦–૩૫. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બુધ ગ્રહદેવતાનું પૂજન, સર્પપૂજા, ચંપાનું વૃક્ષ વાવવું, ઔષધ ઉપચાર, માલ વેંચવો, સ્થાવર લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા,
- આચમનઃ મંગળ–રાહુ ત્રિકોણ ઉપરી અધિકારીથી લાભ થાય, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ મંગળ–રાહુ ત્રિકોણ, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ–તુલા, માર્ગી બુધ–તુલા, ગુરુ–મિથુન, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# બંધુત્વની બુનિયાદ પર રચાયો ઈસ્લામઃ ચાલો, દિવાળીને વધુ રોશન બનાવીએ

**‘મઝહબ** નહીં શીખાતા આપસ મેં બૈર રખના’

– ડૉક્ટર ઈકબાલ સા’બની આ પંક્તિમાં દીને ઈસ્લામની બુનિયાદી તાલીમની હિદાયત; આદેશ; ઉપદેશ; બોધ સંકળાયેલી છે.

ઈસ્લામ

* પ્રેમ, * સમાધાન, * સહનશીલતાની તાલીમ, શિક્ષણ આપનારો ધર્મ છે.

* તેના પાયાના સિદ્ધાંતોમાં અમન, શાંતિ, ભાઈચારો કાયમ રાખવાની ઉમ્મત; અનુયાયી; પ્રજાને શીખ છે, ધર્મજ્ઞાન છે.

– દુશ્મની, – નફરત, – વેરઝેર, – મતભેદ જેવી બાબતોથી સદા દૂર રહેવા, – ભાઈચારો કાયમ કરવા, – જગતકર્તા, સૃષ્ટિના સર્જનહારનું ફરમાન છે.

રહેમત કૃપા બનીને આ ધરતી પર પધારેલા અંતિમ પયગંબર; સંદેશવાહક હઝરત મુહંમદ (સલ.)એ ચૌદસો, સાડા ચૌદસો વર્ષ પૂર્વે અલ્લાહના આદેશને અનુસરીને અલ્લાહના આ પયગામને લોકો સુધી પહોંચાડ્યો છે.

ઈસ્લામનો પાયો જ જ્યારે આવી ભાવના, નીતિ–નિયમો પર ઘડાયો હોય ત્યાં નફરતનો પ્રશ્ન જ નથી ઉદ્ભવતો. નાના–મોટા સૌ પ્રત્યે આદરભાવનાની તે શિખામણ આપે છે, ઉપરાંત ઈસ્લામમાં બળજબરીને કોઈ સ્થાન નથી.

ત્વારિખ ગવાહ છે કે હિંદમાં મુસ્લિમો સૌ સાથે હળીમળીને રહેતા આવ્યા છે. દરેક ધર્મ – સમાજના તહેવારો અને ઉત્સવોમાં સામેલ થતા આવ્યા છે અને એ પરંપરા ચાલુ જ રહેવા પામશે કારણ કે ઈસ્લામનો એવો ઉપદેશ છે કે મોમીન બંદો જે દેશમાં રહેતો હોય તેને વફાદાર રહે. ભાઈબંધ કોમના લોકો સાથે આદરભાવ રાખે તથા જે તે દેશના કાયદાનું ઈમાનદારીપૂર્વક પાલન કરે. પરસ્પર પ્રેમ અને ભાઈચારાની વચ્ચે ધર્મ અવરોધ બનવો જોઈએ નહીં અને એટલે જ દિવાળીનો આ તહેવાર કોઈ એક ધર્મ પૂરતો મર્યાદિત બની ન રહેતા તે સઘળા ધર્મનો ઉત્સવ બની ગયો છે જેમાં મુસ્લિમો પણ બાકાત નથી રહ્યા.

પ્રકાશનું પર્વ એટલે દિવાળી. ચોમેર અજવાળાં પાથરવાનો આ તહેવાર. પ્રેમનો, સદ્ભાવનો, શ્રદ્ધાનો, પરસ્પર વિશ્વાસનો, પ્રમાણિકતાનો, સહાનુભૂતિ અને સહિષ્ણુતાના સંદેશ સાથે આખી દુનિયામાં અમન – શાંતિ અને એખલાસની ભાવના જન્માવવા માટેનો આ તહેવાર પરદેશમાં પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવાય છે. દિવાળીના તહેવારને દરેક ધર્મ, કોમ અને સંપ્રદાયના લોકોની સામેલગીરીથી ચાર ચાંદ લાગી જાય છે. ફટાકડા ફોડવા અને આતશબાજી માત્ર એક ધર્મ સુધી સીમિત ન રહેતા અન્ય ધર્મના લોકો પણ તેમાં ઉલ્લાહસભેર ભાગ લેતા થઈ જતા જોવા મળે છે.

ઈદ મુબારક જેવો જ દિવાળીનો તહેવાર પણ હોઈ, મુસ્લિમો માટે આ ઉત્સવ પ્રેમ અને ભાઈચારનો સંદેશ ફેલાવી સુમેળભર્યું વાતાવરણ સર્જવામાં મદદરૂપ થવા માટેની અનેરી તક સમાન બની રહે છે. સૌ પ્રત્યે માન – આદર ધરાવવા અને દરેક ધર્મ પ્રત્યે પ્રેમ – મહોબ્બતની નજરે જોવાની હિદાયત આપતા ઈસ્લામના સંદેશને અનુસરીને મોમીનો સર્વધર્મ સદ્ભાવ, સહિષ્ણુતા, એખલાસ અને બંધુત્વની ભાવનાને વિકસાવવામાં હરહંમેશ પ્રવૃત્ત છે. ખાસ કરીને તમામ કોમના વેપારીઓ વચ્ચે આ તહેવાર ઋણાનુબંધની અનોખી ગાંઠ છે. દરેક વેપારી બજારમાં એકબીજાના ટેકા પર નભતા હોય છે. ત્યાં મુખ્ય ઉદ્દેશ વેપારી તરીકેની શાખને જાળવી રાખીને બજારમાં ટકી રહેવાનો હોય છે. આવી શાખ અને પ્રતિષ્ઠા કોઈ પણ ધર્મ – કોમ – સમાજનો વેપારી માત્ર ત્યારે જ હાંસલ કરી શકે, જ્યારે તેનો વ્યવહાર ચોખ્ખો, પ્રમાણિક હોય અને તેના અન્ય વેપારીઓ સાથેના સંબંધ સુમેળભર્યા, પ્રેમાળ અને જરૂર પડયે મુસીબતમાં સપડાયેલા વેપારીની મદદે દોડી જવા માટે આતુરતા દાખવનારા હોય. આ બધું એક્શન – રિએક્શન પર પણ નિર્ભર કરતું હોય. ભારતના દરેક મુસલમાન વેપારીઓ શક્ય તેને અનુસરી ભાઈબંધ કોમના વેપારીઓને દિલથી આવકારતા હોય છે અને દિવાળીના તહેવાર અન્ય કોઈપણ ધર્મોના તહેવારોની જેમ આપણને આવી જ શિખામણો અને બોધ પૂરાં પાડતાં હોઈને પરસ્પરનો સહકાર, વિશ્વાસ અને સહિષ્ણુતા પર જ વેપારી સમુદાયનો સમગ્ર આધાર રહેલો છે. ત્યાં ધર્મ અને સંપ્રદાયના વાડા માટે અવકાશ નથી.

દિવાળી પ્રેમ અને ભાઈચારનો સંદેશ ફેલાવી સુમેળભર્યું વાતાવરણ સર્જવાનો મહામૂલો અવસર હોઈ, બારગાહે ઈલાહીમાં સર્વસર્જનહાર પાસે સપરમા દિવસે દિલી દુઆ છે કે અમારા દેશમાં અને સમગ્ર વિશ્વના દેશોમાં હરહંમેશ શાંતિ, એખલાસ અને ભાઈચારાનું વાતાવરણ પ્રવર્તતું રહે...! આમીન, તથાસ્તુ, ઈશ્વર, અલ્લાહ, પ્રભુ, ગૉડ સૌનું ભલું કરે.

* * *

**સાપ્તાહિક સંદેશ**

* હલાલ રોજીની તલાશ કરો. હરામ રોજી તરફ જરા પણ દિલ લગાડશો નહીં.

* * *

* આ ત્રણ બાબત ત્રણ બાબતમાં કદી મોડું કરશો નહીંઃ

૧. નમાઝ કે જ્યારે તેનો સમય થઈ જાય.

૨. જનાઝો જ્યારે તે તૈયાર હોય અથવા લાવવામાં આવે અને

૩. અપરીણિત (કુંવારી) સ્ત્રી, જ્યારે તેની બરાબરની જોડ (પાત્ર) મળી જાય. – **પયગંબર હઝરત મુહંમદ (સલ.)** ■

# બિહારમાં ૧૪ નવેમ્બરે બીજી દિવાળીઃ મોદી

## મને ‘સર’ નહિ, પણ ‘ભાઈ’ કહોઃ વડા પ્રધાનનો મહિલાને અનુરોધ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારમાં એક બુથ વર્કર મહિલાને બુધવારે જણાવ્યું હતું કે મને ‘સર’ નહિ, પણ ‘ભાઇ’ કહેજો. મહિલાઓ મારી સૌથી મોટી તાકાત, સુરક્ષા અને પ્રેરણા છે.

મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બિહાર વિધાનસભાની ચૂંટણીના પરિણામ ૧૪ નવેમ્બરે જાહેર થશે ત્યારે રાજ્ય એનડીએના વિજયની ઉજવણી કરવા માટે બીજી વખત ‘દિવાળી’ મનાવશે. મહિલા મતદારો અમારા વિજયમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

મોદીએ ‘નમો ઍપ’ દ્વારા ભાજપના કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે હું રાજ્યની મહિલાઓને મતદાન કરવા ટોળામાં જવા અપીલ કરું છું. તેઓ લોકશાહીના ઉત્સવ (ચૂંટણી)ની ઉજવણી કરવા તેને લગતા ગીતો ગાય અને થાળીઓ વગાડે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે મને વિશ્વાસ છે કે આ વખતે બિહારમાં બે વખત દિવાળી ઊજવવામાં આવશે. નવરાત્રિના પ્રથમ દિવસથી ઘટાડેલા જીએસટીનો અમલ શરૂ કરાયો હોવાથી ત્યારે પ્રથમ દિવાળી હતી. હવે ૨૦ ઑક્ટોબરે દિવાળી છે અને આપણે તેની ઉજવણી કરીશું. આમ છતાં, બિહારમાં ૧૪ નવેમ્બરે ચૂંટણીના પરિણામ જાહેર થવાના હોવાથી તે દિવસે એનડીએના વિજયને મનાવવા માટે ફરી દિવાળી જેવી ઉજવણી કરાશે. બિહારની દીકરીઓ અને બહેનો તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. હું બિહારની દરેક મહિલા મતદારને મતદાન કરવા જવા વિનંતિ કરું છું.(એજન્સી) ■

# એચ-ફૉર વિઝાધારકોના રોજગારીના હકને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટે કાઢી નાખી

વૉશિંગ્ટનઃ અમેરિકામાં એચ–વનબી વિઝાધારકોના એચ–ફૉર વિઝાધારક પતિ કે પત્ની અને ૨૧ વર્ષ સુધીના સંતાનોને રોજગારીનો અધિકાર આપતી જોગવાઇને પડકારતી અરજીને અહીંની સર્વોચ્ચ અદાલતે કાઢી નાખી હતી.અરજદાર ગ્રૂપ ‘સેવ જૉબ યુએસએ’એ દલીલ કરી હતી કે અમેરિકાના ઇમિગ્રેશન કાયદા મુજબ એચ–ફૉર વિઝાધારકો અમેરિકામાં નોકરી અને અમેરિકાના કર્મચારીઓ સાથે સ્પર્ધા કરી નથી શકતા. આમ છતાં, ડિપાર્ટમેન્ટ ઑફ હૉમલૅન્ડ સિક્યોરિટી (ડીએચએસ) આ નિયમમાં ફેરફાર કરીને એચ–ફૉર વિઝાધારકોને અમેરિકામાં નોકરી કરવાની પરવાનગી આપે છે અને તેથી અમેરિકાના નાગરિક ન હોય એવા એચ–ફૉર વિઝાધારક કર્મચારીઓની સંખ્યા ઘણી વધી ગઇ છે. (એજન્સી) ■

# દિલ્હીમાં ગ્રીન ફટાકડા ફોડવાની સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી દીધી

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે દિલ્હી–એનસીઆર (નેશનલ કેપિટલ રીજન)માં દિવાળી દરમિયાન ગ્રીન (ઓછું પ્રદૂષણ ફેલાવતા) ફટાકડા વેચવા અને ફોડવા બુધવારે મંજૂરી આપી હતી.

કેન્દ્ર અને દિલ્હી સરકારે સાથે મળીને કરેલી વિનંતિને ધ્યાનમાં રાખીને દેશના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રની બનેલી બૅન્ચે ગ્રીન ફટાકડા પરના પ્રતિબંધને ‘હળવો’ કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ્સ અને એનસીઆરના સ્ટેટ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ્સને દિલ્હી વખતના (હવાના) પ્રદૂષણના સ્તર પર સતત નજર રાખવા અને સર્વોચ્ચ અદાલતમાં સંબંધિત અહેવાલ નોંધાવવાનો આદેશ આપ્યો હતો.

બૅન્ચે જણાવ્યું હતું કે અમે ૧૮થી ૨૧ ઑક્ટોબર સુધી ફટાકડા ફોડવાની કામચલાઉ પરવાનગી આપીએ છીએ. દેશના મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે ફટાકડા સંતાડીને દિલ્હી–એનસીઆરમાં લવાય છે અને તેને લીધે ગ્રીન ફટાકડા કરતાં વધારે નુકસાન થાય છે. અમે પર્યાવરણને ધ્યાનમાં રાખીને સંબંધિત પરવાનગી આપીએ છીએ. અદાલતે જણાવ્યું હતું કે પેટ્રોલિંગ ટીમ ફટાકડાના ઉત્પાદકોને ત્યાં નિયમિત તપાસ કરશે અને તેઓના ક્યૂઆર કૉડ્સ વૅબસાઇટ્સ પર અપલૉડ કરાશે. દિલ્હી–એનસીઆરની બહારથી લવાયેલા કોઇ ફટાકડા અહીં વેચી નહિ શકાય અને જો ફટાકડા બહારથી લવાયેલા હોવાનું માલૂમ પડશે, તો ફટાકડાના વિક્રેતાનું લાઇસન્સ સસ્પેન્ડ કરાશે. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### રૂપિયો તળિયેથી

જણાવતા ઉમેર્યું હતું કે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં જોવા મળેલા ભાવઘટાડાનો પણ ટેકો મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૮૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૮.૭૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ખૂલતી જ ૮૮.૭૪ની સપાટી અને ઉપરમાં ૮૮ પૈસા સુધી મજબૂત થઈને ૮૭.૯૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈ કાલના બંધ સામે ૭૪ પૈસાના સુધારા સાથે ૮૮.૦૭ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈ કાલે ડૉલર સામે રૂપિયો ૧૩ પૈસાના ઘટાડા સાથે ૮૮.૮૧ની નવી ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

તાજેતરનાં વૈશ્વિક વિપરીત પરિબળો વચ્ચે પણ ગત સપ્ટેમ્બર મહિનામાં દેશની નિકાસ ૬.૭૪ ટકા વધીને ૩૬.૩૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે સોના, ચાંદી, ફર્ટિલાઈઝર અને ઈલેક્ટ્રોનિક્સની આયાત વધુ રહેતાં કુલ આયાત ૧૬.૬ ટકા વધીને ૬૮.૫૩ અબજ ડૉલરની સપાટીએ રહેતાં કુલ વેપાર ખાધ ૩૨.૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું વાણિજ્ય મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. જોકે, વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન નિકાસ ૩.૦૨ ટકા વધીને ૨૨૦.૧૨ અબજ ડૉલર અને આયાત ૪.૫૩ ટકા વધીને ૩૭૫.૧૧ અબજ ડૉલરનાં સ્તરે રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

એકંદરે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં નરમાઈ તથા નિકાસમાં વૃદ્ધિના પ્રોત્સાહક નિર્દેશો સાથે આજે રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી દિવસોમાં ડૉલર સામે રૂપિયો ૮૭.૭૦થી ૮૮.૪૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૨ ટકા ઘટીને ૯૮.૮૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ૦.૧૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૨.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૭૫.૪૫ પૉઈન્ટનો અને ૧૭૮.૦૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

### કંદહાર પર

બારેક સૈનિક અને નાગરિકોના જાન ગયા અને પાકિસ્તાને અફઘાનના પ્રાંત કંદહારમાં હવાઈહુમલા કર્યા ત્યાર બાદ હવે બન્ને દેશ ૪૮ કલાકના યુદ્ધવિરામ માટે સંમત થયા હતા. કંદહારમાં પાકિસ્તાની દળોએ કરેલા હુમલામાં ૫૦ લોકોથી વધુનાં મોત થયાં હતાં. અથડામણ દક્ષિણ અફઘાનિસ્તાનના જિલ્લા સ્પિન બોલ્ડકમાં મંગળવારે મોડી રાત્રે થઈ હતી. સ્થાનિક પ્રવકતા અલી મોહમ્મદ હકમલે જાનહાનિના અહેવાલોને અનુમોદન આપ્યું હતું, જ્યારે સ્પિન બોલ્ડક હૉસ્પિટલના અધિકારી અબ્દુલ જન બરાકે ચકાસણી બાદ કહ્યું હતું કે બારેક જણ ઘાયલ થયા છે. પાકિસ્તાન લશ્કરના જણાવ્યા પ્રમાણે તેના દળોએ તાલિબાનના ઓછામાં ઓછા ૧૫-૨૦ લડવૈયાને મારી નાખ્યા હતા. લશ્કરે દાવો કર્યો હતો કે અફઘાનિસ્તાનના હુમલાને પાકિસ્તાની દળોએ મારી હટાવ્યો હતો. સૂત્રોએ કહ્યું હતું કે અફઘાનની એક ટેન્ક નાશ પામી હતી અને આથી હુમલાખોરોને નાસી જવાની ફરજ પડી હતી. પાકિસ્તાનના દળોએ કુરામ સેક્ટરમાં અફઘાનની એક ચોકીને લક્ષ્ય બનાવ્યું હતું જેને લીધે અનેક લાશો પડી હતી. સુરક્ષા દળોએ વધુમાં જણાવ્યું હતું કે તાલિબાનની તાલીમ સુવિધાનો નાશ કરવામાં આવ્યો હતો અને પાકિસ્તાનનું લશ્કર હાઈ એલર્ટ પર છે.

બીજી બાજુ અફઘાનિસ્તાને દાવો કર્યો હતો કે તેના લડાયકોએ પાકિસ્તાની દળોને ભારી નુકસાન પહોંચાડ્યું હતું અને પાકિસ્તાનની અનેક ચોકી, હથિયારો અને ટેન્ક કબજે કર્યાં હતાં. અમે તેના લશ્કરી મથકનો લગભગ નાશ કર્યો છે. અફઘાનિસ્તાન મંત્રાલયે બહાર પાડેલા વીડિયોમાં જોવા મળે છે કે તાલિબાનના લડાયકો કબજે કરેલી ટેન્ક ગલીમાં ફેરવી રહ્યા છે. આ અઠવાડિયાની બે દેશ વચ્ચેની આ બીજી અથડામણ છે. સાઉદી અરેબિયા અને કતારની અપીલને પગલે રવિવારે અથડામણ અટકી ગઈ હતી. વીકએન્ડમાં કાબુલે કહ્યું હતું કે અમે પાકિસ્તાનની અનેક લશ્કરી ચોકી પર હુમલો કરીને પાકિસ્તાનના ૫૮ સૈનિકોને મારી નાખ્યા હતા. અને આ રીતે પાકિસ્તાને અમારી હવાઈસીમામાં કરેલા હુમલાનો બદલો લીધો હતો. પાકિસ્તાને જાનહાનિનો નાનો આંકડો આપ્યો હતો. પાકિસ્તાને કહ્યું હતું કે અમારા ૨૩ સૈનિકો માર્યા ગયા છે, પરંતુ અમે તાલિબાન અને એને સંલગ્ન ૨૦૦ આતંકવાદીને માર્યા હતા. ગયા અઠવાડિયે કાબુલે પાકિસ્તાન પર હવાઈહુમલો કરવાનો આક્ષેપ કર્યો ત્યારથી બન્ને દેશ વચ્ચે તંગદિલી છે. કાબુલે પાકિસ્તાન પર કાબુલ અને પૂર્વની બજાર પર હવાઈહુમલા કરવાનો આક્ષેપ કર્યો હતો. ■

### નરક છે મુંબઈ–અમદાવાદ

પગલે હાઈવે પર રવિવારથી જ ટ્રાફિકની સમસ્યા ઊભી છે. છેલ્લા ચાર દિવસથી વાહનધારકોએ પારાવાર હાલાકી સહન કરવી પડે છે. ટ્રાફિક પોલીસ ખડેપગે હોવા છતાં લોકોએ આઠથી દસ કલાક ટ્રાફિક જૅમમાં ગાળવા પડી રહ્યા છે. મળતી માહિતી અનુસાર મુંબઈ અને થાણેથી અલગ અલગ શાળાના વિદ્યાર્થીઓને પિકનિક પર લઈ ગયેલી ૧૦ જેટલી બસ મંગળવારની સાંજે પાંચ વાગ્યાથી વસઈ નજીક ટ્રાફિકમાં ફસાઈ હતી. છેક બુધવારની સવારે બસને ટ્રાફિકથી છુટકારો મળ્યો હતો. વિરાર નજીક પિકનિક પર ગયેલા બાળકોની બસ શાળાએ સમયસર ન પહોંચતાં વાલીઓમાં ડર પેસી ગયો હતો. કલાકોથી વાલીઓ શાળામાં જ રાહ જોતા બેસી રહ્યા હતા.દરમિયાન રાતભર બસમાં ગાળનારા વિદ્યાર્થીઓ થાકેલા, ભૂખ્યા અને ચિંતિત હતા. તેમની મદદ માટે સ્થાનિક સંસ્થાના કાર્યકરો દોડી આવ્યા હતા. ટ્રાફિકમાં ફસાયેલાં બાળકોને પાણી અને બિસ્કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભીડમાંથી બસને બહાર કાઢવામાં કાર્યકરોએ ખાસ્સી જહેમત ઉઠાવી હતી.

વસઈનાં ડેપ્યુટી પોલીસ કમિશનર (ટ્રાફિક) પૂર્ણિમા ચૌગુલે–શ્રીંગીએ જણાવ્યું હતું કે બુધવારે બપોર પછી વાહનવ્યવહાર ધીમી ગતિએ આગળ વધ્યો હતો.મુંબઈ–અમદાવાદ હાઈવે પરની વાહનધારકોની આ હાલાકી આજકાલની નથી. લગભગ સાતેક વર્ષથી પ્રવાસીઓ આ તકલીફ સહન કરી રહ્યા હોવાનું વાહનચાલકોનું કહેવું છે. અગાઉ વર્સોવા બ્રિજનું કામ ચાલતું ત્યારે પણ કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ રહેવું પડતું હતું. ■

# નવી મુંબઈમાં નવ મહિનામાં ૯૧ કરોડ રૂપિયાની સાયબર ચોરી

પનવેલ: નવી મુંબઈ વિસ્તારમાં દરરોજ ઓછામાં ઓછી એક સાયબર છેતરપિંડીની ઘટના બની રહી છે. મોટાભાગના રોકાણકારો સાયબર દ્વારા શેરબજારમાં ટ્રેડિંગમાં વધુ નફો કમાવવાના બહાને લૂંટાઈ રહ્યા છે. છેતરપિંડીનો ભોગ બનનારાઓમાં મોટાભાગના ઉચ્ચ શિક્ષિત યુવાનો અને નિવૃત્ત વરિષ્ઠ નાગરિકો છે. આ વર્ષે ૧૦ મહિનાના અંત સુધીમાં ૨૬૭ કેસોમાં ૯૧ કરોડ ૬૭ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જોકે છેલ્લાં બે વર્ષમાં સાયબર ચોરી રોકવા માટે લેવામાં આવેલા પગલાંને કારણે, આ સંખ્યામાં ૪૦ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. ગયા વર્ષની સરખામણીમાં, આ વર્ષે જાન્યુઆરીથી ઓક્ટોબર દરમિયાન સાયબર છેતરપિંડીના ૨૬૭ કેસ નોંધાયા હતા. પીડિતોએ સાયબર છેતરપિંડી વિશે તાત્કાલિક માહિતી આપવા માટે તાત્કાલિક નવી મુંબઈ પોલીસ હેલ્પલાઈન ૮૮૨૮૧૧૨૧૧૨ પર સંપર્ક કરવો જોઈએ. ■

# એક જ દિવસમાં હિટ ઍન્ડ રનની બે ઘટના: વૃદ્ધા સહિત બેનાં મોત

મુંબઈ: અંધેરીમાં એક જ દિવસમાં હિટ ઍન્ડ રનની બે ઘટનામાં વૃદ્ધા સહિત બે જણે જીવ ગુમાવ્યા હતા. એમઆઈડીસી પોલીસે અકસ્માતના ગણતરીના કલાકોમાં જ બન્ને આરોપીને પકડી પાડ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ બન્ને ઘટના સોમવારે એમઆઈડીસી પોલીસની હદમાં બની હતી. મૃતકોની ઓળખ મરિયમ્મા હરિજન (૬૩) અને અમોલ મગર (૨૪) તરીકે થઈ હતી. પહેલી ઘટનામાં મરિયમ્મા સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ મહાકાલી કેવ્ઝ રોડ પરના ચકાલા સિગ્નલથી સાઠે ચોક તરફ રસ્તો ઓળંગી રહી હતી. તે સમયે પૂરપાટ વેગે આવેલા ડમ્પરે મરિયમ્માને અડફેટે લીધી હતી. ડમ્પરની ટક્કરને કારણે મરિયમ્મા રસ્તા પર પટકાઈ હતી અને તેના માથામાં ગંભીર ઇજા થઈ હતી. એ જ દિવસે હિટ ઍન્ડ રનની બીજી ઘટના જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ પરના વેદાંત પેટ્રોલ પમ્પ નજીક બની હતી. સાંજે ચાર વાગ્યાની આસપાસ અમોલ ચાલતો ઘરે જઈ રહ્યો હતો ત્યારે પાછળથી આવેલા ટેમ્પોએ તેને અડફેટે લીધો હતો. ઘટનામાં અમોલ ગંભીર રીતે ઘવાયો હતો, જ્યાર ટેમ્પો ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ■

પરદેશ પાર્સલ સેવા Sp. Festival Rates
CHIPS® LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER
UK 21+ 350/-
USA 21+ 550/-
M.76000 65632
M.76008 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

# મહાભારતના ‘કર્ણ’ પંકજ ધીરનું નિધન

મુંબઈ: ટીવી ઇતિહાસની લોકપ્રિય સીરિયલ ‘મહાભારત’માં કર્ણની ભૂમિકા ભજવીને ઘર-ઘરમાં નામના મેળવનાર અભિનેતા પંકજ ધીરનું નિધન થયું છે. આ દુઃખદ સમાચારની પુષ્ટિ તેમના કો-એક્ટર ફિરોઝ ખાને પોતાની સોશિયલ મીડિયા પેજ પર કરી હતી, ફિરોઝ ખાને ‘મહાભારત’માં અર્જુનની ભૂમિકા ભજવી હતી. પંકજ ધીરનું નિધન બુધવારે સવારે ૧૧:૩૦ વાગ્યે થયું. તેઓ લાંબા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. થોડા મહિનાઓ પહેલા તેના કેન્સરે ફરી ઉથલો માર્યો હતો. જેના કારણે તેમની તબિયત ખૂબ ખરાબ થઈ હતી. આ બીમારીની સારવાર માટે તેણે એક મોટી સર્જરી પણ કરાવી હતી, પરંતુ આખરે તે આ લડાઈ હારી ગયા. ■

દેશ પરદેશમાં લઇ જવા માટે
બદામ પિસ્તા મસાલાથી ભરપૂર
આઈસ હલવો મળશે.


અંજીર હલવો | સેન્ડવીચ હલવો
91678 99501
zomato SWIGGY
www.mmmithaiwala.in
MM MITHAIWALA
Opp. Rly. Stn., Malad (W)
Tel.: 2889 9501

Welcome at our New Location
HGS SINCE 1977
Hema GOLD & SILVER Hitesh Shah - 9867354221

Corporate Gift Articles • Gold & Silver Coins/Bar • 92.5 Silver Jewellery • We Customise Silver Coins
Shop no. 6, Princess St, 36 Saraf Mansion, Opp. Rajkot Nagrik Bank, Mumbai-2. Mobile- 9867585211. Tel. 22003119 / 22013813

ARRIVAL OF FRESH STOCKS FOR DIWALI SHOPPING
LINEN SHIRTS & TROUSERS,
PLATINIA 100% COTTON SHIRTS
(PLAIN, STRIPS, CHECKS & PRINTED),
FORMAL SHIRTS
(PLAINS, STRIPES & CHECKS),
CASUAL SHIRTS
(PRINTED, PLAINS & CHECKS),
COTTON TROUSERS,
FORMAL TROUSERS,
JEANS,
T-SHIRTS,
KURTA PYJAMAS
25% & MORE DISCOUNTS AVAILABLE ON PURCHASES OF MORE THAN 3 PCS
CAMBRIDGE®
COLABA
Kartar Bhavan, Opp. H.P. Petrol Pump,
S.B.S. Road,Near Electric House,
Colaba, Mumbai - 400 005
Tel : 9619040470 / 9867343234

KOREA TOURISM ORGANIZATION | Imagine your Korea
Experience the Beauty of Korea, the home of K-Beauty
Holiday with India's Favourite Travel Partner

Gyeongbokgung Palace, Seoul
સિઓલની આઈકોનિક કે-બ્યુટી સ્ટ્રીટ, મ્યોંગડોંગનું અન્વેષણ કરો

એસઓટીસી એક્સક્લુઝિવ્સ
ગ્રુપ હોલિડેઝ પર પ્રતિ કપલ ₹ 50 000.00 સુધીની છૂટ મેળવો | કસ્ટમાઈઝ્ડ હોલીડેઝ પર 5% સુધીની છૂટ મેળવો | ₹ 15 000.00 સુધીની છૂટ મેળવો એચડીએફસી બેંક ક્રેડિટ કાર્ડ અને ક્રેડિટ કાર્ડની સરળ ઈએમઆઈ પર
કે-બ્યુટી સ્પેશિયલ - એસ્કોર્ટેડ ગ્રુપ હોલિડેઝ (હવાઈભાડા સાથે)
5-દિવસ કોરિયાની ગ્રાન્ડ ટૂર સિઓલ ₹ 2 03 921.00
8-દિવસ જેજુ આઈલેન્ડ સાથે કોરિયા સિઓલ અને જેજુ આઈલેન્ડ ₹ 3 08 514.00
કે-બ્યુટી સ્પેશિયલ - કસ્ટમાઈઝ્ડ હોલીડેઝ (હવાઈભાડા વિના)
5-દિવસ સીનિક સાઉથ કોરિયા જેઓંજુ, યેસુ અને જેજુ આઈલેન્ડ ₹ 1 39 500.00
સમાવેશ થાય છે: રહેવાની વ્યવસ્થા, વિઝા ફી, પ્રવાસ કાર્યક્રમ મુજબ જોવાલાયક સ્થળો અને ભોજન.
Call: 1800 209 3344
sotc.in
HDFC BANK
FESTIVE TREATS Up to ₹15,000 instant discount* with Credit Cards and EASYEMI of Credit Cards#
SOTC For Holidays.
HOLIDAYS • INCENTIVE TRAVEL • BUSINESS TRAVEL • VISAS • TRAVEL RELATED SERVICES
Call: Colaba: 8291282594, Opera House: 8291274584, Dadar: 9619445249, Andheri: 8291295016, Kandivali: 8291291435, Kandivali (E): 9619202431, Powai: 9619928173. Chembur: 8291204018, Thane: 8291279504, Vashi: 8291278907, Kharghar: 8291284358
*શરતો લાગુ. લાગુ પડતા કર. ઉલ્લેખિત કિંમતો એક્સ-મુંબઈથી સુધીની છે (ફક્ત ફ્લાઇટ સહિત પેકેજો માટે, સિવાય કે અન્યથા ઉલ્લેખિત હોય) અને પુખ્ત વયના લોકો માટે ડબલ શેરિંગ ધોરણે લાગુ પડે છે. વિનિમય દર 1 USD = INR 91.37 ના દરે ગણવામાં આવે છે અને ચુકવણીના દિવસે તે અલગ હશે. એસઓટીસી ઉત્પાદનો/ટ્રિપ્સમાં ચોક્કસ પ્રકારની સેવાઓ પૂરી પાડવા માટે તૃતીય પક્ષ સેવા પ્રદાતાઓની સેવાઓનો ઉપયોગ કરે છે. બજારની સ્થિતિ અને વર્તમાન વિનિમય દરોના આધારે અંતિમ કિંમતો અને ઑફર્સ/સેવાઓની ઉપલબ્ધતા બદલાઈ શકે છે. બુકિંગ કરતા પહેલા કૃપા કરીને અમારા સેલ્સ સ્ટાફ/sotc.in/apps સાથે સંબંધિત વિગતોની પુષ્ટિ કરો.

ધન તેરસે
લાવો ઘરે સોનાની શુભતા, સમૃદ્ધિ અને તેજ !
S.Girdharlal Adenwala Jewellers

દરેક આંખને મોહિત કરતું આ સીઝનનું શ્રેષ્ઠ
બ્રાઈડલ કલેક્શન
હાફ સેટસ્ | ફુલ સેટસ્ | બ્રેસલેટસ | પેન્ટન્ડસ | બેંગલ્સ | ચેઈન
Hall Mark Gold Jewellery
FVVS Certified Diamond Jewellery
ઓલ્ડ ગોલ્ડ એક્સચેંજ
કોઈપણ જ્વેલર્સ પાસેથી આપે ખરીદેલા જુનાં સોનાના દાગીનાની પુરેપુરી કિંમત મેળવો
ઉપરાંત હીરાના દાગીનાની ખરીદી ઉપર
100% મજૂરી ફ્રી
ધનતેરસ નિમિત્તે ગોલ્ડ અને સિલ્વર બાર ઉપલબ્ધ છે.
SGA S. Girdharlal Adenwala
SCAN FOR MORE DETAILS @SGADENWALAJEWELLERS
Arihant Apt., Near irla Nursing Home, S.V. Road., Vile Parle (W), Mumbai - 56. Ph : 75061 11918
www. sgajewels.com
ALL DAYS OPEN
On Dhanteras Day showroom will open at 8.00 am
Valet Parking Available

છેલ્લા પાનાનું ચાલુ

## દિવાળીની ખરીદી માટે

માટે બજારમાં આવે છે. ત્યારે કેટલાક નેટીઝન્સે પરિસ્થિતિની ટીકા કરી હતી અને ફેરિયાઓના વધુ સારા સંચાલન અને નિયમનની હાકલ કરી હતી. કેટલાક લોકોએ કહ્યું કે વધતી જતી ભીડ અને ટ્રાફિકની અવ્યવસ્થાને કારણે સ્થાનિક લોકો, ખાસ કરીને દાદરમાં નિયમિતપણે મુસાફરી કરતા લોકો માટે રોજિંદું જીવન અસહ્ય બની ગયું છે. ''રસ્તાઓ ખૂબ સાંકડા છે, ફેરિયાઓ જગ્યા રોકે છે અને વાહનો તેમાં વધારો કરે છે. આ ભીડ રહેવાસીઓ માટે દુઃસ્વપન બની ગઈ છે,'' એક યુઝરે ટિપ્પણી કરી.

જોકે, બધાએ ટીકા કરી નહોતી. કેટલાક લોકો આ ધમધમતા બજારને મુંબઈના ઉત્સવનું પ્રતીક માને છે. ''આ ભીડ જોવી એ પોતાનામાં જ એક આનંદ છે,'' એક વ્યક્તિએ ટિપ્પણી કરી, જ્યારે અન્ય લોકોએ દાદરના દિવાળીના જીવંત વાતાવરણનો ગર્વ વ્યક્ત કર્યો.

ઘણા લોકોએ નાગરિકોને તહેવારોની મોસમ દરમિયાન સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરવા અપીલ કરી. છતાં, આવી ભીડવાળી બજારોમાં નાગરિકોની સલામતી અને સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. તહેવારોમાં ભીડ વધવાની ધારણા છે, ત્યારે નાગરિકો આશા રાખી રહ્યા છે કે અધિકારીઓ ભીડનું સંચાલન કરવા, ગેરકાયદેસર પાર્કિંગને નિયંત્રિત કરવા અને તહેવારોની ખરીદીના દિવસોમાં કોઈપણ અનિચ્છનીય ઘટનાઓને રોકવા માટે પ્રયત્ન કરશે.

## ઘાટકોપરમાં ધોળેદહાડે ઝવેરી

લૂંટારા શસ્ત્રો સાથે ઝવેરીની દુકાનમાં ઘૂસ્યા હતા, જ્યારે તેમનો સાથીદાર નજર રાખવા માટે બહાર ઊભો રહ્યો હતો.

લૂંટારાએ ઝવેરી દર્શન મેટકરીને શસ્ત્રની ધાક દાખવીને દુકાનમાંથી ઘરેણાં લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ઝવેરીએ પ્રતિકાર કરતાં લૂંટારાએ તેના પર શસ્ત્રથી હુમલો કર્યો હતો. ત્યાર બાદ તેઓ રિવોલ્વરની ધાકે દુકાનમાંથી ત્રણ લાખ રૂપિયાના ઘરેણાં લૂંટી ત્યાંથી ફરાર થયા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન બનાવની જાણ થતાં ઘાટકોપર પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લૂંટારુઓએ કરેલા હુમલામાં ઘવાયેલા ઝવેરીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોઇ પોલીસે ઘટનાસ્થળે પંચનામું કરીને દુકાનમાંના તથા પરિસરમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ માટે તાબામાં લીધા હતા. આ ઘટના બાદ ઘાટકોપર પોલીસે ગુનો દાખલ કરી બે આરોપીઓની ધરપકડ કરી હતી.

## ગોરેગામના ફ્લેટમાં આગ

બ્રિગેડના જવાનો વૉટર ટૅન્કર સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. લગભગ કલાકની જહેમત બાદ આગ પૂર્ણપણે બુઝાવાઈ હતી.

આગને કારણે ફ્લૅટમાં ધુમાડો ફેલાઈ ગયો હતો, જેને કારણે ફ્લૅટમાં હાજર રમીલા શાહ (૬૫) અને કુણાલ શાહ (૪૦)ને શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી.

ગૂંગળામણને કારણે બન્નેનાં સ્વાસ્થ્ય બગડ્યાં હતાં. સારવાર માટે તેમને કોકિલાબેન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. બન્નેનાં સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ફ્લૅટના બેડરૂમમાં ઈલેક્ટ્રિક વાયરિંગમાં આગ લાગી હતી, જેને કારણે ઍર-કન્ડિશનિંગ યુનિટ, લાકડાંના ફર્નિચર, પડદા, પુસ્તકો તેમ જ અન્ય ઘરવખરીને નુકસાન થયું હતું. આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું.

દરમિયાન ક્રાફર્ડ માર્કેટની એક દુકાનમાં મળસકે લાગેલી આગની ચપેટમાં બાજુની દુકાન પણ આવી ગઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ચાર વાગ્યા સુધીમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. આગમાં ઈલેક્ટ્રિક વાયરિંગ, એસી, ટીવી, સીલિંગ ફેન, સીસીટીવી કૅમેરા, લાકડાંનું ફર્નિચર અને પેટ ફૂડ તેમ જ પ્લાસ્ટિક શીટ્સ બળી ગઈ હતી, એમ ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## વસઈ-વિરાર પાલિકાના

સામગ્રી નથી અને ઇડીનો આખો કેસ સંબંધિત આર્કિટેક્ટ્સ અને ડેવલપર્સના નિવેદનો પર આધારિત છે', એમ ખંડપીઠે જણાવ્યું હતું.

૧૩ ઑગસ્ટે ઇડી દ્વારા પવારની ધરપકડ કરવામાં આવી હતી. પવારે આ કેસમાં તેમની ધરપકડ અને વિશેષ કોર્ટ દ્વારા તેમને જુડિશિયલ કસ્ટડીમાં મોકલવાના આદેશને પડકારતી અરજી હાઇ કોર્ટમાં કરી હતી. હાઇ કોર્ટે બુધવારે વિશેષ કોર્ટના આદેશને પણ રદ કર્યો હતો.

અરજી એ હદે માન્ય રાખવામાં આવી છે કે ૧૩ ઑગસ્ટે અરજદારની કરાયેલી ધરપકડ ગેરકાયદે છે. વિશેષ જજ દ્વારા અપાયેલા આદેશને રદ કરવામાં આવે છે. અરજદારને મુક્ત કરવામાં આવશે, એમ હાઇ કોર્ટે કહ્યું હતું.

આ આદેશ જાહેર કરાયા બાદ ઇડી વતી કોર્ટમાં હાજર એડિશનલ સોલિસિટર જનરલ અનિલ સિંહે સ્ટે માગ્યો હતો, જે હાઇ કોર્ટે નકારી કાઢ્યો હતો.

પવાર પર બિલ્ડર્સ અને ડેવલપર્સ સાથે સાંઠગાંઠનો આરોપ છે, જેના દ્વારા વસઇ-વિરારમાં ૪૧ ગેરકાયદે ઇમારત બાંધવામાં આવી હતી.

દરમિયાન પવાર તથા અન્યો વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જેના આધારે ઇડીએ મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી હતી. (પીટીઆઇ)


મુંબઈ સમાચાર

જો 'મુંબઈ સમાચાર' ન મળતું હોય કે 'મુંબઈ સમાચાર'ને સબ્સ્ક્રાઇબ કરવું હોય તો...
કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરો:
લૅન્ડલાઈન: 022 22045531/33, Ext. 22.
મોબાઈલ: +91 7045430579.
અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar please contact our Circulation Department:
Landline: 022 22045531/33, Ext. 22.
Mobile: +91 7045430579.
We value your readership and are committed to your daily connection.


## ચૂંટણી પંચ પરના વિપક્ષી

નુકસાન પહોંચાડશે. વિપક્ષ પર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ફેક નેરેટિવ સેટ કરવાનો આરોપ લગાવ્યો હતો. વિપક્ષે બુધવારે કહ્યું કે તેઓ તેમના આંદોલનના આગામી તબક્કાની જાહેરાત કરતા પહેલા સત્તાવાર પ્રતિભાવ માટે થોડા દિવસ રાહ જોશે.

આ બધા જ ઘટનાક્રમ પર બોલતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે મતદારોની યાદીમાં કથિત વિસંગતીઓ અંગે સવાલ ઉઠાવવા માટે વિપક્ષ અને ઉચ્ચ ચૂંટણી અધિકારીઓ વચ્ચેની બેઠકો સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા એક ફેક નેરેટિવ સેટ કરવાનો પ્રયાસ હતો અને આ વાતચીતોને ફિયાસ્કો ગણાવી હતી.

સોલાપુરમાં એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ તેમણે કહ્યું હતું કે, 'આ બેઠકો પાલિકાની ચૂંટણીઓ પહેલા એક નેરેટિવ તૈયાર કરવા માટે છે. હાર સ્વીકારવા અને લોકો વચ્ચે જવાને બદલે, વિપક્ષ બંધારણીય સંસ્થાઓ પર હુમલો કરી રહ્યો છે.'

'આ બેઠકોનો ફિયાસ્કો થયો છે કારણ કે વિપક્ષી નેતાઓને ખબર નહોતી કે કયા સવાલો પૂછવા અને કોને પૂછવા. ડુપ્લિકેટ મતદારોના નામો કોઈ નવો મુદ્દો નથી, તેઓ સત્તામાં હતા ત્યારે પણ આ મુદ્દા અસ્તિત્વમાં હતા,' એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે કહ્યું હતું કે મહાયુતિ ગઠબંધન સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં પણ જીતશે કારણ કે 'લોકો અમારી સાથે છે.'

## ભારે વાહનોએ મુંબઈ-અમદાવાદ

થાય એટલે તેની અસર હાઈવે પર વર્તાતી હોય છે. રસ્તાના સમારકામને કારણે ભારે વાહનોને આ માર્ગે આવવા પર મનાઈ કરતી સૂચના જિલ્લાધિકારી કાર્યાલય અને ટ્રાફિક વિભાગ દ્વારા બહાર પાડવામાં આવે છે. એ સિવાય ભારે વાહનો માટે વૈકલ્પિક માર્ગની પણ જાહેરાત કરવામાં આવે છે. આમ છતાં ભારે વાહનો હાઈવે પર આવતાં હોવાને કારણે આ ટ્રાફિકની સમસ્યા વધુ વકરી હોવાનું માનવામાં આવે છે.

કહેવાય છે કે વિરાર ફાટા અને ચિંચોટીથી મોટા પ્રમાણમાં ભારે વાહનો હાઈવે પર આવે છે, જેને કારણે ટ્રાફિક જૅમ થાય છે. બુધવારે પણ મીરા રોડથી છેક વસઈ સુધી વાહનોની લાંબી લાઈનો નજરે પડી હતી. દસથી બાર કલાકે પ્રવાસીઓ તેમના નિયત સ્થાને પહોંચ્યા હતા, એવું વાહનધારકોનું કહેવું છે.

## ડોંબિવલીમાં ભાષાવાદનો ભડકો

મહિલાઓના જૂથે તહેવારો દરમિયાન ફરાળ અને અન્ય વસ્તુઓ વેચવા માટે કલ્યાણ-ડોંબિવલી પાલિકા પાસેથી સત્તાવાર પરવાનગી મેળવી છે. ઘનશ્યામ ગુપ્તે રોડ પર મંગળવારે મહિલાઓ સ્ટોલ લગાવવા માટેની તૈયારીઓ કરવા માટે આવી ત્યારે કેટલાક બિન-મરાઠી વિક્રેતાઓ, જેમણે અગાઉ આ જગ્યા પર કબજો કરી રાખ્યો હતો, તેમણે જગ્યા ખાલી કરવાનો ઇનકાર કરી દીધો હતો. આ બાબતને લઇ ઝઘડો થતાં બંને જૂથો (જેમાં મોટા ભાગે મહિલા હતી) ગાળો ભાંડી એકબીજા પર આરોપ કરવા લાગ્યા હતા. તેમની વચ્ચે ધક્કામુક્કી થતાં બિન-મરાઠી મહિલાએ ગુસ્સામાં પોતાના સંતાન સાથે શરીર પર ડીઝલ નાખી આત્મદહનનો પ્રયાસ કર્યો હતો. એ સમયે ત્યાં હાજર નાગરિકોએ મહિલાને રોકી હતી અને બાદમાં વિષ્ણુનગર પોલીસને તેની જાણ કરી હતી.

દરમિયાન બે જૂથો વચ્ચે થયેલા ઝઘડા બાદ પાલિકાના અધિકારીઓ તેમ જ સ્થાનિક નેતાઓએ મામલો શાંત પાડવા દરમિયાનગીરી કરવી પડી હતી. આ વિસ્તારમાં વધુ કોઇ ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

કલ્યાણ-ડોંબિવલી પાલિકાના અતિક્રમણ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે મરાઠીભાષી વિક્રેતાઓને પાલિકાના અધિકારીઓએ જગ્યા ફાળવી હતી. અમારી સૂચનાઓ છતાં બિન-મરાઠી જૂથે શરૂઆતમા સહકાર આપવાનો ઇનકાર કર્યો હતો. બંને જૂથો સાથે ચર્ચા કર્યા બાદ મામલાને ઉકેલવામાં આવ્યો હતો.

## મતદારોની યાદી 'ખામીયુક્ત'

થોરાતે બુધવારે જણાવ્યું હતું. મતદારોની યાદીમાં કથિત ગેરરીતિઓ અંગે ચિંતા વ્યક્ત કરવા માટે બુધવારે સતત બીજા દિવસે વિપક્ષી નેતાઓના એક પ્રતિનિધિમંડળે રાજ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારે અને મુખ્ય ચૂંટણી અધિકારી એસ ચોકલિંગમની સાથે મુલાકાત કર્યા બાદ પત્રકારો સાથે વાત કરી હતી.

શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરે પણ હાજર હતા. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ આગામી બે મહિનામાં અથવા આવતા વર્ષની શરૂઆતમાં યોજાવાની શક્યતા છે.

જયંત પાટીલે જણાવ્યું હતું કે ઈપીઆઈસી (મતદારોના ફોટો ઓળખ કાર્ડ) અને રાજકીય પક્ષો સાથે શેર કરાયેલી મતદારોની યાદીમાં 'અપૂર્ણ અને ભ્રામક સરનામા' યોગ્ય પ્રક્રિયાના ગંભીર ઉલ્લંઘનનો સંકેત આપે છે.

'મતદાર યાદીઓ ખૂબ જ ખરાબ અને ખામીયુક્ત છે. ઘણા કિસ્સાઓમાં, આપેલા સરનામાં કાં તો ખોટા હતા અથવા મતદારો હવે ત્યાં રહેતા નહોતા. અમે સીઈઓ અને એસઈસીને ચોક્કસ ઉદાહરણો બતાવ્યા હતા,' એમ તેમણે કહ્યું હતું.

## ભૂપતિની શરણાગતિ

જણાવ્યું હતું કે ભૂપતિ પર છ કરોડ રૂપિયાનું ઇનામ હતું. અધિકારીએ એમ પણ જણાવ્યું હતું કે નક્સલવાદીઓએ તેમના ૫૪ શસ્ત્રો સાથે શરણાગતિ સ્વીકારી હતી, જેમાં સાત એકે-૪૭ અને નવ ઈન્સાસ (આઈએનએસએએસ) રાઇફલનો સમાવેશ થાય છે.

ભૂપતિ ઉર્ફે સોનુ માઓવાદી સંગઠનમાં સૌથી પ્રભાવશાળી રણનીતિકારોમાંના એક માનવામાં આવતા હતા અને મહારાષ્ટ્ર-છત્તીસગઢ સરહદ પર લાંબા સમયથી પ્લાટૂનની કામગીરીનું નિરીક્ષણ કરતા હતા.

ફડણવીસે કહ્યું હતું કે મુઠ્ઠીભર નક્સલવાદીઓ બાકી છે અને તેમણે પણ આત્મસમર્પણ કરવું જોઈએ અથવા પોલીસ કાર્યવાહીનો સામનો કરવો જોઈએ.

તેમણે એવો સંતોષ વ્યક્ત કર્યો હતો કે ગઢચિરોલી દેશમાં નક્સલવાદ સામેની લડાઈનું નેતૃત્વ કરી રહ્યું છે.

ગઢચિરોલીના અહેરી અને સિરોંચામાં નક્સલવાદી ચળવળને ઉભું કરનારા અને છ કરોડ રૂપિયાનું ઇનામ ધરાવતા ભૂપતિ અને ૬૦ સાથીઓની શરણાગતિ એક મોટી ઘટના છે, એમ ફડણવીસે કહ્યું હતું.

નક્સલવાદીઓએ જાણવું જોઈએ કે તેઓ વૈચારિક યુદ્ધ હારી ગયા છે, અને સમાનતા અને ન્યાય ફક્ત મુખ્ય પ્રવાહમાં જોડાવા અને ભારતીય બંધારણનું પાલન કરીને જ પ્રાપ્ત કરી શકાય છે, એમ તેમણે કહ્યું.

છત્તીસગઢમાં રહેલા બાકીના કાર્યકરો પણ સમજી ગયા છે કે તેઓ વૈચારિક યુદ્ધ હારી ગયા છે અને તેઓ જે સપનાઓનો પીછો કરી રહ્યા હતા તે ખોટા હતા. તેમણે કહ્યું કે તેઓ સમજી ગયા છે કે ફક્ત ભારતીય બંધારણ જ તેમને ન્યાય આપી શકે છે.

ફડણવીસે કહ્યું કે તેમનું માનવું છે કે આગામી દિવસોમાં, છત્તીસગઢ અને તેલંગાણામાં પણ ૧૦૦ થી વધુ કાર્યકરો શરણાગતિ સ્વીકારશે, અને કહેવાતા 'લાલ કોરિડોર'માં નક્સલવાદનો અંત આવશે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, 'મારા માટે ગર્વની ક્ષણ છે કે તેની શરૂઆત ગઢચિરોલી અને મહારાષ્ટ્રથી થઈ છે.'

તેમણે એવી ખાતરી આપી હતી કે જેમણે શરણાગતિ સ્વીકારી છે તેમનું સન્માન સાથે પુનર્વસન કરવામાં આવશે.

છેલ્લા ૧૦ વર્ષોમાં, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે સુનિશ્ચિત કર્યું છે કે વહીવટ અને વિકાસ સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે અને નક્સલવાદીઓને ફક્ત બે જ વિકલ્પો આપ્યા છે, કાં તો શરણાગતિ સ્વીકારો અને મુખ્ય પ્રવાહમાં જોડાઓ અથવા પરિણામોનો સામનો કરો, તેમણે કહ્યું. (પીટીઆઈ)

## 'ભૂપતિ'ના શરણાગતિની ઈન્સાઈડ સ્ટોરી

એક મહિના સુધી ચાલેલી તંગદિલીભરી, પાછળની વાટાઘાટોના પરિણામે મલ્લોજુલા વેણુગોપાલ રાવ ઉર્ફે 'ભૂપતિ'ની શરણાગતિ થઈ હતી, જે એક મુખ્ય વ્યૂહરચનાકાર હતા, જેમણે પ્રતિબંધિત પીપલ્સ વોર ગ્રુપના સ્થાપક સભ્ય તરીકે દાયકાઓ સુધી મહારાષ્ટ્ર-છત્તીસગઢ સરહદ પર માઓવાદી ચળવળ ફેલાવવામાં મદદ કરી હતી.

છ કરોડ રૂપિયાના મોટા ઇનામ સાથે, તેમના જીવનને બે દિવસ પહેલા સુધી સશસ્ત્ર સંઘર્ષ દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યું હતું, જ્યારે ૬૯ વર્ષીય સેન્ટ્રલ કમિટી અને પોલિટબ્યુરોના સભ્યે ૬૦ સાથી સાથે જંગલમાંથી બહાર નીકળીને ગઢચિરોલી પોલીસની કસ્ટડી સ્વીકારી હતી.

આ વર્ષની શરૂઆતમાં જ તેમની પત્ની તારક્કાએ શરણાગતિ સ્વીકારી લીધી હોવાથી ભૂપતિના હૃદય અને વિચારધારામાં પરિવર્તનના પૂરતા સંકેતો જોવા મળ્યા હતા, કારણ કે તેઓ નિરાશ થયા હતા અને સશસ્ત્ર સંઘર્ષ આખરે નિષ્ફળ ગયો હોવાની લાગણી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

### કચ્છી ભાટિયા

યશવંતી શાંતિકુમાર વિઠ્ઠલદાસ આશર (જશુબેન) (ઉં.વ. ૯૪) સ્વ. તારાબેન કરસનદાસ સંપટ ખજૂરિયાની પુત્રી. વિનય-શિલ્પા, અમીત-ભાવનાના માતુશ્રી. શોભા અને દર્શનાના ગોડમધર, અવિક અને મીરાના દાદી. સ્વ. માલતીબેન સુમતીભાઈ મહેતા, સ્વ. કિશોરભાઈ તથા અજયભાઈ અને હિમાંશુભાઈના બહેન. મંગળવાર, તા. ૧૪-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૧૦-૨૫ના ૪.૩૦થી ૬.૦૦ તેમના નિવાસસ્થાનઃ બજાજ પર્લ, ૨૮ યુનિયન પાર્ક, ખાર (વેસ્ટ), મુંબઈ-૫૨. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી લોહાણા

દયારામ ચાંપશી વેલજી મૈડેયાર (ઉં.વ. ૮૭) ગામ મોટી વમોટી હાલે ડોમ્બિવલી, તા. ૧૪-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કસ્તુરબેન ચાંપશી મૈડેયારના સુપુત્ર. તે સ્વ. દેવજી ગાંગજી સેજપાલ નલીયાવાળાના જમાઈ. અનુસયાબેનના પતિ. સ્વ. હરીશ, દિનેશ, અશ્વિન, હિતેશના પિતા. મેઘના, ઉર્વશીના સસરા. તે કાજોલ, અનિકેત, જેનિલના દાદા. તેમની પ્રાર્થનાસભા તા. ૧૬-૧૦-૨૫, ગુરુવારે ૪.૩૦થી ૬.૦૦. સ્વામીનારાયણ મંદિર, બીજે માળે, રાજાજીપથ રોડ, ડોમ્બિવલી (ઈસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

### વૈષ્ણવ મોઢ વણિક

મૂળ વતન ચોરવાડ, હાલ તિલકનગર, ચેમ્બુર, હરસુખલાલ પટેલ (ઉં.વ. ૮૬) તા. ૧૩-૧૦-૨૫ના સોમવારે પ્રભુને પ્યારા થયા છે ઈલાબેનના પતિ. અ.સૌ. વિનતા હીરાલાલ પટેલના પુત્ર. સ્વ. અમૃત્તલાલ મણીયાર જામનગર નિવાસીના જમાઈ. પ્રવીણ પટેલ, જ્યોતિઠાર, ચંદ્રિકા પટેલ, હર્ષદા ફોજદાર, રેખા કામદાર, કિશોરી પારેખના મોટાભાઈ. વૈશાલી હિરેન ગાંધી, અર્ચના હેમલ ઠાકોર અને તુષાર પટેલના પિતાશ્રી. સહવાસ બિલ્ડિંગ નં. ૩૪, તિલકનગર, ચેમ્બર. લૌકિક વ્યવહાર તથા સાદડી રાખેલ નથી.

### ઔદિચ્ય ઝાલાવાડી સત્તર તાલુકા બ્રાહ્મણ

ગં.સ્વ. ભાનુબેન જગદીશભાઈ દવે (ઉં.વ. ૮૮) સોમવાર, તા. ૧૩-૧૦-૨૫નાં કૈલાશવાસી થયા છે. તે સ્મિતા, નીતા અને હિમાંશુનાં માતાશ્રી. સુભાષભાઈ, જનકભાઈ અને હેતલના સાસુ. નિમિતનાં દાદી. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૬-૧૦-૨૫નાં ૫થી ૭ નીચેના સ્થળે રાખેલ છે. કલ્પતરુ કલબ હાઉસ, કલ્પતરુ એસ્ટેટ, મજાસ ડેપોની બાજુમાં, જે.વી.એલ.આર, જોગેશ્વરી (ઈસ્ટ).

### અનાવિલ બ્રાહ્મણ

ગં.સ્વ. ભાનુમતિ રમેશચંદ્ર દેસાઈ (ઉં.વ. ૮૦) હાલ બોરીવલી તા. ૧૪-૧૦-૨૫ના સ્વર્ગવાસી થયા છે. તે સ્વ. સુકેતુ અને ચિ. હિરેનના માતુશ્રી. ગં.સ્વ. શિલ્પા અને અ.સૌ. નેહાના સાસુજી. દિનકરભાઈ, રોહિતભાઈ, ભરતભાઈના બહેન. અ.સૌ. ઈલાબેન, શીલાબેન, રશ્મિબેનના નણંદ. ચિ. રૂષી અને હર્ષના દાદી. સદ્ગતનું સયુક્ત બેસણું ગુરુવાર, તા. ૧૬-૧૦-૨૫ના ૩.૦૦થી ૫.૦૦. બીએપીએચ હોલ, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત ખાતે રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)

### હાલાઈ ભાટિયા

ગં.સ્વ. તારાબેન દુષ્યંત સંપટ (ઉં.વ. ૮૯) (મલ્લ) તે સ્વ. લીલાબાઈ નારણદાસના પુત્રવધૂ. મોતીબાઈ માવજી આટાવાલાના પુત્રી. સૌ. ભૈરવી દીપક ઉદેશીના માતુશ્રી. સ્વ. કલ્પના કિશોર સંપટના દેરાણી. સ્વ. તુલસીદાસ, નવીનચંદ્ર અને ભરતભાઈના બહેન. સ્વ. ધીરેન, સૌ. અલ્પના ઉદેશી તથા મયૂરના કાકી તા. ૧૫-૧૦-૨૫, બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૭-૧૦-૨૫ના ભાટિયા ભાગીરથી, દાદીશેઠ અગીયારી લેન, મુંબઈ-૪૦૦૦૦૨. ૫.૦૦થી ૬.૩૦. (લૌકિક વ્યવહાર બંધ છે.)

### કચ્છી સારસ્વત બ્રાહ્મણ

જોશી ભરત ખીંયરા (ઉં.વ. ૬૭) કચ્છ ગામ વરલી હાલે મુલુંડ તે સ્વ. નિર્મળાબેન ખરાશંકર રામજી ખીંયરાના પુત્ર. ભાવનાબેનના પતિ. કંદર્પ તથા પાર્થના પિતા. કવિતા અને આકાંક્ષાના સસરા. વીણાબેન નીતિનભાઈ પાંધી તથા પ્રજ્ઞાબેન દીપકભાઈ ભટ્ટના ભાઈ. સ્વ. ઉર્મિલાબેન વિશનજીભાઈ બોડા ભૂજવાળાના જમાઈ તા. ૧૨-૧૦-૨૫ના રોજ દુબઈ (યુએઈ) હરી ઓમ શરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૧૦-૨૫, ગુરુવારના ૫થી ૭. સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

### બીરપુર દશાનિમા વણિક

બીરપુર નિવાસી, હાલ કાંદિવલી સ્વ. કુસુમબેન ચતુરલાલ સૂરાના પુત્ર શ્રી કિરણભાઈ (ઉં.વ. ૬૯) તા. ૧૩-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સંગીતાબેનના પતિ. અમિત જીગરના પિતા. સમીરભાઈ તથા છાયાબેનના ભાઈ. હીરલ તથા સંધ્યાના સસરા. તીર્થ મનન પાર્થના દાદા. તેમનું બેસણું તા. ૧૬-૧૦-૨૫ના ગુરુવારે ૫થી ૭. ક્રિયાપાણી કાંદિવલી નિવાસસ્થાને રાખેલ છે. લોટ્સ હોલ, ૪થે માળે, રઘુલીલા મેગા મોલ, પોઈસર બસ ડેપો, કાંદિવલી (વેસ્ટ).

### લુહાર સુથાર

સ્વ. નર્મદાબેન નાગજીભાઈ મકવાણા (ઉં.વ. ૯૪) તા. ૧૪-૧૦-૨૫, ગામ-સાવરકુંડલા, હાલ-ભાયંદર, સ્વર્ગવાસ પામેલ છે.તે ચાંદગઢવાળા વિરજીભાઈ ભૂરાભાઈ ડોડિયાના દીકરી. તે સ્વ. નાગજીભાઈ મકવાણાના પત્ની. તે રમેશભાઈ બાવચંદભાઈ વાઘેલા તથા કેશુભાઈ મગનભાઈ ડોડિયાના સાસુ. તે હીરાબેન, મહેન્દ્રભાઈ, રંજનબેન, હરેન્દ્રભાઈ, હસમુખભાઈ, ભરતભાઈના માતુશ્રી. ચેતનાબેન, જ્યોત્સનાબેનના સાસુ. તેમનું બેસણું તા. ૧૭-૧૦-૨૫, શુક્રવારે ૫.૦૦થી ૭.૦૦. સ્થળઃ ઠક્કાઈ ભાટિયા હોલ, હોલ નં. ૦૪, એસ.વી. રોડ, કાંદિવલી (વે).

### પરજીયા સોની

આશોદર નિવાસી હાલ જોગેશ્વરી, શારદાબેન ધકાણ (ઉં.વ. ૮૪) તા. ૧૪/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સોની જમનાદાસ વિઠ્ઠલદાસ ધકાણના ધર્મપત્ની. રસીલાબેન મુકેશભાઈ સલ્લા તથા હર્ષાબેન

## જૈન મરણ

બોરસદ નિવાસી હાલ મુંબઈ, સ્વ. રસિકલાલ શાંતીલાલ શાહના ધર્મપત્ની ઊર્મિલાબેન શાહ (ઉં.વ. ૮૧) તા. ૧૧/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વૈશાલી, જીગ્નેશ અને જીતાના માતા. વિકાસભાઈ, ભક્તિબેન અને તુષારભાઈના સાસુ. શલાકા અને દેવાંશીના નાની. મિતાંશના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### વિશા શ્રીમાળી પાટણ જૈન

પોળની શેરી (ફોફલીયો વાડો) હાલ તાડદેવ, પ્રવીણભાઈ શાહ (ઉં.વ. ૮૪) સ્વ. હીરાબેન નેમચંદ શાહના સુપુત્ર. તે સ્વ. પ્રવીણાબેનના પતિ. સ્વ. ખૂબચંદ વીરચંદ શાહના (ડીસા) જમાઈ. સંજયભાઈ તથા દિપ્તીબેનના પિતા. સ્નેહાબેન તથા અમિતભાઈના સસરા. સ્વ. હસમુખભાઈ, પંકજભાઈ, સ્વ. ઉર્મિલાબેન અને અરુણાબેનના ભાઈ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

સાવરકુંડલા નિવાસી હાલ કાંદિવલી સ્વ. દિવાળીબેન રુગનાથભાઈ તારાચંદભાઈ દોશીના સુપુત્ર. જયંતીલાલ દોશી (ઉં.વ. ૮૮) સોમવાર, તા. ૧૩-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અ.સૌ. સ્વ. જ્યોતિબેનના પતિ. વિજય રેણુકા, પ્રજય પ્રીતિ, દક્ષા (પૂનમ) ભાવિકકુમાર કામદાર, પ્રવિણા અનિલકુમાર ખીમાણી, પારુલ મુકેશકુમાર મિયાણી, બીના ભાવેશકુમાર વોરાના પિતા. પીપળવા નિવાસી સ્વ. અંજવાળીબેન ટપુલાલ મેહતાના જમાઈ. જાગવી, કેરન, ક્રિશા, ફોરમ, ધવલ, રોનક, સ્વ. દિપાલી, ખુશ્બૂ, રૂષભ, વરુણ, ઈશિતા રિદિત, વેદના દાદા. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૭-૧૦-૨૫ના ૧૦.૦૦થી ૧૨.૦૦. વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ડાયમંડ ટોકિઝની સામે, બોરીવલી (વેસ્ટ). (સફેદ કપડા પહેરવા નહીં.)

### વાગડ વિ.ઓ. જૈન

ગામ લાકડીયા ઘાટકોપરના સ્વ. જીવરાજ ખીમજી ભોજા ફુરિયા (ઉં.વ. ૯૨) સોમવાર, તા. ૧૩-૧૦-૨૫ના અવસાન પામેલ છે. રાજીબેન/ડાઈબેન ખીમજી ભોજાના સુપુત્ર. લખમીના પતિ. બાબુલાલ, પાર્વતી, શાંતિ, ગુણી, અરુણા, પૂ.પાત્રતાબાઈ મહા.ના પિતાશ્રી. ભારતી, અમરશી, આશધીર, પ્રેમજી, વેલજી, રસિક નિસર, પ્રેમજીના સસરા. પુરીબેન/ભમીબેન માડણ કુંભા રીટાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠેઃ ૬૦૪, રતનભવન નં. ૧, ગાર્ડન લેન, શ્રેયસ ટોકિઝ પાસે, ઘાટકોપર (વેસ્ટ).

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

જેસર નિવાસી હાલ કાંદિવલી, શાંતિલાલ કપૂરચંદ મહેતા (ઉં.વ. ૮૩) તા. ૧૪/૧૦/૨૫ના અવસાન પામ્યા છે. તે સ્વ. કમળાબેનના પતિ. સ્વ. રસિકલાલ તથા જયસુખભાઇ, સવિતાબેન રમણીકલાલ શાહ, જયાબેન બાબુલાલ કનાડીયા, કુસુમબેન મનસુખલાલ શાહના ભાઈ. ચેતનાબેન નિલેષકુમાર ગાંધી, અલકા જયેશ મહેતા, હિના કેતન દોશી, અમી મિલન દિયોરા, સોનલ નિતેશ પારેખ, રાજુલ હિરેન લાખાણી, તથા અર્પણના પિતા. ભવ્યાના સસરા, સાસરાપક્ષે ચુનીલાલ ગોરધંદાસ શાહ ટાણાંવાળાના જમાઈ. બી- ૨ મોણીશ્રી એપાર્ટમેન્ટ, ડોમિનિક કોલોની, ઓરલેમ, મલાડ વેસ્ટ.

### ઘોઘારી દશા શ્રીમાળી જૈન

મહુવા નિવાસી હાલ બોરીવલી, પન્નાબેન મહેતા (ઉં.વ. ૭૧) તા. ૧૪/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દિપક રણછોડદાસ મહેતાના ધર્મપત્ની. નીરવ, હિરલના માતુશ્રી. અવની, તપનના સાસુ. દહાણુ નિવાસી સ્વ. ગજરાબેન મોંહનલાલ શાહની સુપુત્રી. સ્વ. રાજેન્દ્રભાઇ, સ્વ. જયશ્રીબેન તથા નરેન્દ્રભાઈ, હેમુબેનના બેન. કૌશિકા, દક્ષાના નણંદ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

### દશા શ્રીમાળી સ્થા. જૈન

મોટી કુંકાવાવ નિવાસી હાલ અંધેરી, ગં. સ્વ. ધનલક્ષ્મીબેન કામદાર (ઉં.વ. ૮૬) તા. ૧૨/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મનસુખલાલ બાપાલાલ કામદારના પત્ની. હિતેશ, મનોજ, લીના અને મયુરીના માતુશ્રી. નીતા, અલ્પેશકુમાર દોશી અને દિલીપભાઈ ઘેલાણીના સાસુ. વૃજકુંવરબેન મેઘજીભાઈ બદાણીના દીકરી. સ્વ. છોટાલાલભાઈ, સ્વ. જયંતીલાલ, સ્વ. કિશોરભાઈ, સ્વ. મંજુલાબેન ઘેલાણી અને સ્વ. વીલાસબેનના ભાભી. સ્વ. ભુપેન્દ્રભાઈ, સ્વ. નવીનભાઈ બદાણી અને વીણાલક્ષ્મીબેન દેસાઈના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર ની પ્રથા છે. ૬૦૧ બી, કોનકોર્ડ, લોખંડવાલા કોમ્પ્લેક્સ, અંધેરી વેસ્ટ.

### ઘોઘારી દશાશ્રીમાળી વણિક જૈન

તળાજા નિવાસી હાલ બોરીવલી, કનૈયાલાલ ફાફડિયા (કનુભાઈ) (ઉં.વ. ૮૨) તા. ૧૪/૧૦/૨૫ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હીરાબેન હીનતલાલ ફાફડિયાના પુત્ર. પન્નાબેનના પતિ. સ્વાતિ, નીતિ, ઋષભ, મિતાલીના પિતા. વિપુલભાઈ, નિમેષભાઈ, વિરલભાઈ, પાયલબેનના સસરા. સ્વ. ભુપતભાઇ, રમેશભાઈ, સુરેશભાઈ, સ્વ. ગુણવંતીબેન, ગં. સ્વ. ઉર્મિલાબેન, જસવંતીબેન, લત્તાબેનના ભાઈ. ભગવાનદાસ જમનાદાસ ભગત ભાવનગરવાળાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૬/૧૦/૨૫ ગુરુવારના ૩ થી ૫. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન, શ્રાવક સંઘ, એલ. ટી. રોડ., ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

### સોરઠ વિશાશ્રીમાળી જૈન

મજેવડી નિવાસી હાલ મુંબઈ, શરદચંદ્ર મહેતા (ઉં.વ. ૮૬) તા. ૧૪/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. તારાચંદ

ભાસ્કરભાઈ વાયા, જીગ્નેશના માતુશ્રી. સ્વ. કાનજીભાઈ હરસુરભાઇ થડેશ્વર ચાવડવાળાના દીકરી. લૌકિક પ્રથા બંધ છે.

### વડનગર નાગર

હાલ મુંબઈ, રાજેન્દ્ર ગુણવંતરાય ઝાલા (રાજેનભાઈ) (ઉં.વ. ૭૮) તા. ૧૪-૧૦-૨૫ના અવસાન થયું છે. રોહિણીબેનના પતિ. અંકિત ઝાલા, ખંજન માંકડના પિતાશ્રી. ચિત્રા ઝાલા અને પાર્થ માંકડના સસરા. નિવાસ સ્થાન : બી-૨૦૧, રૂબી એપાર્ટમેન્ટ, જૈન દેરાસર સામે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

### કચ્છી લોહાણા

ગામ ટપ્પર-કચ્છ હાલ મુલુંડ, પિતામ્બર ભલ્લા (ઠક્કર) (ઉં.વ. ૯૦) તા. ૧૪-૧૦-૨૫ના અવસાન થયું છે. તે સ્વ. લીલાવતીબેન શિવજી રામજી ભલ્લાના પુત્ર. શારદાબેનના પતિ. છાયાબેન મોહનલાલ રૂપારેલના મોટાભાઈ. સ્વ. વેલબાઈ શિવજી રણછોડદાસ હમનાઈના જમાઈ. સંજય તથા સ્વ. વિજયના પિતા. હેમા સંજય ભલ્લા (ઠક્કર), સ્મિતા વિજય ભલ્લા (ઠક્કર)ના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

બેહરામ પીરોજશા વાચ્છા તે મરહૂમ ફ્રેનીના ધની. તે મરહૂમો આલુ પીરોજશા વાચ્છાના દીકરા. તે અદીલ ને પરવીનના પપ્પા. તે પરીઝાદ ને પરવેઝના સસરા. તે ફ્રેની મરચંટના ભાઈ. તે ક્રિયાના બપાવાજી. (ઉં.વ. ૮૩) રે.ઠે.: ૦/૩, શાપુર, ભરુચા બાગ, ફ્લેટ નં. ૦૩, પહેલે માળે, લલ્લુભાઈ પાર્ક રોડ, અંધેરી (વેસ્ટ). મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૧૦-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે. અંધેરી સાલસેથ અગ્યારીમાં છેજી.

પરવીન સારસ ગઝદર તે સાઈરસના ધન્યાની. તે મરહૂમો જરબાનું અસ્પનદીયાર ઈરાનીના દીકરી. તે અનાહીતાના માતાજી. તે બેહરામના સાસુજી. તે ખોરશેદ, ડોલી, સાઈરસ, ગુલીસતાન, ફરેદુન તથા મરહૂમો શીરીન, બાનું, રુસી, ખુશરુ, પરવેઝ, કેતી, રુબીના બહેન. તે યોહાન ને ઝેહાનના મમઈ. (ઉં.વ. ૭૧) રે.ઠે.: પીતીત બિલ્ડિંગ, બ્લોક નં. ૫, બીજે માળે, બાલારામ સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૧૦-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે. મેહલ્લા પટેલ અગ્યારીમાં છેજી.

ધનજીભાઈ મહેતાના પુત્ર. સ્વ. લત્તાબેનના પતિ. સંજય, કલ્પનાના પિતા. લીના અને બકુલભાઈના સસરા. મનન -રેહા, પ્રાચી - રાજ - રીઆન ગોસલીયા, વેદાંત અને ધીયાંના દાદા - નાના. વૃજલાલ દામોદર મહેતાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઝાલાવાડી વિશા સ્થા. જૈન

લીંબડી નિવાસી હાલ મલાડ, અ. સૌ. વીણા અતુલ સખીદા (ઉં.વ. ૭૦) તા. ૧૦/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રંભાબેન પ્રાણલાલ સખીદાના પુત્રવધૂ. અતુલ સખીદાના ધર્મપત્ની. સ્વ. રસીલાબેન. ગં. સ્વ. મૃદુલાબેન, સ્વ. જ્યોત્સનાબેન -જીતેન્દ્રભાઈના ભાભી. સરોજબેનના દેરાણી. વૈશાલી, કિંજલ, રવીના માતા. રક્ષિત, મિનેશ, હેતલના સાસુ. રાશી, દિશા, નંદિકા, અયાન, પલાશ, કિઆરાના દાદી - નાની. બોડી -પીપરડી હાલ બોરીવલી, સ્વ. સવિતાબેન કેશવલાલ શાહના પુત્રી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ભેસાણ રાણપુર નિવાસી, હાલ મીરા રોડ, સ્વ. મનસુખભાઈ અભેચંદ હેમાણીના પુત્રવધૂ ભાનુબેન તે સ્વ. કિશોરભાઈ હેમાણીના પત્ની (ઉં.વ. ૮૦) તે જાસ્મીન સંદીપ દેસાઈ, નેહા વિપુલ શાહ, કાજલ રોહિત ગાંધીના માતા. ખ્યાતિ, સ્તુતિ, યસ, હર્ષના નાની. પિયરપક્ષે કંચનબેન નાગરદાસ દેસાઈની પુત્રી. કનુભાઈ, ભૂપતભાઇ, ભરતભાઈ, જશવંતભાઈ, સ્વ. કિશોરભાઈ, અશોકભાઈ તથા જયશ્રી જયેશભાઈ ગાંધીના બહેન. મંગળવાર, તા. ૧૪-૧૦-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. સાદડી તેમજ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

### ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

રામપરા નિવાસી, હાલ મુંબઈ, સ્વ. ચંપાબેન દુર્લભજી શાહના સુપુત્ર ધર્મેન્દ્રભાઈ (ઉં.વ. ૮૭) તે રમીલાબેનના પતિ. આસિત, જતીનના પિતાશ્રી. અ. સૌ. સંગીતા, અ. સૌ. રિનાના સસરા. સ્વ. રમણીકભાઇ, દિલીપભાઈ, બિપીનભાઈ, શરદભાઈ, સ્વ. વિનોદભાઈ, સ્વ. પ્રભાબેનના ભાઈ. સસરાપક્ષે સુરેન્દ્રનગર નિવાસી સ્વ. શકરીબેન માણેકભાઈ શાહના જમાઈ. તા. ૧૪-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નવીનાળ હાલે બીજાપુરના દમયંતીબેન પેથડ (ઉં.વ. ૭૪) તા. ૧૪-૧૦-૨૫ના અવસાન પામેલ છે. મણીલાલના પત્ની. રતનબેન ખીમજી મોનજી પેથડના પુત્રવધૂ. યામીની, કવિતાના માતુશ્રી. ગેલડાના લીલાવંતી મોરારજી સૈયાના સુપુત્રી. સ્વ. કાંતીલાલ, કીરીટ, ધીરેન્દ્ર, દિનેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિપુલ પારસ ગડા, કાશ્રાજી બજાર, બીજાપુર-૫૮૬૧૦૧.

ભોજાયના ખુશાલચંદ લખમશી ગડા (ઉં.વ. ૭૬) તા. ૧૨-૧૦-૨૫ના અરીહંત શરણ પામેલ છે. લઘીબાઈ લખમશીના પુત્ર. સ્વ. અમૃતના પતિ. દિપ્તિ, પાયલના પિતા. ઝવેરચંદ, હરિશ, દિલીપ, કમળા, મધુ, સરલાના ભાઈ. હાલાપર મણીબાઈ વીરજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાજેશ શાહ, ૨૩-બી, ખુબા પ્લોટ, સ્ટેશન રોડ, ગુલબર્ગા-૫૮૫૧૦૧.

મોટી રાયણના સૂર્યકાંત ખીમજી સાવલા (ઉં.વ. ૬૬) તા. ૧૪-૧૦ના અરિહંત શરણ પામેલ છે. મણીબેન ખીમજીના પુત્ર. કલ્પનાના પતિ. પાયલના પિતા. પ્રકાશ, અરૂણ, મુકેશ, ભારતીના ભાઈ. રાયણ નેણબાઈ/ ઇલાબેન કલ્યાણજી દેઢિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સૂર્યકાંત સાવલા, ૧૦૩, નિર્મલ નિવાસ, આચોલે રોડ, મોરે હોસ્પિટલની સામે, નાલાસોપારા (ઇસ્ટ).

વાંકીના કુસુમ હર્ષદ ગાલા (ઉં.વ. ૬૩) તા. ૧૪-૧૦-૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન રવજીના પૌત્રવધૂ. ગંગાબેન બચ્ચુભાઈના પુત્રવધૂ. હર્ષદના પત્ની. જીગર, માનસીના માતુશ્રી. પુરબાઈ મોરારજીના સુપુત્રી. નવીન, હસમુખ, મુલચંદ, પ્રફુલના બેન. પ્રા. ગુજરાત ભવન, સેક્ટર ૧૫, વાશી, નવી મુંબઈ-૪૦૦૭૦૩. ટા. ૫ થી ૬.૩૦.

કોટડી મહાદેવપુરી હાલે મુલુંડના ચુનીલાલ દેઢીયા (ઉં.વ. ૭૭) તા. ૧૩-૧૦-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ખેતબાઇ હંસરાજ નેણશીના સુપુત્ર. કુસુમના પતિ. વડાલાના નીપા પિયુષ, દેવપુરના કાજલ ચીરાગ, સાવરકુંડલાના ચાર્મી ભાવિકના પિતા. રસીકલાલ, સ્વ. તનસુખ, ભોજાયના પ્રેમાબેન રતનશી, મોટા લાયજાના જયા કેશવજી, ડુમરાના ગુણવંતી ખીમજી, ગોધરાના જશવંતી ડુંગરશી, ચીયાસરના હેમલતા વશનજી, લાયજાના કુસુમ કલ્યાણજીના ભાઇ. સાકરબેન પ્રેમજી ગોસરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કુસુમ ચુનીલાલ દેઢીયા, એ-૧૦૨, વાત્સલ્ય દિપ કો.ઓપ.સો., ૯૦ ફીટ રોડ, હનુમાન ચોક, મુલુંડ (ઇ.).

તલવાણાના અમિત નાગજી છેડા (ઉં.વ. ૪૩) તા. ૧૩-૧૦-૨૦૨૫ના અવસાન પામેલ છે. સુંદરબેન રવજી ભારુના પૌત્ર. કુસુમબેન નાગજીના પુત્ર. નીપા, પારૂલના ભાઇ. મોટા રતડીયાના કુંવરબાઇ લક્ષ્મીચંદ શીવજી ગાલાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. નાગજી છેડા, સી-૧૦૩, સરીતા સદન, મહેશ પાર્ક, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ.).

કપાયાના શામજી વિજપાર ગગુ સંગોઇ (ઉં.વ. ૮૯) તા. ૧૪-૧૦-૨૫નાં દેહ પરીવર્તન કરેલ છે. માતુશ્રી સુંદરબેન વિજપાર સંગોઇના સુપુત્ર. શ્રીમતી ઝવેરબેનના પતિ. દિનેશ, ડો. નરેશ, ડો. ઉમેશના પિતાશ્રી. દેશલપરના મેઘબાઇ વિશનજી, લુણીના ભાનુમતી તલકશી, કાંતાબેન ભાણજી, વડાલાના કસ્તુરબેન સુરજી, કારાઘોઘાના દમયંતીબેન પરાગ અને ડો. વિનોદના ભાઇ. કપાયાના પાનબાઇ શીવજી મોણશી રાંભીયાના જમાઇ. ચક્ષુદાન અને દેહદાન કરેલ છે. પ્રાર્થના સભા રાખેલ નથી. એડ્રેસ : શામજીભાઇ સંગોઇ, ૧૮૯, શ્રી લક્ષ્મીનારાયણ બીલ્ડીંગ, ગીરગામ, ગાયવાડી, મુંબઇ-૪.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com



# મારે તો રોજિંદા જીવન માટે પણ સંઘર્ષ કરવો પડ્યો છે

(ભાગઃ ૫)

નામઃ લીસા મેરી પ્રેસ્લી

સમયઃ ૨૦૨૩, ૧૨ જાન્યુઆરી

સ્થળઃ યુસીએલએ વેસ્ટ વેલી મેડિકલ સેન્ટર, લોસ એન્જલસ, કેલિફોર્નિયા, યુનાઇટેડ સ્ટેટ્સ

ઉંમરઃ ૫૪ વર્ષ

**એક મા ઉપર પોતાના પુત્રની આત્મહત્યાની અસર શું હોઈ શકે... એ જાણવા માટે તો એ પીડામાંથી પસાર થવું જ પડે!** બેન્જામિન બાળપણથી જ શાંત અને એકલવાયો હતો. ડેની સાથેના મારા છૂટાછેડા પછી એ વધુ એકલવાયો થઈ ગયો. એની બહેન રાઈલી સાથે એ વાત કરતો. પોતાના મનની વાતો રાઈલી સાથે શેર કરતો, પરંતુ જ્યારે રાઈલી ટીનએજમાં આવી અને યુનિવર્સિટી ભણવા ચાલી ગઈ ત્યારે બેન્જામિન પાસે એવું કોઈ નહોતું જેની સાથે એ મનની મૂંઝવણ શેર કરી શકે... જે કંઈ થયું એ માટે હું મારી જાતને જવાબદાર ગણું છું! એક મા તરીકે મારી જવાબદારીઓ અને મારાં પુત્ર પરત્વેનું કર્તવ્ય હું પૂરું કરી શકી નહીં, એ વાત મને આજે કોરી ખાય છે! માઈકલ સાથે મેં લગ્ન કર્યાં ત્યારે બેન્જામિન ૩ વર્ષનો હતો... ઝાઝું સમજતો નહોતો. એ લગ્ન બે વર્ષમાં પૂરા થઈ ગયાં. એ પછીનો મારો બધો સમય મેં મારાં સંતાનોમાં કેન્દ્રિત કર્યો. સાચું પૂછો તો ડેનીએ પણ બેન્જામિન અને રાઈલી માટે ઘણો સમય ફાળવ્યો છે. તેમ છતાં, બેન્જામિન પોતાના જીવનના સંઘર્ષને સમજી કે સ્વીકારી શક્યો નહીં. એ ઘણા ખરા અંશે એલ્વિસ પ્રેસ્લી જેવો દેખાતો હતો એટલે મારા પિતાના ફેન્સ એની પાસેથી એલ્વિસ પ્રેસ્લી જેવા સંગીતની અપેક્ષા રાખતા હતા. એને પોતાનું નામ અને અસ્તિત્વ શોધવું હતું, પરંતુ મીડિયા અને અન્ય ફેન્સ મળીને બેન્જામિનને બીજો પ્રેસ્લી બનાવવાનો પ્રયાસ કરતા રહ્યા. આ વાતનું બેન્જામિન પર બહુ પ્રેશર રહેતું. એ મને વારંવાર પૂછતો, 'હું ગ્રાન્ડ પા જેવો દેખાઉં છું?' હું એને સમજાવતી, શીખવતી કે ડીએનએમાં કેટલાક ગુણો આવે જેને કારણે આપણે આપણા વડીલો જેવા દેખાઈએ... પરંતુ, બેન્જામિન ધીમે ધીમે પોતાના દેખાવથી અને એની સાથે જોડાયેલા લોકોના રિએક્શનથી કંટાળવા લાગ્યો હતો. એને 'એલ્વિસ પ્રેસ્લી' નહોતું બનવું, એને બેન્જામિન બનવું હતું જેની તક એને કદી મળી જ નહીં!

આજે જ્યારે હું છેલ્લા શ્વાસ ગણી રહી છું ત્યારે પણ મારી પાસે મારા ત્રણ પતિઓ અને બીજા બોયફ્રેન્ડ્સમાંથી કોઈ હાજર નથી. ફક્ત ડેની, મારો પહેલો પતિ મારી પાસે હાજર છે. ડેની સાથેનો મારો સંબંધ સૌથી શાંત અને સમજદારીપૂર્વકનો રહ્યો. માઈકલ સાથેના મારા અફેર દરમ્યાન પણ ડેનીએ પૂરી સમજદારી દાખવીને કોઈ વિવાદ વગર છૂટાછેડા આપ્યા! માઈકલ સાથેના લગ્ન પછી હું અને ડેની મળીને બાળકોને ઉછેરતા હતાં ત્યારે નિકોલસ સાથેના લગ્ન થયાં. બેન્જામિન જરાય તૈયાર નહોતો એ પછી માઈકલ લોકવુડ... બેન્જામિન માટે આ બધા આઘાત હતા. અંતે, જ્યારે માઈકલ સાથેના ડિવોર્સ ખૂબ બધા આક્ષેપો અને ગંદકી સાથે પૂરા થયા ત્યાં સુધીમાં બેન્જામિનને મારા માટેનો આદર કદાચ ખતમ થઈ ગયો હતો.

છૂટાછેડાના કેસ દરમ્યાન એક દિવસ બેન્જામિન ગુસ્સે થઈને ઘરમાંથી ચાલી ગયો. એ મોડી રાત્રે પાછો ફર્યો ત્યારે ક્યાંકથી પિસ્તોલ ખરીદીને આવ્યો હતો. ૧૨ જુલાઈ, ૨૦૨૦... એણે પોતાને જ ગોળી મારીને આત્મહત્યા કરી. મારે માટે આ હચમચાવી નાખનારી ઘટના હતી. ડેની અંદરથી ભાંગી ગયો. રાઈલી માટે એના બેબી બ્રધરનું મૃત્યુ એક ભયાનક ડિપ્રેશન લઈને આવ્યું. સૌએ અમારા પરિવાર સાથે સહાનુભૂતિ બતાવવાનો પ્રયાસ કર્યો. મીડિયાએ પણ આ ઘટનાને દસકાની અત્યંત દુઃખદ ઘટના તરીકે વર્ણવી, પરંતુ હવે કોઈ ફેર પડવાનો નહોતો. અમે બેન્જામિનને ખોઈ ચૂક્યા હતા...

બેન્જામિનના મૃત્યુ પછી મારી અંદર અપરાધભાવનું એક તોફાન આવ્યું. હું મારા અંગત જીવનના સંઘર્ષોમાં એટલી વ્યસ્ત રહી કે મારાં બાળકોના મનમાં શું ચાલે છે એ જાણવા માટે મેં પૂરતો સમય ફાળવ્યો નહીં એ વાતનો અફસોસ મને આજે, અત્યારે પણ છે. કેટલીકવાર સંજોગો આપણને યોગ્ય રીતે વર્તવા દેતા નથી... મારા સંજોગો પણ મને અવારનવાર અહીંથી તહી ભટકાવતા રહ્યા. લોકોને લાગતું હતું કે હું મેમ્ફિસનું ઘર અને એલ્વિસ પ્રેસ્લીનો વારસો મેળવીને બિલિયન્સની માલિક બની ગઈ છું, પરંતુ એવું કંઈ હતું નહીં. મારે તો રોજિંદા જીવન માટે પણ સંઘર્ષ કરવો પડ્યો છે. આ બધું ઓછું હોય એમ પ્રિસીલાએ ટ્રસ્ટી તરીકે ગ્રેસલેન્ડનું મેનેજમેન્ટ કર્યું, પરંતુ જ્યારે એ પ્રોપર્ટી અને એલ્વિસની બીજી આવક મને મળવા લાગી ત્યારે પ્રિસીલાએ કેસ કરી દીધો. અમે મા-દીકરી કોર્ટમાં સામસામે ઊભા રહીને મારા મૃત પિતાની આવક માટે ઝઘડ્યા... એ જીવંત હોત તો શું વિચારત, કેવી અનુભૂતિ થઈ હોત!

બેન્જામિન પછી મેં જીવનને નકારવાની શરૂઆત કરી દીધી હતી. હું બને ત્યાં સુધી એકલી જ રહેતી. કેલિફોર્નિયાના સૌથી સુંદર અને પ્રસિદ્ધ વિસ્તારમાં આવેલું ઘર મને ખાવા દોડતું હતું. એકલતાએ મને એટલી બધી ડરાવી દીધી હતી કે, મને સતત મૃત્યુના જ વિચાર આવતા. એ ગાળામાં ડેનીએ મને ખૂબ સહકાર અને સહારો આપ્યો. ડેની અવારનવાર આવતો. મારી સાથે રહેતો. રાઈલી હવે અભિનેત્રી બની ચૂકી હતી. એકેડેમી એવોર્ડ્ઝ માટે નોમિનેટ થયા પછી રાઈલી પાસે ખૂબ કામ હતું. એ વારંવાર આવી શકતી નહીં... મારી બે દીકરીઓ હાર્પર અને ફિનલે એના પિતા પાસે રહેતી હતી કારણ કે, માઈકલ લોકવુડે દીકરીઓની કસ્ટડી માટે કોર્ટમાંથી હુકમ લીધો હતો...

ટૂંકમાં, એકલવાયું અપરાધભાવથી ગ્રસ્ત જીવન જીવતાં જીવતાં હું થાકી ગઈ છું. બેન્જામિન મારા સ્વપ્નમાં આવે છે. પોતાના મૃત્યુ માટે મને જવાબદાર ઠેરવે છે અને કહે છે કે, મેં એનું ધ્યાન ન રાખ્યું. હું સારી મા નથી બની શકી... હું ઊંઘમાંથી જાગી જાઉં છું, ડરી જાઉં છું. હવે મારે પણ ઊંઘની ગોળીઓનો સહારો લેવો પડે છે. ડેની અને બીજા લોકો મને દવાઓના સહારે જીવવાની ના પાડે છે, પરંતુ હવે મારી પાસે બીજો કોઈ ઉપાય નથી એવું મને લાગે છે!

મારા પિતાની જેમ જ હું પણ વધતા વજન સાથે સંઘર્ષ કરી રહી છું. મારે પાતળા રહેવું છે, સારા દેખાવું છે, હજી સંગીત બનાવવું છે, અધૂરાં રહી ગયેલાં ગીતો લોકો સુધી પહોંચાડવાં છે... પરંતુ, હવે કશું નહીં થઈ શકે! બેરિયાટ્રીક સર્જરી દરમ્યાન ઊભા થયેલા કોમ્પ્લિકેશન્સને કારણે આજે સવારે મને હાર્ટ એટેક આવ્યો છે. મારું મૃત્યુ નિશ્ચિત છે.

અત્યારે હોસ્પિટલના બિછાના પર સૂતી સૂતી બેહોશ હાલતમાં હું એક જ પ્રાર્થના કરી રહી છું, મારા મૃત્યુ પછી સ્વર્ગમાં મારા પિતાને મળી શકું, બેન્જામિનને મળી શકું અને એમને કહી શકું કે, હું એમને કેટલો પ્રેમ કરું છું!

(સમાપ્ત)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# પ્રશ્ન છે પણ ઉત્તર ક્યાં ?




સમગ્ર વિશ્વમાં પ્રશ્નોની વણઝાર ખૂબ મોટી છે. વળી દુઃખ એ વાતનું છે કે પ્રશ્નોનો ઝટ ઉકેલ આવતો નથી. જેમ જેમ પ્રશ્નોનું કોકડું ઉકેલવા જાવ તેમ તેમ પ્રશ્નોનો ગૂંચવાડો વધતો જ જાય છે. જો કે કેટલાક માણસો હાથે કરીને પ્રશ્નો ઊભા કરે છે. પેલી કહેવત પ્રમાણે 'હાથે કરીને ચાલતું કૂતરું ઘરમાં ઘાલવાની કુટેવ' ઘણાને હોય છે અને એ કુટેવની કોઈ દવા બજારમાં હજી સુધી આવી નથી. કદાચ ચીનવાળા પણ પ્રયત્ન કરે તોય સફળ ન થઈ શકે.

નાના નાના માણસોના પ્રશ્નો પણ નાના... કારણ કે એમનાં સપનાંઓ પણ નાનાં જ હોય છે. જ્યારે મોટા માણસોના પ્રશ્નો પણ મોટા, જેમ કે આપણા ટ્રમ્પ સાહેબ ઘણી વાર ચાલતા કૂતરાંને ઘરમાં ઘાલવાની પ્રવૃત્તિ આદરી બેસે છે. જ્યારે પ્રશ્નો ઊભા થાય ત્યારે જ એમને ખબર પડે છે કે મેં કશુંક ઊંધું બાફ્યું છે, પણ તીર એકવાર કમાનમાંથી છટકી જાય અને સામેવાળો ઘાયલ થાય તો એની સારવારમાં ઘણો સમય નીકળી જાય છે. નવા નવા ફતવા બહાર પાડીને પ્રશ્નો ઊભા કરવા કરતાં શાંતિથી પોતાનું ઘર સાચવીને બેસી રહેતાં કોણ મારે છે? પણ ના, કેટલાક દેશના ઉપરીઓએ પણ ચાલતા કૂતરાં ઘરમાં ઘાલવાની કુટેવને કારણે પ્રશ્નોની વણઝાર ઊભી કરી ને એમાં ને એમાં જ પોતાનો કાર્યકાળ પૂરો કરે છે. પછી તો એ ન ઘરનો કે ન ઘાટનો! ખાયા પિયા કુછ નહીં ઔર ગિલાસ તોડા વહ નફે મેં...!

રામાયણ અને મહાભારતમાં પણ પ્રશ્નો ઊભા થયા, કારણ કે એમાં પણ કંઈ કેટલાંય પાત્રોએ ચાલતાં કૂતરાં ઘરમાં ઘાલવાની ભૂલ કરી અને એથી પ્રશ્નો ઊભા થયા. બાકી ઘર બેઠાં મંત્રણા કરીને બધું થાળે પાડી શકાયું હોત , પણ ભાઈ, જ્યારે જ્યારે કોઈ ઉદાહરણ સ્થાપિત કરવાની વાત આવે છે ત્યારે ત્યારે જ પ્રશ્નોનો ખડકલો વધતો જાય છે અને અંતે 'યુદ્ધ એ જ કલ્યાણ' જેવી પરિસ્થિતિ ઊભી થાય એમાં કોઈ શું કરી શકે? અરે! ખુદ ભગવાન પણ હાથ ઊંચા કરીને મોં ફેરવી લે છે.

આ અમારા પડોશી વસંતભાઈને જ જોઈલોને .... એમને પણ પ્રશ્નો ઊભા કરીને વાતાવરણ ડહોળી કાઢતાં સરસ આવડે. 'રમા, મારા પગ બહુ દુઃખે છે. જરા દબાવી આપશે? અને માથું પણ ફાટે છે. જરા ચંપી માલિશ પણ સાથે કરી નાખ એટલે પત્યું.'

અને એ સાથે જ રમાબહેન મોટેથી બરાડ્યાં :

'વસંત, તને શરમ નથી આવતી? દસ દસ દિવસ ગામની ભાભીઓ સાથે મોડી રાત સુધી ગરબા રમીને, હા... હા... હી... હી... કરીને હવે પગ દુખ્યા અને માથું પણ દુખ્યું. તે તને એ બધા લટુડા ફટુડા કરવાનું કોણે કીધું હતું? મને ફળિયાના ગરબામાં મૂકીને પોતે આખી રાત રખડ્યા અને હવે માલિશ મારે કરવાનું? જા ને તારી એ ભાભીઓ પાસે. મેવા તું ખાય અને સેવા મારે કરવાની?'

વસંતભાઈ ભર વસંતમાં પાનખરનો અહેસાસ કરતાં કણસવા માંડ્યા, પણ હજી રમા રણચંડી સ્વરૂપમાંથી બહાર ક્યાં આવી હતી.

'મને તો તું કહેતો હતો કે હું એક પણ કપડાં ખરીદવાનો નથી. પછી તારા કબાટમાં નવ દિવસની નવી નવી નવરંગ કફનીઓ ક્યાંથી આવી? કઈ સગલીએ તને ભેટ આપી તે મને કહે.... નહીંતર હું આ ચાલી મારા પિયર!'

'હા રમા, હું પણ તને એમ જ કહેવાનો હતો કે ઘણા દિવસથી કશે ગઈ નથી તો તારા ભાઈના ઘરે મન ભરીને રહી આવ.'

'હા... હા... હું તો જાણતી જ હતી કે તમે હવે મને મારા પિયર રવાના કરીને પેલી ભાભીઓ જોડે મજા લૂંટવાના પ્લાન બનાવશો. જે માણસ પારકી સ્ત્રીના સપનાં જોવા માંડે એવા પુરુષ જોડે મારે રહેવું જ નથી, પણ પિયર જતાં પહેલાં બંને પક્ષના બધા સગાં વહાલાંઓને હું ફોન કરીને ઘરે બોલાવું છું. તું મને કાઢી મૂકીને મજા કરવા માગે છે એ વાત સ્પષ્ટ કરવી બહુ જરૂરી છે.'

આ રીતે રમા જોગમાયા બનીને કાલિકા સ્વરૂપ લેશે એવું વસંતે ક્યાં વિચાર્યું હતું! મજાક કરવામાં વાત આટલી વણસી જશે એવું ક્યાં ધારેલું! પોતે ઊભા કરેલા પ્રશ્નો હવે હલ ના કર્યા તો રમા આખા ગામને ભેગું કરશે અને એ બધા મહિનો માસ શહેરમાં આવીને મજા કરશે. ઉપરથી મને બેસાડીને જાત જાતની સલાહ આપશે એ જુદી.

ગભરાયેલા વસંતભાઈ શરીરનો દુઃખાવો ભૂલી જઈને પથારીમાંથી બેઠા થઈ ગયા અને રમાને સમજાવી કે મેં તો માત્ર મજાક કરી હતી. પોતે નવ દિવસ ભાભીઓ જોડે નહીં, પણ ભાઈઓ જોડે નવરાત્રી મનાવી હતી. મોબાઇલમાં સેવ કરેલા નવ દિવસના ફોટા બતાવ્યા અને રમાના સમ, બાના સમ (ખોટાં ખોટાં) ખાધાં ત્યારે પ્રશ્ન હલ થયો, નહીંતર નવ દહાડાની મજા રમાના એક ફોને અવળી થઈ જતે.

એ તો કૃષ્ણ રાધાને છોડી રુક્મિણીને પરણ્યા ને દ્રૌપદીને સખી બનાવેલી. એ કદાચ ફાવ્યા એટલા માટે કે રુક્મિણીએ બધું જાણવા છતાં એકે પ્રશ્ન એણે કૃષ્ણને કર્યો નહોતો અને બિચારીએ પિયર જવાની ધમકી પણ આપી ન હતી. આપણી સીતા માતાએ પણ રામે મૂકેલા આરોપ સામે પ્રતિઆરોપ કે પિયર જવાની ધમકી ક્યાં આપી હતી? બાકી જો ધમકી આપી હોત તો રામાયણ અને મહાભારતની સ્ક્રિપ્ટમાં જાતજાતની ટ્વિસ્ટ આવી હોત. (એમ પણ 'પિયર જતી રહીશ' જેવી ધમકી સિવાય બીજું એક પણ શસ્ત્ર સ્ત્રીઓ પાસે છે જ ક્યાં?)

અંતે બાજી રમાના હાથમાં આવતાં થોડો ભાવ તો એણે ખાઈ જ લીધો. 'જો વસંત, આટલી વખત તને માફ કરું છું. (માફ કર્યા વગર છૂટકો જ ક્યાં છે?) બીજી વખત આવું નહીં ચલાવી લઉં. (તો શું કરી લેશે? પિયર જતી રહેશે? વસંત મનમાં જવાબ આપે છે.) તેં મારાથી છુપાવીને નવ કફની લીધી તો હવે સામી દિવાળીએ મને પણ નવ સાડી જોઈશે. અપાવશે ને?' (હમણાં હા કહેવામાં શું જાય છે?)

'યસ ડાર્લિંગ, તું જે કહે તે શિરોમાન્ય. બસ?'

'દિવાળીમાં હિલ સ્ટેશન ફરવા લઈ જવાનું અને દિવાળીની સફાઈ કરવા લાગવાની. સમજ્યો?'

બસ, એટલે જ્ઞાની વસંતે જેમ પ્રશ્નોના નિરાકરણ 'યસ ડાર્લિંગ' કહી કહીને તત્ક્ષણ સમાવી દીધા, એમ પવન જોઈને ગાડીની દિશા બદલવી તેમ સ્વામી શોર્ટકટ નંદનું પણ કહેવું છે. દુનિયાના નેવું ટકા પ્રશ્નો 'પછી થઈ રહેશે' એમ વિચારવાથી અને થોડા નમી જવાથી થોડા સમય માટે પોતાના પ્રશ્નો હલ થઈ જતા હોય છે તો આટલું બરાબર યાદ રાખીને શીખી લો પછી નવા પ્રશ્નો ઊભા કરવાની તમને પણ છૂટ! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# આવું સોનાનું પીંજરું કોને ગમે?



આખી સ્કૂલમાં અફરાતફરી મચી ગયેલી, કારણ કે એ સ્કૂલમાં કોઈએ કલ્પના પણ ના કરી હોય એવી છોકરીએ નવું સવું એડમિશન લીધેલું. આજે પહેલો દિવસ હતો. એના આગમનની આતુરતાથી રાહ જોવાઈ રહેલી. પ્રિન્સિપાલથી લઈને પટાવાળા સુધી સહુ કોઈ સ્કૂલની શકલ ચમકાવી દેવા કટીબદ્ધ બન્યા હોય એવી તૈયારીઓ કરતાં હતા. આજે તો વહેલું જ પહોંચી જવું એ વિચારે સ્ટુડન્ટ્સ પણ સમય કરતાં વહેલા આવી મેદાનમાં ઠેર-ઠેર ટોળે વળી ઊભેલાં. બરાબર સાત વીસના ટકોરે કોઈએ બાપ જન્મારામાં જોઈ ના હોય એવી મોટી, ચમકતી શોફર ડ્રિવન કાર મુખ્ય ગેટમાં પ્રવેશી. હાજર સહુની નજર એ તરફ મંડાય, અને શાળાના પ્રાંગણમાં સુમુખીના પગલાં થયાં.

ખરેખર એ હતી કોણ? શા માટે એ આવી મીડિયોકેર સ્કૂલમાં આવેલી? શા કારણે એ છોકરીને શિક્ષકો તો ઠીક, પ્રિન્સિપાલ દ્વારા પણ સખ્ત મહત્ત્વ આપવામાં આવતું. જેના પર્સનલ બોડીગાર્ડ પણ હતા એવી આ ટીનએજર વિશે જાણવા ચારેકોર ચચરાટી પ્રસરી ગઈ.

સુમુખી છે શહેરના નામાંકિત ઉદ્યોગપતિ તેમજ દેશના રાજકારણમાં આગવું સ્થાન ધરાવતા પ્રસિદ્ધ વ્યક્તિનું એકમાત્ર સંતાન. જેના માથે પિતાની ઈમેજ જાળવવાની જવાબદારીઓનો બોજ આપમેળે આવી પડેલો. સુમુખી બહાર નીકળે એ સાથે મીડિયા દ્વારા દુનિયાભરના અઘરા સવાલોનો એના પર રીતસર મારો ચલાવવામાં આવતો. જવાબ આપવામાં જો કંઈ કાચું કપાય તો એના પર ટિપ્પણીઓનો વરસાદ વરસી પડે. હંમેશાં બહાર નીકળતા સમયે વ્યવસ્થિત ડ્રેસિંગ રાખવું પડે, નહીં તો સોશ્યલ મીડીયામાં ચર્ચાઓનો દોર ચાલે.

આ પળોજણ વચ્ચે હજુ તાજી-તાજી તરુણી બનેલી સુમુખીને સામાન્ય જીવન જીવવાની ખેવના જાગી. વર્ષો થયે સુખ-સગવડતાના સાગરમાં હિલોળા લઈને થાકેલું એ ટીનએજ મન સ્વતંત્રતા ઝંખે છે. એ નોર્મલ લાઈફની મજા લેવા માગે છે. આ વાતને લઈને મહિનાઓથી પેરેન્ટ્સને મનાવવાની કોશિશ કરી રહેલી સુમુખીની ઈચ્છા આખરે ફળી. અંતે હિમાચલના જાણીતા હીલસ્ટેશન પર આવેલી સુપર બેસ્ટ ગણાતી સ્કૂલને ગુડબાય કહી પોતાના નાના એવા શહેરની સ્કૂલમાં સુમુખી પંહોંચી.

કોઈ મોટા ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ, નેતા-અભિનેતાઓનાં સંતાનોને પોતે લોકપ્રિય કે પ્રખ્યાત માતા-પિતાનાં સંતાનો છે એની મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે. આપણને દૂરથી એમની દુનિયા ખૂબ આકર્ષક, પરીઓના દેશ જેવી લાગે. એમના કપડાં, દેખાવ, જીવનશૈલી અને જાહોજલાલી જોઈને મનોમન ઈર્ષ્યા થઈ આવે ,પરંતુ સતત એક પબ્લિક ઈમેજ બનાવી જીવતા રહેવાનું પ્રેશર, બહાર નીકળે ત્યારે સલામતીના ભોગે ગુમાવવી પડતી સહજ સ્વતંત્રતા, પાપારાઝીઓ દ્વારા ડગલેને પગલે નાનામાં નાની બાબત પર રખાતી ચાંપતી નજર અને એમના પર લદાતા અસંખ્ય નાનાં-મોટાં બંધનોને કારણે જિંદગી સોનાના પીંજરા સમાન બની જતા વાર નથી લાગતી. યુવાનવયે વણમાગ્યું સેલેબ્રિટી સ્ટેટ્સ ભોગવવું કેટલું આકરું છે એનો ખરો ચિતાર સુમુખીને મળેલો. સ્વતંત્રતાના આકાશમાં ઊડવાના સપના જોતી સુમુખીને ખ્યાલ નહોતો કે અહીં તો માત્ર જગ્યા બદલાય છે, બાકી બધું જેમનું તેમ! એને સ્કૂલથી લેવા મૂકવા માટે કડક સિક્યોરિટી, કેમ્પસમાં ચોતરફ સિક્રેટ એજન્ટ્સની ભરમાર, બહાર નીકળે તો પત્રકારોના કેમેરા, શિક્ષકો દ્વારા અપાતું વધુ પડતું માન, સહાધ્યાયીઓ દ્વારા એ બધાથી અલગ છે એવું સાબિત કરવાના સતત પ્રયત્નો. એની મજાક ઉડાવવી અને મીમ્સ બનાવવી. શાળામાં સુમુખી કોઈ અલગ ગ્રહ પરથી આવેલી એલિયન હોય એવો માહોલ બની બેસે છે. સુમુખી માટે તો પોતે જાણે ઉલમાંથી ચૂલમાં પડી હોય એવો ઘાટ રચાયો.

સ્કૂલમાં ભાગ્યેજ કોઈ એની નજીક આવવા પ્રયત્ન કરતું. અમુક કુતૂહલ વશ તો અમુક ઈન્ફિરિયારીટીના માર્યા એને બોલાવતા નહીં.


હા, અમુક છોકરીઓએ ઔપચારિક વાતો કરેલી. સુમુખી એ સામાન્ય મધ્યમવર્ગીય છોકરીઓની આઝાદી જોઈને મનમાં પિડાતી રહેતી. કાશ! એ પણ એમાંની એક હોત. નિયમો તોડવા, ફરવા જવું, વાતો કરવી, બધુ જ એને આકર્ષતું રહે, પરંતુ એવું એ કરી શકતી નહીં..

એક સામાન્ય જીવન જીવવા માગતી લોકપ્રિય તરુણીની લાચારી એ અહેસાસ કરાવી જાય કે, આપણી પાસે ઘણુંબધું ભલે ખૂટે છે એવું લાગતું હોય પણ મોજથી જીવવાની છૂટ, લોકોનું આપણા તરફનું બેધ્યાનપણું અને પ્રસિદ્ધિના હોવાને લીધે જીવનનો જે અદ્ભુત આનંદ લઈ શકીએ છીએ એ દરેકને મળતો નથી. કહેવાય છે ને કે, જે વસ્તુનો અભાવ હોય એના તરફ આપણે લોહચુંબક માફક ખેંચાતા જઈએ. સુમુખી જેવી તરુણીઓ પાસે બધું જ છે રૂપ, ગુણ, પૈસા, મજા, આરામ, સુખ-સગવડ, શાંતિ પણ સુકુન નથી. સ્વતંત્રતા નથી, સહજતા નથી. માટે જ એની કિંમત પણ એમનાથી વધુ કોઈ જાણતું હોતું નથી.

તમે ક્યારેય એકલા નથી હોતા અને એજ તમારી સતત એકલતાનું કારણ બની રહ્યું હોય ત્યારે એમાંથી ભાગી છૂટવા મન ગમે તેટલું વલખાં મારે, પણ તમારા ભાગ્યમાં લખાયેલી હકીકતથી પીછો છોડાવવો અઘરો નહીં, અશક્ય હોય છે. એમાં પણ જીવનમાં હજુ ઊગીને ઊભા થઈ રહ્યા હોય એ ઉંમરમાં સુમુખીની માફક પરાણે ઠરેલ, સમજુ અને ઠાવકું બનવું પડે ત્યારે એ અકળામણ કેટલી આકરી હોય એ તો અનુભવે જ સમજાય. ■

## પ્રકરણ-૩૩

### અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




**યોગેશ સી પટેલ**

આરેના દિનકર રાવ દેસાઈ માર્ગને કિનારે આવેલા વિશાળ વૃક્ષ પર છુપાવેલો કૅમેરા મળી આવ્યા પછી એ પરિસરમાં વધુ તપાસ કરવાનું ગોહિલે નક્કી કર્યું હતું. ઈન્સ્પેક્ટર રવિ કદમને મહિલા સબ-ઈન્સ્પેક્ટર વિદ્યા પાટીલ સાથે અંજુ વિશે વધુ માહિતી મેળવવાનું કહેવામાં આવ્યું. અંજુનું કોઈ અફૅર કે ગેરકાયદે કાર્યમાં સંડોવણીની તપાસણી સાથે કૃપાની પણ પૂછપરછ કરવાનું કામ સોંપાયું હતું.

ટીમ સાથેની ચર્ચામાં ગોહિલ એવા નિષ્કર્ષ પર આવ્યો હતો કે એ સ્થળે એક જ કૅમેરા નહીં હોય, બીજા કૅમેરા પણ સંતાડ્યા હોવાની શક્યતા છે. પરિણામે કૅમેરા મળ્યો એની આસપાસના પરિસરમાં આવેલાં વૃક્ષોની ચકાસણી કરવા ગોહિલની ટીમ નીકળી.

આરે પોલીસ સ્ટેશનના પહેલા માળેથી ગોહિલની ટીમ નીચે ઊતરી ત્યારે ગ્રાઉન્ડ ફ્લોર પર સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડની કૅબિન બહાર લોકોનો જમાવડો હતો. એકઠા થયેલા લોકો બરાડા પાડતા નહોતા, પણ તેમની વચ્ચે સતત ચણભણ ચાલતી હતી અને ક્રોધ તો દરેકના ચહેરા પર નજરે પડતો હતો.

‘દળવી, શું ચાલે છે અહીં? આ બધા કેમ ભેગા થયા છે?’

ગોહિલે પૂછ્યું દળવીને, પણ ટોળામાંથી એકે મહેણું માર્યું: ‘પોતાને સ્પેશિયલ ટીમના અધિકારી ગણાવે છે અને જંગલમાં શું થાય છે એની જાણ નથી!’

‘એ... એ... એય. મોઢું સંભાળીને બોલ!’ બાવડાં ફુલાવી એપીઆઈ પ્રણય શિંદેએ રુઆબ દેખાડ્યો.

‘શું કરી લેશો? અને શા માટે મોઢું સંભાળીને બોલે? શાંતિ રાખી છે એનો મતલબ એ નથી કે અમે પોલીસથી ડરીએ છીએ!’ શિંદેના વર્તનથી એક મહિલા ઉશ્કેરાઈ.

‘સાહેબ, અમારી સહનશીલતાની પરીક્ષા ન કરો. નહીંતર પોલીસ સ્ટેશનને ખંડિયેર બનતાં વાર નહીં લાગે!’ બીજી મહિલા શિંદે તરફ ધસી આવી.

‘જુઓ... એનો મતલબ તમને દબડાવવાનો નહોતો. તમારી સમસ્યા જાણીને મદદ કરવાનો હતો!’ ગોહિલે મધ્યસ્થી કરી મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો.

‘અમારી મદદ તમારાથી નહીં થાય.’ કહીને એક પુરુષે દળવી તરફ જોતાં કહ્યું: ‘તમે જ કહો... શું થયું છે તે!’

દળવી ગોહિલની ટીમને પોલીસ સ્ટેશન બહાર પરસાળમાં લઈ ગયો.

‘સર, આ લોકોને છંછેડવાનો ફાયદો નથી. એ લોકો પહેલેથી જ ગુસ્સામાં છે. આપણે કંઈ કહીશું તો હંગામો થશે!’ દળવીએ સમજાવ્યું.

‘પણ સમસ્યા શું છે? ગાયકવાડસાહેબની કૅબિનમાં કોઈ ઘાંટા પાડી રહ્યું છે, જેનો અવાજ અહીં સુધી આવી રહ્યો છે. લાગે છે... અંદરના લોકો ઝઘડો કરી રહ્યા છે!’ ગોહિલે કહ્યું.

‘સર, આજે વહેલી સવારે દીપડાએ ફરી એક બાળકને ફાડી ખાધો છે!’

દળવી બોલતો હતો: ‘દસેક વર્ષનો બાળક સવારે શૌચાલય જતો હતો ત્યારે આ ઘટના બની. દીપડાએ એક સ્ત્રી પર પણ હુમલો કર્યો. પરંતુ મહિલાએ ગમેતેમ લાકડી વીંઝતાં ડરી ગયેલો દીપડો ભાગી ગયો!’

‘ક્યાં થયું આ?’

‘જીવન નગર પાસે.’

‘આ તો યાદવ બાવડીથી થોડે જ દૂર છેને, જ્યાં સાત વર્ષના ભોલુ પર દીપડાએ હુમલો કરી તેને મારી નાખ્યો હતો?’ શિંદેએ કહ્યું.

‘હા. એટલે જ તો આ લોકો આવ્યા છે...’

‘એટલે?’

‘દીપડાની સમસ્યા તાત્કાલિક હલ કરવાની માગણી રહેવાસીઓ કરી રહ્યા છે.’

દળવીએ કહ્યું: ‘ગાયકવાડસાહેબે સમજાવ્યું કે વન ખાતાને પાંજરું ગોઠવવા સંબંધી પત્ર મોકલ્યો છે, પણ ત્યાંના અધિકારીઓ તરફથી હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી.’

‘સાહેબ સમજાવી રહ્યા છે કે ફોન કરીને અધિકારીઓને તુરંત પાંજરું ગોઠવી દીપડાને પકડવાનું કહેશે!’ દળવીએ સમજાવ્યું.

‘ઓકે. અમારી કોઈ જરૂર નથીને?’

‘ના. અમે સંભાળી લઈશું. આ લોકો પણ ચર્ચા માટે જ આવ્યા છે.’

‘ઠીક છે. રાજપૂત આવે તો તેની સાથે તું પણ આવજે. કૅમેરા મળ્યો તે સ્થળે અમે જઈ રહ્યા છીએ.’

* * * *

‘ઘણી ચાલાક છોકરી છે. જાણીજોઈને આ સુપર સ્ટોરમાં મળવા બોલાવ્યાં!’ ઈન્સ્પેક્ટર રવિ કદમે મહિલા સબ-ઈન્સ્પેક્ટર વિદ્યા પાટીલને કહ્યું.

જોગેશ્વરીમાં અંજુના અડોશપડોશમાં પૂછપરછ કર્યા પછી કદમે જોગેશ્વરીમાં જ રહેતી ડૉ. વિશ્વાસ ભંડારીની સેક્રેટરી કૃપા ગોડબોલેને ફોન કર્યો હતો. ઘરમાં કુટુંબના સભ્યો છે અને પોતે સુપર સ્ટોરમાં છે કહીને કૃપાએ કદમને મળવું હોય તો સુપર સ્ટોરમાં આવવાનું કહ્યું. કદમ અને વિદ્યા અત્યારે સ્ટોરના ગેટ પાસે પહોંચ્યાં હતાં.

‘મને લાગે છે, આપણે અંદર જઈએ. એ અંદર જ મળશે!’ વિદ્યાએ કહ્યું.

બન્ને સ્ટોરમાં ગયાં ત્યારે કૃપા સામાનની એક રૅક પાસે ઊભી હતી.

‘આવી ભીડવાળી જગ્યામાં મળવાનું કારણ?’ કદમે કહ્યું.

‘સર, મને પોલીસથી ડર લાગે છે એટલે સૅફ્ટી ખાતર... અહીં પબ્લિક હોય છે અને ઠેકઠેકાણે સીસીટીવી કૅમેરા પણ લાગેલા છે!’

‘સ્માર્ટ ગર્લ...’ કદમે વખાણ કર્યાં.

‘બચપન સે!’ કૃપાએ સ્મિત આપ્યું.

‘વધારે સ્માર્ટનેસ દેખાડવાની જરૂર નથી... અમે ઈમાનદારીથી માહિતી મેળવવા માગીએ છીએ, નહીંતર ગેરકાયદે માર્ગે ચાલતાં પણ અમને આવડે છે!’ વિદ્યાએ કૃપાને ડરાવવાને ઇરાદે કહ્યું.

‘તો અત્યારે કઈ કાયદેસર પૂછપરછ કરવા આવ્યાં છો? વૉરન્ટ લાવ્યાં છો?’ મીઠાબોલી કૃપાની અત્યારે સ્માર્ટનેસ ચાલુ હતી.

‘અમે પૂછપરછ કરવા નથી આવ્યાં કહ્યુંને. માત્ર જાણકારી જોઈએ છે!’ કદમે કહ્યું.

‘જાણું છું. એટલે જ તો વૉરન્ટ વિના પણ તમારી સાથે વાત કરવા તૈયાર થઈ છું.’

કૃપા ઉંમર કરતાં વધુ હોશિયારી દેખાડતી હોવાનું વિદ્યાને લાગ્યું. પોલીસ સ્ટેશન હોત તો એક લાફો ઝીંકી દીધો હોત, પણ અહીં તેના હાથ બંધાયેલા હતા.

‘અંજુ તારી બહેનપણી હતી... તેનો કોઈ બૉયફ્રેન્ડ કે કોઈ દુશ્મન હતું?’ કદમ મુદ્દા પર આવ્યો.

‘મને તેની પર્સનલ લાઈફ વિશે કઈ રીતે ખબર હોય... હું અને એ અલગ વિસ્તારમાં રહેતાં હતાં. ક્યારેક જ મળવાનું થતું.’

પછી કૃપાએ ઉમેર્યું: ‘હા... આરોગ્ય શિબિરમાં અમે મળતાં, પણ ત્યારેય આવી કોઈ વાત થઈ નથી!’

‘બહેનપણી હતી તો તેની કોઈ અંગત બાબતની જાણ હોય, જેનાથી અમને તેના હત્યારા સુધી પહોંચવામાં મદદ મળે એ અમને કહી શકે છે... અમે વાત જાહેર નહીં કરીએ!’ કદમે અખતરો અજમાવ્યો.

> **ભૂત કે ભૂતડી માણસોના ભેજાની ઊપજ છે. સમસ્યા એ છે કે લોકો અંધશ્રદ્ધામાં વધુ શ્રદ્ધા રાખે છે અને તેમના મનના ભયનો આવા કારસ્તાનીઓ લાભ ઉઠાવે છે!**

‘બહેનપણીઓ એકબીજા સાથે ઘણી અંગત વાતો શૅર કરતી હોય છે!’ વિદ્યાએ પણ એ જ પ્રશ્ન કર્યો.

‘સાચે જ... તમને મદદરૂપ થાય એવી કોઈ જાણકારી મારી પાસે નથી!’ કૃપા ટસની મસ થતી નહોતી.

‘પણ ડૉક્ટર ભંડારી તો કહેતા હતા કે મેડિકલ કૅમ્પનું આયોજન તું કરતી હતી... કૅમ્પમાં કોણ સેવા આપે છે એની બધી જાણકારી તને હોય છે!’ કદમે દાણો ચાંપ્યો.

‘હા, પણ બધાના બાયોડેટા હું જમા નથી કરતી!’ કૃપાનો જવાબ વિચિત્ર હતો.

‘એ છોકરી... તારી જીભ ખૂબ જ વાંકી છે. તારી ચામડી અમારો માર ખાઈ નહીં શકે અને અમે વાંકાં ચાલ્યાંને તો તું સહન નહીં કરી શકે!’ વિદ્યાની કમાન છટકી. તેણે દાંત કચકચાવ્યા અને બાવડું એટલા જોરથી પકડ્યું કે કૃપાના મોંમાંથી સિસકારો નીકળી ગયો.

‘વિદ્યા... છોડ એને!’ કદમે વિદ્યાને સમજાવી એટલે તેણે બાવડું છોડી દીધું.

‘કૃપા... હું તને વાયદો કરું છું કે પુરાવા સાથે આપણે પાછા મળીશું ત્યારે તારી બધી સ્માર્ટનેસ... અકડ હવા થઈ જશે!’

કદમે ચીમકી આપી અને સ્ટોરમાંથી બહાર નીકળતી વખતે આગમાં ભડકો થાય એ માટે ઘી નાખવા જેવું વાક્ય કહ્યું: ‘ડૉક્ટર ભંડારીએ જ તારું નામ આગળ કરીને તને ફસાવી છે એ વાત યાદ રાખજે!’

* * * *

‘આ સામાન્ય સીસીટીવી કૅમેરા નહીં, હૉલોગ્રાફિક કૅમેરા છે!’ સબ-ઈન્સ્પેક્ટર કપિલ રાજપૂતે કહ્યું.

‘હૉલોગ્રાફિક કૅમેરા... એટલે?’ દળવીએ આશ્ચર્યથી પૂછ્યું.

‘એક પ્રકારનો સ્પેશિયલ કૅમેરા કહી શકાય!’ કૅમેરાની વ્યાખ્યા સમજાવી શકે એમ નહોતો એટલે રાજપૂતે ટૂંકમાં પતાવ્યું.

ઝાડ પરથી મળેલા નાની સાઈઝના સીસીટીવી કૅમેરા વિશે તપાસ કરીને રાજપૂત પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ગોહિલની સૂચનાથી દળવી સાથે તે યુનિટ-૧૬ પાસે આવ્યો હતો, જ્યાં ઝાડ પરથી મળેલા કૅમેરાના સ્થળે ગોહિલની ટીમ તપાસ માટે આવી હતી.

‘સર, બે-ત્રણ દુકાનમાં તપાસ કર્યા પછી ખબર પડી કે આ હૉલોગ્રાફિક કૅમેરા છે. વિશિષ્ટ પ્રકારની બનાવટ છે એની.’

રાજપૂતે કહ્યું: ‘આ કૅમેરા રસ્તા પરની તસવીરો ઝીલતો નથી, પણ કૅમેરામાંની તસવીરનું પ્રતિબિંબ રસ્તા પર દર્શાવી શકે છે!’

રસ્તાને કિનારે આવેલાં ઝાડીઝાંખરાંમાં નજર કરતાં ગોહિલે કહ્યું: ‘કંઈ સમજ પડે એ રીતે સમજાવ, રાજપૂત!’

‘સર, આ કૅમેરામાં તમે કોઈ તસવીર ફીડ કરીને કૅમેરા ચાલુ કરો તો એ તસવીરની આભા સામે હવામાં અધ્ધર દેખાઈ શકે છે. એક રીતે કહીએ તો આભાસી ઈમેજ દેખાવા લાગે!’ રાજપૂતે સમજાવવાનો પ્રયાસ કર્યો.

‘આ કૅમેરામાં કદરૂપા ચહેરાવાળી ત્રણ સ્ત્રી અને એક પુરુષની તસવીર છે, જેમાંથી કોઈ પણ એકને સિલેક્ટ કરીને તેનું પ્રતિબિંબ સામે ઊભું કરી શકાય છે. વળી, કૅમેરાની કમાલ એ છે કે પ્રતિબિંબ હિલચાલ કરતું પણ દર્શાવી શકાય છે.’ બધા રાજપૂતની વાતને સમજવાના પ્રયાસમાં મૂક શ્રોતા બની ઊભા હતા.

‘સરળ ભાષામાં સમજાવું તો આ કૅમેરા ઝાડ પર લગાવવામાં આવ્યો હતો. કૅમેરા ચાલુ કરો તો તેમાંની કદરૂપા ચહેરાવાળી સ્ત્રીની ઈમેજ રસ્તા પર દેખાતી. જોનારને એવું જ લાગે કે સામે સ્ત્રી ઊભી છે. કૅમેરાની સ્પેશિયલ ઈફેક્ટને કારણે એ સ્ત્રી ચાલતી હોવાનું લાગે!’

‘બસ... રાજપૂત. એટલું ન સમજાવ કે અમે જ કૅમેરા બનાવવાનું શીખી જઈએ!’ ગોહિલે રાજપૂતને રોક્યો.

‘પણ આપણને કૅમેરા સાથે કોઈ વાયર કેમ ન મળ્યો?’ શિંદેએ મુદ્દાનો સવાલ કર્યો.

‘કેમ કે એ ઑટોમેટિક કૅમેરા છે... રિમોટ કન્ટ્રોલથી ઑપરેટ થાય છે!’

રાજપૂતે ઉમેર્યું: ‘કૅમેરામાં જ નાની બૅટરી હોય છે, જેની કેપિસિટી ઘણી હોય છે... મહિના સુધી તેને ચાર્જ કરવાની જરૂર પડતી નથી.’

‘ઓહ... તો ભૂતની આ ઈમેજ જોઈને વાહનચાલકો ડરી જતા હતા અને જીવ ગુમાવતા હતા. હાર્ટ અટેકને કારણે ડ્રાઈવરોનાં મોત પાછળનું આ રહસ્ય હતું!’ ગોહિલે કહ્યું.

‘હું કહેતો હતોને... ભૂત કે ભૂતડી જેવું કંઈ હોતું નથી. આ તો માણસોના ભેજાની ઊપજ છે. સમસ્યા એ છે કે લોકો અંધશ્રદ્ધામાં વધુ શ્રદ્ધા રાખે છે અને તેમના મનના ભયનો આવા કારસ્તાનીઓ લાભ ઉઠાવે છે!’

‘આ કૅમેરા ક્યાંથી અને કોણે ખરીદ્યો તે જાણવું હોય તો?’ શિંદેએ ફરી કામનો પ્રશ્ન કર્યો.

‘કૅમેરાની અંદર બારકોડ હશે, જેને આધારે તે ક્યાંથી ખરીદવામાં આવ્યો તે જાણી શકાશે, પણ તેના માટે કૅમેરા ખોલવો પડશે... સર, તમે પરવાનગી આપો તો...’

‘ઠીક છે... પ્રયત્ન કરી જોઈએ. સારા ટેક્નિશિયનની મદદ લેજે, રાજપૂત. આ પુરાવા તરીકે કામ આવશે... તેને નુકસાન ન થાય તે જોજે!’

આદેશ આપ્યા પછી ગોહિલ બોલ્યો: ‘કૂપરના ડૉક્ટર માજીવડેની વાત સાચી છે... આ સુનિયોજિત ષડ્યંત્ર છે... ભેજાબાજની મેલી રમત!’

‘...પણ હજુય બધી કડી જોડાતી નથી. આમ કૅમેરા લગાવીને ભૂતનો હાઉ ઊભો કરવાની શી જરૂર પડી!’ કહીને ગોહિલ વિચારમાં પડ્યો... (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| टांग | ઠાઠમાઠ |
| टांगणे | ફેંકવું |
| टाकणे | જપતી |
| टाच | લટકાવવું |
| टामटूम | પગ |

### ઓળખાણ પડી?



કપિલ દેવ સહિત અનેક ક્રિકેટરોને પસંદ એવી આ રમતની ઓળખાણ પડી? ટાઇગર વુડ્સે આ રમતમાં અનન્ય સિદ્ધિ મેળવી છે.

અ) હોકી  બ) લેક્રોસ  ક) ગોલ્ફ  ડ) બેઝબોલ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ લા | ૩ મ | તી | | ૪ શ | રૂ | ૫ આ | ૫-અ ત | |
| ૬ ર | વા | ની | | ૭ હ | ટ | | ૮ ફ | ર | ૯ ક |
| ૧૦ ખા | ર | | ૧૧ ક | થિ | ર | | ત | | લે |
| ૧૨ પ | સ | ૧૩ ર | | યા | | ૧૪ આ | | ૧૫ સા | વ |
| ણું | | ૧૬ મ | ક્કા | ર | | ર | | ૧૭ હ | ર |
| | ૧૮ રા | ઝ | | | ૧૯ ઇ | તિ | ૨૦ હા | સ | |
| ૨૦-અ હ | | ૨૧ ટ | ૨૨ પો | ૨૩ રી | | | ૨૪ જી | વી | ૨૫ ત |
| ૨૬ રિ | ૨૭ સ | | ૨૮ ક | ત | ર | ણ | | ૨૯ ર | સ |
| ૩૦ યા | ચ | ૩૧ ના | | સ | | | ૩૨ સા | | વી |
| ળી | | ૩૩ ચ | મા | ર | | ૩૪ ઘ | ર | બા | ર |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | | ૬ | ૭ |
| | | ૮ | | ૯ | | | | ૧૦ | |
| ૧૧ | | | | ૧૨ | | | ૧૩ | | |
| | | ૧૪ | ૧૫ | | | | | | |
| | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | | |
| | ૧૯ | ૨૦ | | | | ૨૧ | | | |
| ૨૨ | | | | | | ૨૩ | | | |
| ૨૪ | | | ૨૫ | | ૨૬ | | | ૨૭ | |
| | | ૨૮ | | ૨૯ | | | | | |
| ૩૦ | | | | | | | ૩૧ | | |

**આડી ચાવી**

૧. આધારભૂત લખત (૪)
૪. ચારે બાજુ (૫)
૮. આકાશ (૩)
૧૦. મહાન મોટું (૨)
૧૧. દરિયાખેડુ કોમ (૩)
૧૨. ચીરા, આંકા (૨)
૧૪. નગરની સેવા માટે ચૂંટાયેલા (૬)
૧૭. મોકલવું તે (૩)
૧૮. રસ્તો, પથ (૩)
૧૯. કારણ વગર બોલ્યા કરવું તે (૪)
૨૧. ઈશ્વર, પ્રતિભા (૨)
૨૨. હોવાનો ગર્વ (૩)
૨૩. પરુ (અં.) (૨)
૨૪. વાણી (૨)
૨૬. તમે કાર્ય --- કરો (૨)
૨૭. અભિમાનની વાતો, ગર્વ (૨)
૨૮. એક સરખા ચોરસ (૫)
૩૦. નસીબની આડોડાઈની વાત (૬)
૩૧. અર્જુનનું ધનુષ્ય (૩)

**ઊભી ચાવી**

૧. પ્રસ્તાવ, અરજી, સૂચના (૪)
૨. વેગવાળું (૪)
૩. દુનિયા, વિશ્વ (૨)
૫. સમજણ, અંકોડા મળવા તે (૨)
૬. તાકાત, શ્વાસ (૨)
૭. મહાનગરનો વહીવટ સંભાળતી સંસ્થા (૮)
૯. મના સૂચવતો ઈશારો (૬)
૧૩. એક સાથે અવાજ કરતું માળખું તૂટવું (૫)
૧૫. ડૂબી જવું તે (૩)
૧૬. અચાનક, અણધાર્યું (૪)
૨૦. સીધા (૨)
૨૧. ઊલટપલટ થઈ જવું તે (૪)
૨૨. સ્તબ્ધ થઈ જવું તે (૪)
૨૫. ચમકારો, તાણ આવવી તે (૩)
૨૬. જૈસી --- વૈસી ભરની (૩)
૨૭. દુકાન છે સાંકડી, ચા મળે --- (૩)
૨૮. સોગંદ (૨)
૨૯. ટેક્ષ, ચોથી તિથિ (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. કોઈ ભાઈની એકમાત્ર સગી ભત્રીજીના એકમાત્ર સગા કાકાના સસરાનો એકમાત્ર દીકરો એ ભાઈની દીકરીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) કાકા  બ) મામા  ક) માસા  ડ) ફુઆ

### જાણવા જેવું

કડવા પદાર્થો પાણીમાં દ્રાવ્ય હોય છે અને દ્રાવણનો સ્વાદ કડવો હોય છે. કડવા ઔષધો મુખ દ્વારા લેવાય છે. તે જમતા પહેલા અથવા જમતી વખતે લેવા જોઈએ, જેથી તે પાચકરસોમાં વૃદ્ધિ કરીને ભૂખ વધારનાર અને પાચક તરીકે કાર્ય કરે. જમ્યા પછી લેતાં તે પાચક વિક્ષોભ પેદા કરે છે. કડવા ઔષધોમાં રક્તશર્કરા ઘટાડવાનો ગુણ પણ રહેલો છે.

### ચતુર આપો જવાબ
માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક શહેર લપાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.
ભારે વરસાદથી અનેક મકાન પુરમાં ધોવાઈ ગયા

### નોંધી રાખો

ભવિષ્ય આપણા જ હાથમાં છે, પરંતુ એનું ઘડતર તમારા યથા વિચારથી કરવાનું છે. માટે સમયને સાચવીને શ્રેષ્ઠ પરિણામ મેળવો.

### માઈન્ડ ગેમ

મોસ્કો રશિયાની રાજધાની છે એ વાત જગજાહેર છે પણ આ જ નામનું શહેર બીજા કયા દેશમાં પણ છે એની ખબર છે ખરી?

અ) માલ્ટા  બ) પોર્ટુગલ
ક) સ્વીડન  ડ) યુએસએ

### સુડોકુ-૯૧૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | ૬ | ૭ | | | |
| | | | ૯ | ૩ | ૧ | | | ૫ |
| | | ૧ | ૮ | | ૨ | | ૬ | ૯ |
| | ૩ | ૭ | | ૮ | | | ૫ | |
| | | ૯ | | ૧ | | ૬ | | |
| | ૬ | | | ૫ | | ૮ | ૧ | |
| ૯ | ૪ | | ૩ | | ૮ | ૧ | | |
| ૬ | | | ૧ | ૯ | ૫ | | | |
| | | | ૬ | ૭ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૭ | ૯ | ૨ | ૪ | ૮ | ૬ |
| ૨ | ૭ | ૬ | ૮ | ૪ | ૧ | ૫ | ૯ | ૩ |
| ૮ | ૯ | ૪ | ૫ | ૩ | ૬ | ૨ | ૭ | ૧ |
| ૫ | ૮ | ૯ | ૧ | ૬ | ૩ | ૭ | ૪ | ૨ |
| ૭ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ | ૯ | ૧ | ૮ |
| ૧ | ૪ | ૨ | ૯ | ૭ | ૮ | ૬ | ૩ | ૫ |
| ૬ | ૨ | ૭ | ૩ | ૧ | ૯ | ૮ | ૫ | ૪ |
| ૯ | ૩ | ૮ | ૪ | ૨ | ૫ | ૧ | ૬ | ૭ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૮ | ૭ | ૩ | ૨ | ૯ |

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| टंचाइ | અછત |
| टकळी | લવારો |
| टचकन | થોડી વારમાં |
| टणक | કઠ્ઠણ |
| टप्पो | મજલ |

ઓળખાણ પડી? ૧૦

માઈન્ડ ગેમ: રાજસ્થાન

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: થડ

ગુજરાત મોરી મોરી રે: પતિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) તાહેર ઓરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૭) રશીક જુથાણી - કેનેડા - ટોરંટો (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પુષ્પા પટેલ (૧૩) મીનળ કાપડિયા (૧૪) હર્ષા મહેતા (૧૫) લજિતા ખોના (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) નિતીન જયંતિલાલ બજરિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) પ્રવીણ વોરા (૨૩) વિપીન શાહ (૨૪) નૂતન વિપીન શાહ (૨૫) મહેશ દોશી (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) ભાવના કર્વે (૩૨) અંજુ ટોલિયા (૩૩) ડાયના સંતોકે (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અલકા વાણી (૩૬) શિલ્પા શ્રોફ (૩૭) નીતા દેસાઈ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) હિનાબેન દલાલ (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ઈનાક્ષીબેન દલાલ

ફેશન પ્લસ
પ્રતીમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

# આ વખતે દિવાળીમાં ફ્યુઝન અને ટ્રેડિશનલ ફેશનની ધૂમ

આ વખતની ૨૦૨૫ની શારદીય નવરાત્રમાં ઘણા નવા ફેશન ટ્રેન્ડ જોવામાં આવ્યા. આના પરથી ખાસ ખ્યાલ આવે કે, દિવાળીમાં તો ફેશનની ધૂમ મચી જશે. જે ફેશન ટ્રેન્ડ દિવાળીમાં ચાલવાનો હોય તેની ઝલક ગણેશોત્સવમાં જ જોવામાં આવી જાય છે. જે પ્રમાણ ગરબામાં ટ્રેડિશનલ અને ફ્યુઝન ફેશન બધે જ છવાઈ ગઈ હતી તે પ્રમાણે દિવાળીમાં પણ આ ફ્યુઝન જોવામાં આવશે. ફેશન ડિઝાઈનરનું માનવું છે કે, દિવાળીમાં થોડો ટ્રેડિશનલ, થોડો ફ્યુઝન, અને આરામદાયક તેમજ પર્સનલ ટ્રેન્ડ આ વખતે દેખાશે. આ વખતે દિવાળીમાં બ્રાઇટ કલર ધૂમ મચાવશે. જેમકે, ઓરેન્જ, રોયલ બ્લુ, એમરાલ્ડ ગ્રીન વગેરે જેવા આ દિવસોમાં માર્કેટમાં છવાયેલા રહેશે. દિવાળીમાં પણ આ જ રંગો ધૂમ મચાવશે.

ચમક, દમક અને મિરર વર્ક-નવરાત્રી એ મિરર વર્ક વગર અધૂરી છે. આ વખતે નવરાત્રી અને દુર્ગા પૂજામાં પારંપરિક એમ્બ્રોઇડરી, ઘાઘરા ચોળીમાં મિરર વર્કની શોભા જોવામાં આવી. આવનારા દિવાળી તહેવાર એટલે કે, કરવા ચૌથ અને ભાઈ બીજમાં પણ આજ રંગો છવાયેલા રહેવાનાં છે. ફ્યુઝન સ્ટાઇલ પણ ખૂબ જ ચલણમાં છે. તેમજ પારંપરિક કાપડોમાં પણ ખૂબ જ માંગ રહેશે.

જ્વેલેરી અને એક્સેસરીઝ-સ્ટેટમેન્ટ એર રિંગ, માંગ ટીકા, કમર પટ્ટો, પોટલી બેગ, રંગીન બેન્ગલ્સ અને એન્ક્લેટ આ અથેવરની શોભા બની રહેશે. એથનિક ટચ અને ઓક્સોડાઇસ સિલ્વર જ્વેલરી પાછલાં ઘણાં વર્ષોથી ચાલતી આવી છે જે આ વખતે પણ ચલણમાં જ રહેશે.

**શરારા સેટ્સ અને ઈન્ડો વેસ્ટર્ન કોમ્બિનેશન -**

શરારા એ એવો ડ્રેસ છે કે જે પારંપરિક પોશાક તરીકે સારો લાગે અને એક ફ્યુઝન વેર તરીકે પણ સારો લાગે. એની સાથે માર્કેટમાં ઈન્ડો વેસ્ટર્ન કોમ્બિનેશન પણ ખૂબ મળે છે જેમકે ક્રોપ ટોપ સાથે એથનિક બોટમ કે પછી ગ્લિટર પેન્ટ્સ સાથે ક્રોપ ટોપ. જેકેટ ડ્રેસ કમ્ફર્ટ સાથે સ્ટાઈલીંગ તો આપે જ છે અને કોર્ડ સેટમાં પણ સેમી ટ્રેડિશન અને ફોર્મલ પેટર્ન ધૂમ મચાવશે. એક જ ફેબ્રિકમાંથી બનાવેલા ડ્રેસ કે જેમાં નેક લાઈનમાં થોડું ઘણું ગ્લિટર હોય, કે જેની સ્લીવ્સમાં વેરિએશન હોય અને સાથે બોટમમાં પણ વેરિએશન હોય. એવા ડ્રેસની માન્ગ વધુ રહેશે. આજનું જનરેશન ચમકીલા કપડાં પસંદ કરવા કરતા આરામદાયક કપડાં વધારે પ્રિફર કરે છે. જે સિમ્પલ હોય છતાં સ્ટાઈલિશ લાગે.

મુંબઈ અને દિલ્હીના ફેસ્ટિવ સિઝનને ધ્યાનમાં રાખીયે તો, મુંબઈમાં દિવાળીમાં વધારે પડતા વેસ્ટર્ન વેર અને પારમ્પારિક વસ્ત્રોની વધારે માગ રહેશે અને દિલ્હીમાં જે ટ્રેન્ડ નવરાત્રીમાં હતો તેજ ફેશન ટ્રેડ અપનાવાશે. જેમકે, ભારી ઝરીવાળા ડ્રેસ, સિકવેન્સ, એમ્બ્રોઇડર લહેંગા, ઘાઘરા ચોળી, નેટની ઉપર વર્ક, ડીટેલ પેટર્નવાળું બ્લાઉઝ. ઘણાં વર્ષોથી જોવામાં આવ્યું છે કે, નવરાત્રીની આજુબાજુ શહેરનાં મહાનગરોમાં ગુજરાતી ફેશનનો જાદુ જોવા મળે છે. આ વર્ષ પણ બાકાત નથી, પરંતુ દિલ્હી અને મુંબઈમાં ફેશનની કોઈ સીધી ફોર્મ્યુલા નથી. બંને શહેરો પોતાની આગવી ફેશન સ્ટાઇલથી જ ઓળખાય છે. ■



ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# એક જેકેટ હો જાયે

કોઈ પણ ગારમેન્ટની ઉપર પહેરવામાં આવતું વસ્ત્ર એટલે જેકેટ. જેકેટમાં ઘણી વેરાઈટી આવે છે. કેઝ્યુઅલ જેકેટ અને ફોર્મલ જેકેટ. જેકેટ પહેરવાથી તમારા લુકમા એક એક્સ્ટ્રા એલિમેન્ટ એડ થાય છે. એમ કહી શકાય કે જેકેટ પહેરવાથી તમારો મોભો વધી જાય. જેકેટની પસંદગી કરતી વખતે તમારી હાઈટ અને બોડી ટાઈપ ખાસ ધ્યાનમાં રાખવી કારણકે જેકેટમાં ઘણી લેન્થ આવે છે અને અલગ અલગ પ્રકારની સ્ટાઇલિંગ હોય છે. સ્લીવલેસ જેકેટ પણ હોય છે અને સ્લીવ્સની વેરિએશનવાળા જેકટ પણ હોય છે. આજે આપણે સેમી ફોર્મલ જેકેટની વાત કરીએ.

**શોર્ટ જેકેટ -**

શોર્ટ જેકેટ એટલે જેની લેન્થ કમર સુધી હોય અથવા કમરથી ઉપર હોય. આ જેકેટમાં સ્લીવ હોય અને ન પણ હોય ડીપેન્ડિંગ કે ઓવરઓલ ડ્રેસની પેટર્ન કેવી છે. જો તમારે શોર્ટ જેકેટ પહેરવા છે તો તમારું શરીર ખૂબ જ સુડોળ હોવું જોઈએ. જો તમારી હાઈટ ઓછી હોય તો શોર્ટ જેકેટ ન પહેરવા. જેકેટનું ફેબ્રિક અને તેની પરનું વર્ક તમારા બેઝ આઉટફિટ પર આધાર રાખે છે. જો તમારો બેક્સ આઉટફિટ પ્લેન હોય તો જેકેટ વર્કવાળું પહેરવું જેથી કરી પ્લેન ડ્રેસ પર વર્કવાળું જેકેટ ઉઠીને આવે. અને જો તમારો ડ્રેસ પ્રિન્ટેડ હોય તો પ્લેન ફેબ્રિકનું જેકેટ પહેરી શકાય.

**લોન્ગ જેકેટ -**

લોન્ગ જેકેટ એટલે કે જેની લેન્થ તમારા બેઝ ડ્રેસ લેન્થ જેટલી હોય અથવા તો થોડી ઉપર નીચે હોય છે . એટલે કે, જો તમારી ડ્રેસની લેન્થ ૪૮ ઇંચ હોય તો જેકેટ તે જ લેન્થનું આવશે કે પછી ૨ ઇંચ ઉપર એટલે કે, ૪૬ ઇંચ હશે. આ કોન્સેપ્ટ સેમ ટુ સેમ કલરમાં પણ હોઈ શકે અને કોન્ટ્રાસ્ટ કલરમાં પણ હોઈ શકે. જો તમારે સેમ કલર કોમ્બિનેશનમાં પહેરવું હોય તો આઇવરી ગોલ્ડ કલરનો કલીદાર બેઝ ડ્રેસ અને તેની ઉપર સેમ શેડનું જ ટ્રાન્સપેરન્ટ જેકેટ કે જેમાં મારું કલરની પાઇપિન નાખી હોય જેન અલીધે જેકેટ પહેર્યું છે એમ લાગે. અને આઈવરી પર મરૂન કલર ઉઠીને જ આવશે. અને જો કોન્ટ્રાસ્ટ કલરમાં પહેરવું હોય તો બ્લેક કલરના કલીદાર ડ્રેસ સાથે મરૂન કલરનું સ્લીવલેસ જેકેટ પહેરી શકાય. બ્લેક અને મરૂન કલરનું કોમ્બિનેશન સારું પણ લાગે છે. એમજ ઓરેન્જ આ ને બ્લુ, રાણી અને ઓરેન્જ, કે પછી વાઈટ કલર સાથે મલ્ટિ કલર કોમ્બિનેશન પહેરી શકાય. જો તમારે આગવી છાપ ઊભી કરવી હોય તો રો સિલ્કનું કે સોફ્ટ વેલવેટનું જેકેટ પહેરી શકાય. રો સિલ્કના અને વેલ્વેટના જેકેટથી એક રોયલ લુક આવશે. આ જેકેટ પ્લેન હશે તો પણ સારા લાગશે અને જેકેટ પર થોડું વર્ક હશે તો પણ સારું લાગશે. આ જેકેટ પહેર્યા પછી મિનિમમ જ્વેલરી લુક સારો લાગશે. આ જેકેટ જ આખા લુકને કમ્પ્લીટ કરે છે. બીજી રીતે કહીયે તો આ ડ્રેસને ડબલ લેયરવાળો ડ્રેસ પણ કહેવાય. આ લુક સાથે તમે તમારી ચોઈસ મુજબ સિગાર પેન્ટ્સ, ફલેરી પ્લાઝો કે પછી ઘાઘરો પહેરી શકો. આજકાલના ટ્રેન્ડ મુજબ ફલેરી પ્લાઝો વધારે સારો લાગશે, જે દૂરથી ઘાઘરાનો જ લુક આપે છે. તહેવારોના દિવસોમાં જેટલો સિમ્પલ ડ્રેસ હશે તેટલા વધારે સુંદર લાગશે. કોઈનું આંધળું અનુકરણ કરવું નહિ. તમને અને તમારા બોડીને જે શોભે તે જ કપડાં પહેરવા. ખાસ ધ્યાન એ રાખવું કે કલર કોમ્બિનેશન બ્રાઇટ હોવા જોઈએ. ■

ફોકસ
દિક્ષિતા મકવાણા
feedback.ladki@bombaysamachar.com

# ૯૦% મુસ્લિમ વસતિ છે એ દેશમાં બુરખા પર પ્રતિબંધ કેમ ?

ઇટાલીમાં મેલોની સરકારે ઇસ્લામિક અલગતાવાદને રોકવા માટે બુરખા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. ઉલ્લંઘન કરવા પર રૂ. ૩ લાખ સુધીનો દંડ થશે. તેવી જ રીતે, તાજિકિસ્તાનમાં ૯૦% મુસ્લિમ વસતિ હોવા છતાં ૨૦૨૪ માં હિજાબ અને બુરખા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. એને 'વિદેશી વસ્ત્રો' ગણાવીને..,.!

ઇટાલીની મેલોની સરકારે ઇસ્લામિક અલગતાવાદનો અંત લાવવા માટે ત્યાં બુરખા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. એકવાર બિલ સત્તાવાર લાગુ થયા પછી દેશમાં બુરખા ધારણ કરવા પર પર પ્રતિબંધ મૂકવામાં આવશે. આમ છતાં , જો કોઈ શાળા - યુનિવર્સિટી કે પછી દુકાનોથી લઈને ઓફિસો અને જાહેર સ્થળોએ કોઈ પણ વ્યક્તિ બુરખા કે નકાબ પહેરશે તો એને રૂ. ૩ લાખનો દંડ ફટકારવામાં આવશે.



એક તરફ, ઇટાલીમાં બુરખા અને નકાબ પર પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો છે તો ૯૦% મુસ્લિમ વસતિ ધરાવતા તાજિકિસ્તાનમાં તો ગાયા વર્ષ ૨૦૨૪થી જ બુરખા - હિજાબ પર પ્રતિબંધ અમલમાં છે.

શા માટે બુરખા હિજાબ પર આ પ્રકારનો પ્રતિબંધ લાદવામાં આવ્યો છે ?

આ પ્રતિબંધ એટલા માટે લાદવામાં આવ્યો હતો કે બુરખા - હિજાબને અહીં વિદેશી વસ્ત્રો ગણવામાં આવતા હતા. તાજિકિસ્તાનની લગભગ ૯૦% વસતિ ઈસ્લામ ધર્મનું પાલન કરે છે છતાં ત્યાંના રાષ્ટ્રપતિ રહેમાન માનતા હતા કે હિજાબ તાજિક સંસ્કૃતિનો ભાગ નથી માટે રાષ્ટ્રીય સંસ્કૃતિ માટે આવાં વિદેશી ગણાતા તમામ વસ્ત્રોની આયાત, વેચાણ, પહેરવા ઉપરાંત એના પ્રમોશન પર પણ ત્યાં કડક પ્રતિબંધ છે. આનું ઉલ્લંઘન કરવા પર ૭,૯૨૦ સોમોની (આશરે ૭૪૭ ડૉલર) થી ૩૯,૫૦૦ સોમોની (આશરે ૩,૭૨૪ ડોલર) સુધીનો દંડ થઈ શકે છે.

અહીં તાજિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને ઈસ્લામિક ધર્મનું જાહેર પ્રદર્શનને ઘટાડવા માટે લેવામાં આવેલા અનેક પગલાંમાંથી આ એક છે. જે વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે એમાંથી એક આ બુરખા ,ઈત્યાદિ પરની બંધી છે.

૨૦૧૮માં સરકારે મહિલાઓ માટે સ્વીકાર્ય વસ્ત્રો ધારણ કરવાનીની વિગતો સાથે ૩૭૬ પાનાની માર્ગદર્શિકા બહાર પાડી હતી - પરંપરાગત રીતે માથા પાછળ રંગબેરંગી સ્કાર્ફ બાંધવાને સ્વીકાર્ય માનવામાં આવતું હતું, પરંતુ ચહેરો અને ગરદન ઢાંકવા પર પ્રતિબંધ હતો. કાળા કપડાં પણ પ્રતિબંધિત છે અને અંતિમ સંસ્કાર માટે વાદળી પોશાક અને સફેદ સ્કાર્ફની ભલામણ કરવામાં આવે છે.

ઇટાલીમાં પ્રતિબંધ માટે કેવી તૈયારી છે ?

ઇટાલી બુરખા પર પ્રતિબંધ મૂકવાની પણ તૈયારી કરી રહ્યું છે. ઇટાલીની બ્રધર્સ પાર્ટીના સાંસદ ગેલેઝો બિગ્નામીના જણાવ્યા અનુસાર આ બિલ-કાયદાનો હેતુ તમામ પ્રકારના ઉગ્રવાદને દૂર કરવાનો છે. એમની પાર્ટી અનુસાર ઇટાલીમાં કોઈ સમાંતર સમાજ સ્થાપિત થવો જોઈએ નહીં...

અમે ફ્રાન્સથી પ્રેરણા લીધી છે. અહીં બધા સમાન રીતે રહેશે. ધાર્મિક સ્વતંત્રતા મહત્ત્વપૂર્ણ છે, પરંતુ ઈસ્લામિક શરિયા કાયદો પણ ઇટાલિયન કાયદાથી ઉપર નથી. ઇટાલિયન રાજ્યના સિદ્ધાંતને અવગણી શકાય નહીં. ■

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

# કોણ છે 'ફોર્બ્સ' મેગેઝિનમાં સ્થાન પામનાર એકમાત્ર આશા કાર્યકર?

'ફોર્બ્સ' જેવાં પ્રતિષ્ઠિત મેગેઝિનમાં સ્થાન પામવા તમારે મિલિયોનેર કે બિલિયોનેર કે સુપરસ્ટાર અથવા તો કોઈ પાવરફુલ પોલિટિશિયન હોવું જરૂરી છે?

ના, જરાય નહીં. એના તેના માટે જરૂરી છે તમારા કર્મક્ષેત્રમાં નિષ્ઠાવાન પ્રયત્ન, જે લોકોના જીવનને જ નહીં, એમના હૃદયને પણ સ્પર્શી જાય. આવી મહિલાઓ જ નારીશક્તિનું સાચું ઉદાહરણ છે.

મટિલ્ડા કુલ્લુ! આ નામ ભાગ્યે જ કોઈએ પહેલાં સાંભળ્યું હશે, પરંતુ આજે એ આખી દુનિયામાં પ્રખ્યાત છે. ઓડિશાની રહેવાસી મટિલ્ડા કુલ્લુ ન તો કોઈ ઉદ્યોગપતિ છે કે ન તો ઉચ્ચ શિક્ષિત છે. આશા કાર્યકર તરીકે, તે માત્ર ૫,૦૦૦ રૂપિયાનો પગાર મેળવે છે તેમ છતાં 'ફોર્બ્સ- ઈન્ડિયા વુમન-પાવર ૨૦૨૧' ની યાદીમાં સ્થાન મેળવનાર એ પ્રથમ ભારતીય આશા કાર્યકર છે.

૨૦૦૫માં સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન શરૂ કર્યું અને નબળા સમુદાયોને આરોગ્ય સંભાળ સાથે જોડવા માટે આ આશા કાર્યકરોની ભરતી કરી. ભારતમાં આવા દસ લાખથી વધુ કાર્યકરો સક્રિય છે. મટિલ્ડાની સફર ૨૦૦૬ માં ઓડિશાના સુંદરગઢ જિલ્લાના ગર્ગદબહાલ ગામમાં આશા કાર્યકર તરીકે શરૂ થઈ હતી. આ પહેલા એ પતિ સાથે ઘર ચલાવવા માટે નાની નોકરીઓ અને સીવણકામ કરતી હતી, જે ૪ લોકોના પરિવાર માટે પૂરતું નહોતું. આશા વર્કર તરીકે કામ કરવાનો એનો મુખ્ય ઉદ્દેશ્ય પરિવાર માટે પૈસા કમાવવાનો હતો , પણ પોતાના કર્મને એણે ધર્મ માનીને જે રીતે નિભાવ્યું, તેની કહાણી ન માત્ર રોચક છે, પરંતુ પ્રેરણાદાયક પણ છે.

મટિલ્ડાનો દિવસ દરરોજ સવારે ૫ વાગ્યે ઉઠવાથી શરૂ થાય છે. પરિવાર માટે નાસ્તો અને બપોરનું ભોજન તૈયાર કર્યા પછી અને ઢોરની સંભાળ રાખ્યા પછી, તે સવારે ૭:૩૦ વાગ્યે સાઈકલ પર પોતાના ઘરેથી કામ માટે નીકળે છે.

ગર્ગદબહાલ ગામમાં ગામલોકો બીમાર પડે ત્યારે ન તો ડોક્ટર પાસે જતા કે ન તો હોસ્પિટલ જતા, એ લોકો સારવાર માટે 'ઝાડ ફૂંક' (કાળો જાદુ) કરતા. સગર્ભા સ્ત્રીઓને પ્રસૂતિ માટે હોસ્પિટલમાં જવાની પણ મંજૂરી નહોતી, તેથી બાળજન્મ દરમિયાન મુશ્કેલીઓના ઘણા કિસ્સાઓ સામે આવતા હતા. આવી સ્થિતિમાં, મટિલ્ડાનું પહેલું કાર્ય આ માનસિકતા બદલવાનું અને ગ્રામજનોને આરોગ્ય યોજનાઓ સમજાવવાનું હતું. કુલ્લુને ગામલોકોને યોગ્ય તબીબી માર્ગો અપનાવવા માટે શિક્ષિત કરવામાં વર્ષો લાગ્યા. સદ્ભાગ્યે મટિલ્ડાને કેટલાક શિક્ષિત ગ્રામજનોનું સમર્થન મળ્યું. ઘરે ઘરે જઈ, ગ્રામજનોને આરોગ્ય યોજનાઓ અને આરોગ્ય તપાસના મહત્ત્વ વિશે એ માહિતી આપતી, પરંતુ કુલ્લુ અનુસૂચિત જનજાતિની હોવાથી કેટલાંય ઘરોમાં એને જાતિવાદ અને અસ્પૃશ્યતાનો સામનો પણ કરવો પડ્યો.

શરૂઆતમાં, એનું મુખ્ય કાર્ય ગામની ગર્ભવતી મહિલાઓની તપાસ કરવાનું અને એમને શક્ય તેટલી તબીબી સહાય પૂરી પાડવાનું હતું. એણે ૨૦૦થી વધુ મહિલાઓને પ્રસૂતિ કરવામાં મદદ કરી છે. ધીમે ધીમે લોકો એના ઉપર વિશ્વાસ પણ મૂકવા લાગ્યા. જૂની પેઢીના લોકો હજી જાતિવાદના કારણે એનાથી દૂર રહેતા, પણ નવી પેઢીના લોકો મદદ માટે એની પાસે જતા હવે ખચકાતા નથી. ક્યારેક ગામલોકોની તબિયત સારી ન હોય તો એ કુલ્લુના ઘરે દવા લેવા માટે આવી જાય છે. ઘણીવાર, એને અડધી રાતે પ્રસૂતિ માટે ગર્ભવતી સ્ત્રીની મદદ કરવા દોડી જવું પડે છે. એના અન્ય નિયમિત કાર્યોમાં પ્રસૂતિ પહેલા/પ્રસૂતિ પછીની તપાસ, રસીકરણ, સેનિટાઇઝેશન, સ્વચ્છતાને પ્રોત્સાહન આપવું, પોલિયો અને અન્ય રસીઓ આપવી, સર્વેક્ષણો કરવા વગેરેનો સમાવેશ થાય છે. અને મહત્ત્વની વાત એ, કે આ બધું મટિલ્ડા એકલા હાથે સંભાળે છે!


મટિલ્ડા કુલ્લુ

આટલી મહેનત પછી એને માત્ર ૫,૦૦૦ રૂપિયા મળે છે! સરકાર તરફથી અપાતી પ્રોત્સાહક રકમ આપવામાં પણ સરકારી બાબુઓ જાણે પોતાના ગજવામાંથી આપવાના હોય તેવા ઠાગાઠૈયાં કરે. હમણાં આશા વર્કરોએ ૨ વર્ષથી બાકી રકમ માટે આંદોલન કરવાની પણ ફરજ પડી હતી.

કોવિડના સમયગાળામાં મટિલ્ડા કુલ્લુએ કરેલું કામ ખૂબ પ્રશંસનીય બન્યું હતું. માર્ચ મહિનામાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉન પછી જ્યારે આખા દેશને ઘરે રહેવાનું કહેવામાં આવ્યું, ત્યારે આશા વર્કરોને દરેક ઘરની મુલાકાત લેવા અને ગામલોકોને આ નવા વાયરસ વિશે શિક્ષિત કરવાનું કહેવામાં આવ્યું. લોકો કોવિડ ટેસ્ટથી દૂર ભાગતા હતા, એમને સમજાવવા ખરેખર મુશ્કેલ હતા.

લોકોના સીધા સંપર્કમાં આવવાનું હતું, છતાં પીપીઈ, માસ્ક, ગ્લોવ્સ અને સેનિટાઇઝર પણ નહોતા મળ્યા. આમ છતાં મટિલ્ડાએ પોતાનું કામ પૂરી નિષ્ઠાથી નિભાવ્યું. કોવિડની બીજી લહેર દરમિયાન પોતે ચેપગ્રસ્ત થઇ હોવા છતાં, સ્વસ્થ થયા પછી બે અઠવાડિયામાં ફરી કામ શરૂ કર્યું હતું. ફેલાતી અફવાઓ વચ્ચે લોકોને વેક્સીન લેવા સમજાવવું પણ ભગીરથ કાર્ય હતું. જે એણે કરી બતાવ્યું. તેમાં ગામના લોકોનો મટિલ્ડામાં રહેલો વિશ્વાસ પણ મહત્ત્વનો સાબિત થયો. આજે, મટિલ્ડા કુલ્લુ લગભગ ૧,૦૦૦ લોકોની સંભાળ રાખે છે, જેમાંથી મોટાભાગના ખારિયા જાતિના છે.


આશા કાર્યકરોને સરકારની આંખ અને કાન કહેવાય છે, કેમકે છેવાડાના ગામડામાં પાયાના સ્તરે શું પરિસ્થિતિ છે તેની કોઈપણ માહિતી માટે અધિકારીઓ સંપૂર્ણપણે એમના ઉપર આધાર રાખે છે. તેમ છતાં એમને મહેનતનું પૂરું વળતર મળતું નથી. આવી સ્થિતિમાં પણ પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરીને દેશસેવામાં અમૂલ્ય યોગદાન આપતી મટિલ્ડા જેવી લાખો આશા કાર્યકર્તાઓ, ખરેખર આપણા દેશના ઉજ્જવળ ભવિષ્યની આશા છે. ■

# પુરુષ

## નવા વર્ષમાં આ રીતે વધારીએ પુરુષત્વનો પ્રભાવ!

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

**દિવાળીનો** તહેવાર નજીક આવી રહ્યો છે. આ ઉત્સવની રોશની સાથે ગુજરાતી નવું વર્ષ પણ શરૂ થશે. આગામી ગુરુવારે, જ્યારે ‘મેલ મેટર્સ’ કોલમમાં બીજો લેખ છપાશે, ત્યાં સુધીમાં નવું વર્ષ બેસી ગયું હશે. આ નવા વર્ષની શરૂઆત એ પુરુષો માટે એક ઉત્તમ તક છે કે એ પોતાના શારીરિક સ્વાસ્થ્ય અને જીવનશૈલી પર ધ્યાન આપે. આજના ઝડપી જીવનમાં, જ્યાં સ્પર્ધા, જવાબદારીઓ અને આધુનિક જીવનશૈલીનું દબાણ સતત વધી રહ્યું છે, પુરુષો માટે શારીરિક સ્વાસ્થ્યની જાળવણી એક મહત્ત્વપૂર્ણ પડકાર છે. પુરુષત્વનો સાચો અર્થ શારીરિક શક્તિ કે બાહ્ય દેખાવથી આગળ વધે છે. તે શારીરિક, સામાજિક અને વ્યક્તિગત સંતુલનનો સમન્વય છે. આ નવા વર્ષમાં પુરુષે એના જીવનની ગુણવત્તા વધારવા માટે કેટલીક વાતનું વિશેષ ધ્યાન રાખે.




નવું વર્ષ શારીરિક સ્વાસ્થ્યની નવી શરૂઆત માટે આદર્શ સમય છે. નિયમિત વ્યાયામ એ શારીરિક તંદુરસ્તીનો પાયો છે. દિવાળીની રજાઓ દરમિયાન ઘણીવાર ખાણીપીણી વધી જાય છે, જે શરીર પર બોજ બની શકે છે. આથી, નવા વર્ષમાં દરરોજ ઓછામાં ઓછું ૩૦ મિનિટનું વ્યાયામ, જેમ કે દોડવું, વેઈટ લિફ્ટિંગ, યોગ કે સાયકલિંગ, ઈત્યાદિ શરૂ કરવું જોઈએ. આવી પ્રવૃત્તિ હૃદયની તંદુરસ્તી, સ્નાયુઓની શક્તિ અને સ્ટેમિના વધારે છે. વેઈટ ટ્રેનિંગ ખાસ કરીને પુરુષોમાં ટેસ્ટોસ્ટેરોનનું સ્તર વધારે છે, જે શારીરિક શક્તિ ઉપરાંત ઊર્જા અને આત્મવિશ્વાસને પ્રોત્સાહન આપે છે. અહીં એક રસપ્રદ વાત એ છે કે નિયમિત વ્યાયામ શરીરમાં એન્ડોર્ફિન્સનું ઉત્પાદન વધારે છે, જે તણાવ ઘટાડે છે અને મૂડને ઉત્સાહી બનાવે છે. નવા વર્ષના સંકલ્પ તરીકે, પુરુષો એક ફિટનેસ રૂટિન બનાવી શકે છે, જે દિવાળીની ઉજવણી પછી શરીરને ફરી સંતુલિત કરે.

પોષણ પણ શારીરિક સ્વાસ્થ્યનું એક આવશ્યક અંગ છે. દિવાળી દરમિયાન મીઠાઈઓ, તળેલા નાસ્તા અને ભારે ભોજનનું સેવન વધે છે, જે શરીરમાં બિનજરૂરી ચરબી અને ખાંડનું પ્રમાણ વધારે છે. નવા વર્ષમાં, પુરુષોએ સંતુલિત આહાર અપનાવવો જોઈએ, જેમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન્સ અને મિનરલ્સનો સમાવેશ હોય. દરરોજ ૧.૬ થી ૨.૨ ગ્રામ પ્રોટીન પ્રતિ કિલોગ્રામ શરીરના વજન મુજબ લેવાથી સ્નાયુઓની વૃદ્ધિ અને સમારકામ થાય છે. બદામ, દાળ, ઈંડાં, ચીકન અને દૂધ જેવા ખોરાક પ્રોટીનના ઉત્તમ સ્રોત છે. ઓમેગા-૩ ફેટી એસિડથી ભરપૂર માછલી અને ફ્લેક્સસીડ્સ હૃદયના સ્વાસ્થ્યને સુધારે છે.

ગુજરાતી ખોરાકમાં ઢોકળા, ખાંડવી અને રોટલી-શાક જેવાં વ્યંજનોને સંતુલિત રીતે ખાવાથી પોષણની જરૂરિયાતો પૂરી થઈ શકે છે. નવા વર્ષમાં, ખાંડ અને તળેલા ખોરાકનું સેવન ઓછું કરવાનો સંકલ્પ લેવો જોઈએ, જેથી સ્થૂળતા, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવી બીમારીઓનું જોખમ ઘટે.

જીવનશૈલીમાં નિયમિતતા અને શિસ્ત લાવવી એ નવા વર્ષનો બીજો મહત્ત્વનો સંકલ્પ હોવો જોઈએ. દિવાળીની રજાઓ દરમિયાન મોડી રાત સુધી જાગવું અને અનિયમિત દિનચર્યા શરીરની રોગપ્રતિકારક શક્તિને નબળી પાડે છે. નવા વર્ષમાં, દરરોજ ૭-૮ કલાકની નિરવછેદ ઊંઘ લેવાની આદત બનાવવી જોઈએ. ઊંઘ દરમિયાન શરીર ગ્રોથ હોર્મોનનું ઉત્પાદન કરે છે, જે સ્નાયુઓના વિકાસ અને પેશીઓના સમારકામમાં મદદ કરે છે. આ ઉપરાંત, ધૂમ્રપાન અને અતિશય દારૂનું સેવન છોડવું જોઈએ, કારણ કે આ ફેફસાં અને યકૃતને નુકસાન પહોંચાડે છે.

નવા વર્ષની શરૂઆતમાં, પુરુષો એક નિયમિત શેડ્યૂલ બનાવી શકે છે, જેમાં સવારે વ્યાયામ, દિવસ દરમિયાન પૌષ્ટિક આહાર અને રાતે પૂરતી ઊંઘનો સમાવેશ થાય.

પુરુષો ઘણીવાર નાની-મોટી શારીરિક સમસ્યાઓને અવગણે છે, જે લાંબા ગાળે ગંભીર બની શકે છે. નવા વર્ષમાં, નિયમિત હેલ્થ ચેક-અપનો સંકલ્પ લેવો જોઈએ. બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને બ્લડ સુગરની તપાસથી રોગોનું વહેલું નિદાન થઈ શકે છે. ખાસ કરીને, ૪૦ વર્ષથી ઉપરના પુરુષોએ પ્રોસ્ટેટ સંબંધિત સમસ્યાઓ માટે વાર્ષિક તપાસ કરાવવી જોઈએ.

ગુજરાતી સમાજમાં, જ્યાં પુરુષ પર પરિવારની આર્થિક અને સામાજિક જવાબદારીઓનું ભારણ હોય છે ત્યાં સ્વાસ્થ્યની અવગણના નુકસાનકારક બની શકે છે. ભારતમાં પુરુષોમાં હૃદયરોગનું પ્રમાણ વધી રહ્યું છે તેનું મુખ્ય કારણ અનિયમિત જીવનશૈલી છે. નવા વર્ષમાં, દિવાળીની ઉજવણી પછી શરીરને ડિટોક્સ કરવા અને સ્વસ્થ રૂટિન અપનાવવા પર ધ્યાન આપવું જોઈએ.

શારીરિક સ્વાસ્થ્યની સાથે, પુરુષની સામાજિક હાજરી પણ તેમના જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સ્વસ્થ અને ફિટ શરીર પુરુષને કામના સ્થળે અને સામાજિક વર્તુળોમાં વધુ આત્મવિશ્વાસ આપે છે. ગુજરાતી સંસ્કૃતિમાં, જ્યાં પુરુષને પરિવારના નેતા તરીકે જોવામાં આવે છે, ત્યાં શારીરિક તંદુરસ્તી એની નેતૃત્વની ક્ષમતાને વધારે છે. નિયમિત રમતગમત ફિટનેસ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી પુરુષ શારીરિક રીતે મજબૂત બને છે અને એની નિર્ણય લેવાની ક્ષમતા અને ધીરજ વધે છે. નવા વર્ષમાં, દિવાળીના ઉત્સવની ઉર્જાને જાળવી રાખીને, પુરુષે ટેક્નોલોજી અને ડિજિટલ જીવનશૈલીના દબાણને ઘટાડવા સક્રિય જીવનશૈલી અપનાવી શકે છે.

નવું વર્ષ એ નવી શરૂઆતનો સમય છે, અને દિવાળીની રોશની આ શરૂઆતને વધુ શુભ બનાવે છે. શારીરિક સ્વાસ્થ્ય અને જીવનશૈલીનું સંતુલન પુરુષોને લાંબું અને પરિપૂર્ણ જીવન આપે છે સાથે જ એમની આસપાસના લોકો માટે પ્રેરણા બને છે. ગુજરાતી સમાજમાં, જ્યાં સંસ્કૃતિ અને આધુનિકતાનું સંગમ છે, ત્યાં પુરુષ શારીરિક સ્વાસ્થ્ય દ્વારા પોતાનું પુરુષત્વ વધુ સશક્ત બનાવી શકે છે. નવા વર્ષમાં, નિયમિત વ્યાયામ, પૌષ્ટિક આહાર, પૂરતી ઊંઘ અને નિયમિત તપાસનો સંકલ્પ લઈને પુરુષો પોતાના જીવનને વધુ ઉત્પાદક બનાવી શકે છે. આથી પુરુષત્વનો સાચો પ્રભાવ શારીરિક અને વ્યક્તિગત સંતુલનમાં રહેલો છે, જે નવા વર્ષની દરેક પડકારજનક પરિસ્થિતિને પહોંચી વળવાની તાકાત આપે છે. ■



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પત્નીને મદદ તો માતાને કેમ નહીં?

ડિયર હની,

યુવાપેઢીમાં કેટલાક ફેરફાર આવ્યા છે એની નોંધ લેવા જેવી છે. ખાસ કરીને શિક્ષિત યુવા પેઢીમાં કેટલાક ફેરફાર દામ્પત્ય જીવનની તસવીર બદલતા જોવા મળે છે, જેમકે પત્નીને ઘરકામમાં કે અન્ય કામોમાં મદદ કરવી. થોડાં વર્ષો પહેલાં આવાં દ્રશ્યો બહુ ઓછાં જોવા મળતાં હતાં. હવે એવાં દ્રશ્યો ઘેર ઘેર જોવા મળી રહ્યાં છે.

આ બદલાવ કેમ આવ્યો? આવો પ્રશ્ન પૂછવા જેવો છે. અને સાથે એ પણ પૂછવું જોઈએ કે, પત્નીને મદદ કરનાર પતિ એની માતાને કામમાં ભાગ્યે જ મદદ કરે છે, આવું કેમ? એક સિક્કાની બે બાજુ જેવા આ પ્રશ્ન છે.

આજે કોઈ યુવક - યુવતી વચ્ચે લગ્ન થાય છે. પછી દામ્પત્ય જીવનની શરૂઆતમાં પતિ પત્નીને મદદ કરવા માટે તત્પર હોય છે. ક્યારેક એમાં ફરજ પણ જોવા મળે છે. પણ પતિ મદદ કરે છે જરૂર. પછી એ રસોડાનું કોઈ કામ હોય કે પછી ઘરનું બીજું કોઈ કામ... પતિ - પત્ની બંને નોકરી કરતાં હોય એવા દંપતીમાં તો આવો માહોલ અચૂક જોવા મળે છે. આ બહુ સારો બદલાવ છે. એ વાત સાચી કે, પતિ ઘર માટે કમાય અને પત્ની ઘર સાચવે. એવી પરમ્પરા સદીઓથી ચાલતી આવે છે, પણ હવે એમાં બદલાવ આવ્યો છે તો એનું સ્વાગત થવું જોઈએ. જોકે, આજે ય કેટલાક પતિ એમ જ માને છે કે, રસોડા કે ઘરનાં કોઈ કામકાજ તો પત્નીને જ કરવાના હોય છે અને ત્યારે પતિઓ ભૂલી જાય છે કે, એમને તો રવિવારે કે અન્ય રજાઓ મળે છે, પણ પત્નીને પતિ જેવી આવી ક્યારેય સત્તાવાર રજા મળતી નથી.

એક બીજો પણ બદલાવ જોવા મળી રહ્યો છે. યુવતી સાસરે આવે તો સાસુ - સસરાને મા - પિતા કે મમ્મી કે ડેડી કહેવા લાગે છે, પણ પતિ એના સાસુ-સસરાને મમ્મી ડેડી કહેવામાં સંકોચ કરે છે. આપણા જ એક પરિવારનો કિસ્સો છે. સગાઈ થઇ એ પછી એ યુવાન સાસરે ગયો અને સાસુને આંટી કહી બોલાવ્યાં ત્યારે એની વાગ્દત્તાએ કહ્યું કે, હું તારી મમ્મીને મમ્મી કહું છું, તને મારી મમ્મીને મમ્મી કહેતા કેમ સંકોચ થાય છે? તું નહિ કહે તો હું ય નહિ કહું....! આવું કહ્યા બાદ યુવાનનું વલણ બદલાયું હતું. આ બદલાવ પણ ઇચ્છનીય છે.

તારી- મારી વાત કરું તો હું તને ઘરકામમાં મદદ કરતો આવ્યો છું. પછી શાકભાજી સમારવાની વાત હોય કે, ઘર સાફ કરવાની કે થેપલા ચોળવવાની વાત હોય કે પૂરી તળવાની... પૌવા કે ઉપમા બનાવવાની વાત હોય. મારો સાથ એમાં હોય જ છે. કેટલાક પતિઓ રસોઈ પણ સારી બનાવી જાણે છે. અને એવા પતિની પત્ની પોતાને ભાગ્યશાળી માને છે. પતિની જેમ પત્નીઓ પણ ઓફિસ જતી હોય તો પછી પતિઓ રસોડામાં કેમ ના જઈ શકે? વાત સાવ સીધી સાદી છે, પણ આપણા સમાજમાં હજુ એ સંપૂર્ણપણે સ્વીકાર્ય બની નથી.

હા, આ સાથે એ પ્રશ્નનો જવાબ મેળવવો જોઈએ કે, પત્નીને મદદ કરતો પુરુષ માતાને કે બહેનને ઘરકામમાં કેમ મદદ નથી કરતો...?

મારી વાત કરું તો તને ખબર પણ છે કે, હું મારી બાને ઘણી બધી મદદ કરતો. રસોઈમાં નાની-મોટી મદદ કરું અને જરૂર પડ્યે વાસણો પણ ધોયાં છે. સાચું કહું તો આ બધું મને હું બહાર ભણવા ગયો અને હોસ્ટેલમાં રહેવું પડ્યું ત્યારે બહુ કામ લાગ્યું હતું, પણ બધા યુવાન માતાને મદદ કરતા નથી એ વાસ્તવિકતા છે. અમે ઘરમાં ત્રણ ભાઈ જ હતા- બહેન નહોતી એટલે પણ હું કદાચ બાને મદદ કરતો હોઈશ એમ પણ માની શકાય, પરંતુ મોટાભાગના યુવાનો માતાને કે બહેનને મદદ કરતા નથી. પરંપરાગત કુટુંબ વ્યવસ્થામાં, માતા અને બહેન જ ઘરના તમામ કામકાજ માટે મુખ્ય જવાબદાર વ્યક્તિઓ ગણાતી. બીજું કે, દીકરા દ્વારા માતા કે બહેનને ઘરકામમાં મદદ કરવાની સામાજિક કે કૌટુંબિક અપેક્ષા ક્યારેય રાખવામાં નહોતી આવતી. બાળપણમાં ઘરમાં એની ભૂમિકા અલગ હતી એટલે માતા કે બહેનને મદદ કરવાની ટેવ કે સંસ્કૃતિ ઊભી થઈ નહીં. ક્યારેક, સંસ્કૃતિના ભાગ રૂપે દીકરો એવું માને છે કે માતાના કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય નથી અથવા તે એમની ભૂમિકાનું અપમાન ગણાશે, ભલે તે મદદ કરવાના ઈરાદે હોય.

આ માનસિકતા બદલાય એ જરૂરી છે. ઘરમાં મહિલા કોઈ પણ હોય એને પુરુષ સભ્યે મદદ કરવી જોઈએ. એનાથી કુટંબ ભાવના પ્રબળ બને છે. મહિલા સભ્યો કામ કરતા જ રહે એવું ક્યાં સુધી ચાલતું રહેશે? આવી ખોટી પરમ્પરા તૂટે એ જરૂરી છે. માતા-પિતા જો દીકરાઓને આ વાત બાળપણથી સમજાવે તો પૂરું દ્રશ્ય બદલાઈ શકે છે.

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## ચાલો, ‘સાઠે બુદ્ધિ નાઠે’ કહેવતને ખોટી પાડીએ...


ગયા અઠવાડિયાના ‘વયોવૃદ્ધ નહીં મતિવૃદ્ધ થઈએ લેખમાં સલાહ-સૂચનનો મારો ચલાવ્યો હતો તો ચાલો, તૈયાર થઈ જાવ વધારાના સલાહ-સૂચન વાંચવા.... આમેય સલાહ આપવી બધાને ગમતી હોય છે. (હું પણ એમાંની એક છું!) તો આગળ વધીએ...

‘સાઠે બુદ્ધિ નાઠે’ નહીં પણ સાઠે બુદ્ધિ વધે, સમજ સ્થિર થાય. જીવનના અનુભવનો નિચોડ સમજમાં આવી જાય. તેથી બહુ સમજીને, બહુ વિચારીને સંતાનો સાથે વર્તન કરવાનું. ખાસ કરીને પુત્રવધૂ સાથે, કારણ કે આખો દિવસ તમે પુત્રવધૂ સાથે વીતાવવાના છો. પુત્ર તો ધંધાર્થે સવારનો નીકળી જશે ને એ રાત્રે ઘરે પાછો આવશે. દીકરી યુવાન હોય કે તમે દીકરીના ઘેર રહેતા હો તો પણ સમજીને વર્તન કરવાનું છે. વહુ-દીકરીના કાર્યમાં દખલગીરી નહીં કરવાની. હું તમને સલાહ-ભલે આપું પણ તમારે તમારી વહુ-દીકરીને સલાહ-સૂચન આપવા નહીં. તેમને પોતાની રીતે જ કામ કરવા દેવાના. ઘરના કામમાં કે બાળકોના ઉછેરમાં તમારી સલાહ્રી માગે તો જ આપવાની.

આજની પેઢી પોતે હોશિયાર છે-સ્માર્ટ છે. ઘરનું કામ કેવી રીતે કરવું, બાળકોનો ઉછેર કેવી રીતે કરવો તે એ સારી રીતે જાણે છે. ન જાણતા હોય તો ગૂગલબાબા તેમને માર્ગદર્શન આપી દે છે. હા, તમારી અને તેમની રીતમાં ફરક જરૂર હશે, પણ સમય પરિવર્તનશીલ છે. બદલાતા જમાના સાથે બધું બદલાતું હોય છે એનો સ્વીકાર કરવાનો. હા, એ લોકો તમારી કોઈ મદદ ઈચ્છતા હોય તો મદદ જરૂર કરવી. બા શાક સમારી દે, બાળકોને વાર્તા કહી શકે. બાપુજી બજારમાંથી શાકભાજી-ફળફળાદિ લઈ આવી શકે, બેંકનું કામ કરી શકે, બાળકોને સ્કૂલમાં લાવવા-મૂકવાનું કામ કરી શકે. આવાં નાના મોટા કામ પરિવારજનોને ઘણાં ઉપયોગી થઈ પડે છે તો પોતાની શક્તિ અનુસાર વહુ-દીકરીને મદદ કરવાની તેના કામમાં દખલગીરી કર્યા વગર.

એક વાત ગાંઠે બાંધી લો કે ઘણાં વર્ષો તમે પરિવારનું મધ્યબિંદુ હતા, સેન્ટરમાં હતા. ઘરના-વ્યવહારના બધાં કામ તમને પૂછીને કરવામાં આવતા હતા, પણ જ્યારથી તમારી વય વધવા માંડી છે, તમે બીમાર રહેવા લાગ્યા છો, થોડી યાદશક્તિ ઓછી થઈ છે ત્યારથી તમને કોઈ પૂછતું નથી. ઘરનું કામ હોય કે વ્યવહારનું એ લોકો પોતાની મેળે જ નક્કી કરી લે છે. તમને ઓછું આવે - દુઃખ લાગે : બધાં બહુ હોશિયાર થઈ ગયા છે. કોઈ પૂછતુંય નથી. જો હવે આપણને કોઈ પૂછે તો જ જવાબ આપવાનો. પૂછે નહીં તો કંઈ બોલવાનું નહીં, જોયા કરવાનું. ‘બોલાવ્યા વિના બોલે, તણખલાની તોલે’. આપણે તણખલું નહીં, વૃક્ષ બનવાનું છે. ઉંમર વધવાની સાથે વૃક્ષ જેવી છાયા પરિવારને આપવાની છે. ખોટેખોટું બડબડ કરીને આપણી કિંમત ઘટાડવાની નથી. તેથી બધાં મને બધું પૂછીને જ કરે તેવો આગ્રહ છોડી દેવાનો.

સમયસર તમારા કામ પતાવો. એવું નહીં કે તમે રિટાયર્ડ થઈ ગયા છો એટલે ગમે તે સમયે ઊઠો, ગમે તે સમયે નિત્યક્રમ પતાવો, ગમે તે સમયે જમવા બેસો. નિવૃત્ત તમે થયા છો તમારા પરિવારના સભ્યો નહીં. તેમને તેમના સમયે કામ પતાવવાનું છે. તેમને પોતાના કામ પર જવાનું છે, બાળકોનો સમય સાચવવાનો છે, કામવાળી બાઈનો તો સમય સાચવ્યે જ છૂટકો એટલે તમારું ફિક્સ રુટિન રાખો જેથી પરિવારના સભ્યો એ રીતે તમારું અને એમનું સમયપત્રક સેટ કરે.




ખાવાપીવાની બાબતમાં તો બિલકુલ કચકચ કરતા નહીં. આખી જિંદગી બહુ ખાધું. હવે ઉંમર થઈ છે, ડાયાબિટીસ છે, કોલેસ્ટ્રોલ છે. ખાવામાં ધ્યાન રાખવાનું છે. ડોક્ટરે જણાવેલી પરેજી પાળવાની છે. પરિવારજનો પણ ડોક્ટરની સૂચના પ્રમાણેનો ખોરાક તમને આપશે. તેમને તમારી ચિંતા છે તો થાળીમાં જે પીરસાય તે પ્રસાદ સમજીને જમી લેવાનું. આખી જિંદગી કેટલું ખાધું તો યે સંતોષ ન થયો તો હવે પાછલી ઉંમરે ખાઈને સંતોષ થઈ જવાનો છે? તમારી પત્નીએ જેવું સ્વાદિષ્ટ જમણ તમને જમાડ્યું છે તેવું કદાચ તમારી પુત્રવધૂને બનાવતા નહીં આવડતું હોય તો મોઢું નહીં બગાડવાનું. શાંતિથી જે મળે તે જમી લેવાનું.

ઉંમર વધવા સાથે ઘણીવાર માણસ જીદ્દી થઈ જાય છે. એટલા બધાં જક્કી થઈ જાય છે કે લીધેલી વાત મૂકવા તૈયાર થતા નથી. પોતાની ઈચ્છા બીજા પર થોપવા માટે અડગ રહે છે. ક્યારેય પોતાની ઈચ્છા બીજા પર થોપવાની કોશિશ કરવાની નહીં. પોતાની વાત મનાવવાની જીદ છોડી દેવાની.

વય વધવાની સાથે શારીરિક તકલીફોનો સામનો કરવો જ પડે. નાની મોટી તકલીફ તો રહેવાની જ. સ્વાસ્થ્યની તકલીફોને સ્વીકારી લેવાની. હા, જે પણ સારવાર થઈ શકતી હોય તે કરવાની પણ આખો દિવસ તબિયતના રોદણાં નહીં રડવાના. કેટલીક વયસ્ક વ્યક્તિને તમે ફોન કરો કે રૂબરૂ મળો ત્યારે તબિયતના ખબર પૂછશો કે એ ચાલુ થઈ જશે તબિયતના રોદણાં રડવા. તેમને તબિયતની કેટલી બધી તકલીફ છે, .... વગેરે વગેરે. લોકોને આવી બધી વાતો સાંભળવામાં જરાય રસ હોતો નથી. જો તમે હસશો તો બધાં તમારી સાથે હસશે, પણ રડશોને તો તમારી સાથે કોઈ રડશે તો નહીં જ પણ તમારી સાથે વાત કરવાનું પણ ટાળશે. તમારી તકલીફ તમારી છે, એને કર્મનું ફળ સમજીને સ્વીકારી લો અને સહન કરો. તમારી તબિયત વિષેનું પેલી ‘અનુપમા’ની માફક પાંચ પાનાનું ભાષણ સાંભળવામાં કોઈને રસ નથી એટલું સમજી લેજો.

તમે કોઈને કામ ચીંધો અને તરત થઈ જશે એવી અપેક્ષા રાખવાની નહીં. તમે કોઈને ઓર્ડર કર્યો કે આમ કરો, એ તરત થઈ જશે એવી આશા શા માટે રાખવાની? અરે, તમારાં સંતાનોને છોડો, કામવાળા પણ તમારો પડ્યો બોલ ઝીલવાના નથી. સૌ પોતાની અનુકૂળતાએ તમારું કામ કરી આપશે. ધીરજ ધરવાની. આખરે ‘ધીરજના ફળ મીઠાં’.

ઘણીવાર વયસ્ક વ્યક્તિ ઘેર મહેમાન આવે તેની સમક્ષ પરિવારજનોની નિંદા કરવા માંડે છે: ‘વહુ મારું ધ્યાન રાખતી નથી. દીકરો મારી વાત સાંભળતો નથી. જમવામાં કાંઈ ઠેકાણું હોતું નથી’ વગેરે વગેરે. આવું તો ક્યારેય કરવાનું નહીં, કારણ કે તમે જેને વાત કરશો એ તમે કહેલી વાતમાં મીઠું-મરચું ભભરાવીને તમારાં સંતાનોને ચઢાવી મારશે અને તમારાં ઘરમાં ઝઘડો થઈ જશે. વળી, એક વાત હંમેશાં યાદ રાખજો - તમારું ધ્યાન તમારા પરિવારજનો જ રાખવાના છે. સાજેમાંદે સેવા ઘરના લોકો જ કરશે. બહારના કોઈ લોકો તમારું કરવા આવવાના નથી. ‘આખિર અપને તો અપને હોતે હૈ’ તેથી આવી ભૂલ કદી ન કરતા.... સલાહનું ચેપ્ટર-૩ આવતા અઠવાડિયે...ચાલો, ‘સાઠે બુદ્ધિ નાઠે’ કહેવતને ખોટી પાડીએ! ■

# ગુજરાતમાં પ્રધાનમંડળનું ટૂંક સમયમાં વિસ્તરણ થશેઃ રાજ્યપાલે પ્રવાસ ટૂંકાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રધાનમંડળ વિસ્તરણની આતુરતાથી રાહ જોવામાં આવી રહી છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દિલ્હીથી પરત ફર્યા બાદ રાજ્યમાં ગમે ત્યારે પ્રધાનમંડળ બદલાશે તેવી અટકળો શરૂ થઈ હતી. જોકે સૂત્રોના જણાવ્યા મુજબ, આવતીકાલે ગાંધીનગરમાં કેબિનેટ બેઠક યોજાશે. જેમાં નબળી કામગીરી કરનારા પ્રધાનોના રાજીનામા લેવામાં આવી શકે છે. જે બાદ નવા પ્રધાનમંડળની જાહેરાત થઈ શકે છે. આ ઉપરાંત રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનો પ્રવાસ અનિવાર્ય રીતે ટૂંકાવવાનો નિર્ણય લેવાયો હતો. જેથી આજે અથવા શુક્રવાર સુધીમાં નવું પ્રધાનમંડળ જાહેર થઈ શકે છે.

નવા પ્રધાનમંડળની ભવ્ય શપથવિધિનો કાર્યક્રમ મહાત્મા મંદિર અથવા વિધાનસભા બહારના પટાંગણમાં યોજાઈ શકે છે. સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીના વધતા જોરને ધ્યાનમાં રાખીને પાર્ટી પાટીદાર નેતાઓને સમાવેશ કરી છે. જેમાં જયેશ રાદડીયા, મહેશ કસવાલાનું નામ અગ્રેસર છે. આ ઉપરાંત અર્જુન મોઢવાડિયા તથા રિવાબા જાડેજાને પણ સૌરાષ્ટ્રમાંથી સ્થાન મળી શકે છે.

દક્ષિણ ગુજરાતના આદિવાસી નેતા જયરામ ગામીતને સ્થાન મળી શકે છે. વડોદરામાંથી કેયુર રોકડિયા અથવા બાલુ શુક્લાને પ્રધાનમંડળમાં સ્થાન મળી શકે છે. ઓબીસી સમાજના અગ્રણી નેતા અલ્પેશ ઠાકોરને પણ મંત્રી મંડળમાં સ્થાન મળી શકે છે. જોકે પાટીદાર આંદોલનથી ચર્ચામાં આવેલા અને કૉંગ્રેસમાંથી ભાજપમાં ભળીને વિરમગામથી ચૂંટણી લડીને ધારાસભ્ય બનેલા હાર્દિક પટેલની પણ સરપ્રાઈઝ એન્ટ્રી થઈ શકે છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્યમાં થઈ રહેલી એક ચર્ચા મુજબ, જિતુભાઈ વાઘાણીને કેબિનેટમાં સ્થાન મળી શકે છે. પૂર્વ પ્રમુખ અને પૂર્વ પ્રધાન જિતુભાઈ વાઘાણીને હોમ ડિપાર્ટમેન્ટ મળી શકે છે. એવી ધારણા થઈ છે કે પ્રધાનમંડળના આ વિસ્તરણમાં સૌરાષ્ટ્રના ધારાસભ્યોને વધુ મહત્ત્વના પદ અપાશે. ખાસ કરીને પાટીદોરોને વધુ મહત્ત્વ મળશે.

આ ઉપરાંત રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીના કેટલાક વરિષ્ઠ અને ભૂતપૂર્વ નેતાઓ નારાજ છે.

# હુરુન ઈન્ડિયાની 'ટોચના યુવાન ઉદ્યોગસાહસિકો'ની યાદીમાં ૧૮ ગુજરાતી યુવાનો ઝળક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હુરુન ઇન્ડિયાની યાદીમાં યુવાન ગુજરાતી ઉદ્યોગસાહસિકોનો દબદબો જોવા મળ્યો હતો. ૩૫ વર્ષથી ઓછી વયના ૧૫૫ ટોચના ઉદ્યોગસાહસિકોમાં ૧૮ ગુજરાતી મૂળના યુવાનોને સ્થાન મળ્યું હતું. આ યાદીમાં સામેલ ઉદ્યમીઓના બિઝનેસની કુલ વેલ્યૂ ૩૯ લાખ કરોડ છે. જે ભારતના જીડીપીનો દસમો ભાગ છે.

આ યાદીમાં પારંપારિકથી માંડી નવા બિઝનેસ સેક્ટરમાં નોંધપાત્ર પરિવર્તન લાવવામાં યોગદાન આપ્યું હોય તેવા ૩૧થી ૩૫ વર્ષની વયજૂથના ૧૫૫ યુવા ઉદ્યમી અને નેક્સ્ટ જનરેશન લીડર્સ સામેલ કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતના ૧૮ ઉદ્યોગ સાહસિકો સ્થાન મળ્યું હતું. આ પૈકી ત્રણ અમદાવાદના, બે સુરતના રહેવાસી હતા. આ સિવાય ૧૫નું મૂળ ગુજરાત હતું.

એવેન્ડસ વેલ્થ હુરુન ઇન્ડિયા અંડર-૩૫ લિસ્ટ ૨૦૨૫ રિપોર્ટ પ્રમાણે, આ યાદીમાં રેઝોન સોલાર કંપનીના કો-ફાઉન્ડર સુરતના ૩૧ વર્ષીય હાર્દિક કોઠિયા સૌથી યુવા છે. ૩૧ વર્ષીય હાર્દિક રેઝોન સોલારના કો-ફાઉન્ડર છે. તેમની કંપની સૌથી ઝડપથી ઉભરતી કંપની છે. જે સોલાર પેનલ્સ, ગ્રીન એનર્જી સિસ્ટમ અને ઈનોવેટિવ ટેક્નોલોજી મારફત ભારતના સોલાર એનર્જી ટ્રાન્ઝિશનને પ્રોત્સાહન આપે છે. સિવિલ એન્જિનિયર હાર્દિક પોતાના પાર્ટનર ચિરાગ નાકરાણી સાથે મળી ૨૦૧૭માં રેઝોન સોલારની સ્થાપના કરી હતી.

આ ઉપરાંત ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અમન મહેતા (ઉ.વ ૩૪ વર્ષ)ને પણ સ્થાન મળ્યું હતું. તેઓ કંપનીનો વૈશ્વિક વિકાસ થાય તે માટે વ્યૂહાત્મક ઓપરેશન સંભાળવાનું કામ કરે છે. તેમજ ટોડલશિક્ષણના પરિતા પારેખ (ઉ.વ.૩૪) પણ સ્થાન પામ્યાં હતાં. ટોડલશિક્ષણ અને તાલીમ ક્ષેત્રની કંપની છે. ટેક્નોલોજી આધારિત ટોડલ કંપની શિક્ષકો, સ્કૂલોને એક પ્લેટફોર્મ પર લાવી વિદ્યાર્થીઓના શિક્ષણને વધારે સારું બનાવે છે. આ સિવાય શેલ્બી હોસ્પિટલના શનય શાહ (ઉ.વ.૩૪)ને પણ સ્થાન મળ્યું હતું. તેઓ દર્દીઓને સારી સુવિધા મળે તે માટે હોસ્પિટલ નેટવર્કનું વિસ્તરણ અને વ્યૂહરચના સંબંધિત કામ કરે છે.

આ યાદીમાં ૭૬ ટકા અર્થાત ૧૧૮ આંત્રપ્રિન્યોર ફર્સ્ટ જનરેશનના છે. તેઓએ પોતાની જાતે પોતાનો બિઝનેસ સ્થાપિત કરી વિકસાવ્યો છે. ૨૪ ટકા આંત્રપ્રિન્યોર ફેમિલી બિઝનેસ સંભાળી રહ્યા છે. જ્યારે ૧૦ ટકા આંત્રપ્રિન્યોર બીજી પેઢીના હતા. આ વર્ષે આ યાદીમાં ૧૫ મહિલા આંત્રપ્રિન્યોર સામેલ થઈ હતી. જેમાં ૩૧ વર્ષીય બ્લિસક્લબની ફાઉન્ડર મિનુ માર્ગરિટ સૌથી યુવા મહિલા ઉદ્યોગ સાહસિક છે. સોલાર, ફાર્મા, એજ્યુકેશન, ઈવી, હેલ્થમાં પાંચ ગુજરાતી અને સૌથી વધુ ૧૦ આઈઆઈટી દિલ્હીમાંથી ભણેલા ઉદ્યોગ સાહસિક હતા.

# ગિફ્ટ સિટીની વૈશ્વિક છલાંગઃ ટોચના ૫૦ ફાઇનાન્શિયલ સેન્ટર્સમાં ૪૩મું સ્થાન મેળવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક-સિટીએ ગ્લોબલ ફાઈનાન્શિયલ સેન્ટર્સ ઇન્ડેક્સ રેન્કિંગની ૩૮મી આવૃત્તિમાં ૪૩મું સ્થાન મેળવ્યું હતું. તેના અગાઉના રેન્કિંગ કરતાં ત્રણ પોઈન્ટમાં સુધારો થયો હતો. ગિફ્ટ સિટીનું ફિનટેક ઇન્ડેક્સમાં પણ એકંદરે રેટિંગ સુધર્યું છે, જ્યાં તે પાંચ સ્થાનની છલાંગ લગાવીને ૪૦માંથી ૩૫મા ક્રમે પહોંચ્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગ્લોબલ ફાઈનાન્શિયલ સેન્ટર્સ ઇન્ડેક્સમાં ગિફ્ટ સિટીનો સતત વધારો આંતરરાષ્ટ્રીય ફાઇનાન્સમાં ભારતના વધતા પ્રભાવને દર્શાવે છે. એકંદરે અને ફિનટેક બંને રેન્કિંગમાં અમારી પ્રગતિ શહેરની ઇનોવેશન, નિયમનકારી મજબૂતાઈ અને ઓપરેશનલ કાર્યક્ષમતાને જોડવાની ક્ષમતાને પ્રકાશિત કરે છે. આ વધતી ગતિ એ વૈશ્વિક સંસ્થાઓ ગિફ્ટ સિટીમાં એક સ્પર્ધાત્મક અને ભવિષ્ય માટે તૈયાર નાણાકીય હબ તરીકે જે વિશ્વાસ મૂકી રહી છે તેનું પ્રતિબિંબ છે.

ગિફ્ટ સિટી એશિયા-પેસિફિક ક્ષેત્રના ટોચના ૧૫ નાણાકીય કેન્દ્રોમાં સતત સ્થાન ધરાવે છે અને આ જૂથમાં તે ભારતનું એકમાત્ર નાણાકીય કેન્દ્ર છે. જીએફસીઆઈ ૩૮ના અહેવાલમાં ગિફ્ટ સિટીને વૈશ્વિકસ્તરે 'વધુ નોંધપાત્ર બનવાની શક્યતા ધરાવતા ૧૫ કેન્દ્રો'માં પણ સામેલ કરવામાં આવ્યું હતું.

# કેનેડામાં વિઝા અને નોકરીના અભાવે સેંકડો ગુજરાતી વિદ્યાર્થીઓ સ્વદેશ પરત ફર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા મહિના સુધી કેનેડા ગુજરાતી વિદ્યાર્થીઓ માટે પસંદગીનો દેશ હતો. અમેરિકાની જેમ અહીં પણ નિયમો કડક કરવામાં આવતા ગુજરાતી વિદ્યાર્થીઓ નોકરીના અભાવે સ્વદેશ પરત ફરી રહ્યા છે. ગ્લોબલ કારકિર્દીના સપનાં છોડીને તેઓ હવે સર્વાઇવલ અને આત્મનિર્ભરતાના પાઠ લઈને વતન પરત આવ્યા છે.

૨૦૨૨ના અંતમાં ઈન્ટરનેશનલ બિઝનેસમાં ડિપ્લોમા કરવા માટે અમદાવાદ છોડનાર યુવક એપ્રિલ ૨૦૨૫માં કંટાળીને ઘરે પાછો ફર્યો હતો. તેણે કહ્યું કે, મારા માતા-પિતાએ મારા અભ્યાસ માટે પોતાની જાતને ખેંચી હતી, હવે હું તેમને વધુ પૈસા નહોતો માગી શકતો. હું માત્ર ટકી રહેવા માટે કામ કરતો હતો અને આટલા કામ પછી પણ મારી પાસે બતાવવા માટે કંઈ નહોતું. હવે હું તેના પિતાના કપડાંના વ્યવસાયમાં મદદ કરી રહ્યો છું અને માર્કેટિંગમાં તકો શોધી રહ્યો છે. આવા અનેક વિદ્યાર્થીઓ છેલ્લા થોડા મહિનામાં પરત ફર્યા છે.

કૅનેડાએ તેના નિયમોમાં બદલાવ કર્યો છે. ૨૦૨૩-૨૪માં રાજદ્વારી સંબંધોમાં ખટાશ આવ્યા પછી, કૅનેડાએ સ્ટુડન્ટ્સ માટે નિયમો કડક કર્યા છે. સ્ટડી પરમિટ પર રાષ્ટ્રીય સ્તરની મર્યાદા લાદી હતી. નવા અરજદારો માટે નાણાકીય જરૂરિયાતો વધારી હતી. ઉપરાંત પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ માટેની પાત્રતા ઘટાડી હતી. આ ફેરફારોને કારણે વિઝા રિન્યૂનો દર વિક્રમી સપાટીએ પહોંચ્યો છે અને પીઆર મેળવવું વધુ મુશ્કેલ બન્યું છે.

જેઓ ત્યાં રોકાયા છે તેમના માટે પણ નોકરીનું દૃશ્ય નિરાશાજનક છે. સ્ટેટિસ્ટિક્સ કૅનેડાના અહેવાલ મુજબ સ્થાનિક ગ્રેજ્યુએટ્સની સરખામણીમાં માત્ર ૭૦ ટકા ભારતીય આંતરરાષ્ટ્રીય ગ્રેજ્યુએટ્સને બે વર્ષમાં નોકરી મળી હતી. ઘણા લોકો તેમની લાયકાત સાથે સંબંધિત ન હોય તેવી ઓછા પગારની સર્વિસ રોલની નોકરીઓમાં ફસાઈ ગયા છે.

સૂત્રોના કહેવા મુજબ પહેલાં, તમે અભ્યાસ કરી શકો, પાર્ટ-ટાઇમ કામ કરી શકો, પીઆર મેળવી શકો અને કારકિર્દી બનાવી શકો.

# ગુજરાત સરકારનો મોટો નિર્ણય, ઓળખ કે રહેઠાણ પુરાવા તરીકે રેશન કાર્ડ અમાન્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રેશન કાર્ડને ઓળખ અથવા રહેઠાણના પુરાવા તરીકે અમાન્ય ગણવાનો નિર્ણય લીધો હતો. આ મહત્ત્વપૂર્ણ નિર્ણયથી હવે રેશન કાર્ડનો ઉપયોગ માત્ર જાહેર વિતરણ પ્રણાલી (પીડીએસ) મારફતે રાશન મેળવવા અને ગેસ કનેક્શન માટે જ મર્યાદિત રહેશે. રાજ્ય સરકારે આ અંગે સત્તાવાર રીતે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, રેશન કાર્ડ હવે સરકારી કામકાજ, બેંકિંગ, લાઇસન્સ, પાસપોર્ટ, મતદાર નોંધણી જેવા અન્ય દસ્તાવેજી પુરાવા તરીકે સ્વીકારવામાં નહીં આવે. આ નિર્ણયનો મુખ્ય હેતુ દસ્તાવેજી પ્રક્રિયામાં સ્પષ્ટતા લાવવાનો અને વિવિધ દસ્તાવેજોના દુરુપયોગને અટકાવવાનો છે. સરકારના જણાવ્યા મુજબ, રેશન કાર્ડનો મૂળ હેતુ માત્ર લાભાર્થીઓને સબસિડી આધારિત અનાજ અને ઈંધણ જેવી જરૂરી વસ્તુઓ પૂરી પાડવાનો છે. આ નવા નિયમ લાગુ થતાં લોકો માટે હવે ઓળખ અને સરનામાં પુરાવા માટે આધાર કાર્ડ, પાસપોર્ટ, વીજળીનું બિલ, ડ્રાઈવિંગ લાઈસન્સ અથવા અન્ય માન્ય દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. સરકાર દ્વારા આ નિર્ણય બાદ વિવિધ વિભાગોને પણ સૂચના આપવામાં આવી છે કે તેઓ કોઈપણ અરજી અથવા પ્રક્રિયામાં રેશન કાર્ડને પુરાવા તરીકે સ્વીકારશે નહીં.

# રાજકોટમાં જગદીશ પંચાલના રોડ-શો પહેલાં જ વડા પ્રધાનના ફોટા પર શાહી ફેંકવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ હાલ રાજ્યના વિવિધ શહેરોનો પ્રવાસ કરી રહ્યા છે, જે અંતર્ગત તેઓ આજે રાજકોટની મુલાકાત લીધી હતી. શહેરના રેસકોર્સ મેદાનમાં તેમની જનસભા યોજાઈ હતી.. જેમાં મોટી સંખ્યામાં શહેર-જિલ્લાના કાર્યકરો, નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ પ્રમુખ બન્યા બાદ જગદીશ પંચાલ પ્રથમ વખત રાજકોટની મુલાકાત લઈ રહ્યા હોવાથી શહેરમાં તેમને આવકારવા ઠેર ઠેર હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા હતા. આ દરમિયાન બહુમાળી ચોક નજીક એક બેનરમાં પીએમ મોદીના ફોટો પર કોઈ અજાણ્યા શખ્સે શાહી ફેંકી હતી. આ બાબત ધ્યાનમાં આવતાં મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક બેનર દૂર કરી દેવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું હાલમાં તત્કાલ અસરથી આ બોર્ડ જે-તે જવાબદાર વ્યક્તિ દ્વારા હટાવડાવી દેવામાં આવ્યું હતું. જો આ મામલે કોઈ પોલીસ ફરિયાદ કરવામાં આવશે તો ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# વડોદરામાં કુખ્યાત જયસ્વાલ બુટલેગર ગેંગ વિરુદ્ધ ગુજસીટોક કાયદા હેઠળ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લામાં પોલીસ દ્વારા કુખ્યાત બુટલેગર ગેંગ વિરુદ્ધ ગુજસીટોક કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. રતનપુરની કુખ્યાત જયસ્વાલ ગેંગ પર આ કાયદો લાગુ કરવામાં આવ્યો છે, જેણે છેલ્લા બે દાયકાથી વડોદરા સહિત અનેક જિલ્લાઓમાં ગેરકાયદેસર દારૂના ધંધા અને અસામાજિક પ્રવૃત્તિઓથી આતંક મચાવ્યો હતો.

માહિતી મુજબ, રતનપુરના જયસ્વાલ પરિવારના ચાર સભ્યો અને એક નોકર સહિત કુલ પાંચ શખ્સો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયો છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં પતિ, પત્ની, પુત્ર, ભાઈ અને નોકરનો સમાવેશ થાય છે. આ ગેંગ વિરુદ્ધ દારૂના ધંધા, જુગારની પ્રવૃત્તિ, ખોટા દસ્તાવેજો બનાવવાના ગુના, ખૂનની કોશિશ અને પોલીસ પર હુમલાની ગંભીર ફરિયાદો નોંધાઈ છે. પોલીસ દારૂના અડ્ડાઓ પર રેડ કરવા જતી ત્યારે ગેંગના સભ્યો પોલીસ પર હુમલો કરતા હતા.

આ ગેંગનું નેટવર્ક માત્ર વડોદરા પૂરતું સીમિત નહોતું, પરંતુ અમદાવાદ, સુરત અને છોટાઉદેપુર જિલ્લાઓમાં પણ ફેલાયેલું હતું. તે ઉપરાંત, તેઓ પંજાબ, હરિયાણા, રાજસ્થાન, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, દમણ અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોમાંથી દારૂની હેરાફેરી કરતા હતા.

# અમદાવાદમાં સગીરાનો મૃતદેહ મળી આવતાં ચકચાર, પ્રેમીએ જ હત્યા કર્યાની આશંકા

અમદાવાદઃ શહેર સરખેજ વિસ્તારની નરીમનપુરા કેનાલમાંથી મંગળવારે સાંજે એક ૧૫ વર્ષીય સગીરાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. પોલીસે સગીરાના બોયફ્રેન્ડ દ્વારા હત્યા કરી મૃતદેહને કેનાલમાં ફેંકી દેવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરી હતી. સગીરાના મૃતદહેને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી જ મૃત્યુનું નક્કર કારણ અને હત્યાના સમય અંગે માહિતી પ્રાપ્ત કરવામાં મદદ મળશે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેનાલમાં મૃતદેહ સૌપ્રથમ સ્થાનિક લોકોએ જોયો હતો, જેમણે તરત જ સરખેજ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે આવીને તપાસ હાથ ધરી હતી અને મૃતકની ઓળખ માટે સગીરાની માતાને બોલાવવામાં આવી હતી. માતાએ મૃતદેહ તેમની ગુમ થયેલી પુત્રીનો હોવાની પુષ્ટિ કરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતકના ગળા અને ચહેરા પર ઈજાના નિશાન જોવા મળ્યા હતા, જેથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કેનાલમાં ફેંકતા પહેલા સગીરાનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોઈ શકે છે.

# ગોંડલના બહુચર્ચિત રાજકુમાર જાટ મૃત્યુ કેસની તપાસ સુરેન્દ્રનગર એસપીને સોંપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગોંડલમાં રહેતા મૂળ રાજસ્થાનના રાજકુમાર જાટ નામના ૨૪ વર્ષીય યુવકના શંકાસ્પદ મોત મામલે યુવાનના પરિવારે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ અને તેનો પુત્ર ગણેશ ગોંડલ સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. પરિવારે આ મામલે રાજકોટ પોલીસની શંકાસ્પદ ભૂમિકાનો ઉલ્લેખ કરી સમગ્ર કેસની તપાસ સીબીઆઈને સોંપવા ગુજરાત હાઇ કોર્ટમાં અરજી કરી હતી. જે અરજી ઉપર ગુજરાત હાઇ કોર્ટમાં સુનવણી યોજાઈ હતી.

હાઇ કોર્ટના છેલ્લા હુકમ મુજબ કેસની તપાસ રાજકોટ જિલ્લા બહારના અધિકારીને સોંપવા સંદર્ભે સરકારી વકીલે એસપી સુરેન્દ્રનગર પ્રેમસુખ ડેલુ અને ડીવાયએસપી જે.ડી.પુરોહિતનું નામ હાઇ કોર્ટ સમક્ષ આપ્યું હતું. ડીવાયએસપી જાતે આ કેસમાં હવે સ્ટેટમેન્ટ રેકોર્ડ કરશે. નવી તપાસ કમિટી નવેસરથી તપાસ હાથ ધશે અને તપાસનો પ્રથમ પ્રોગ્રેસ રિપોર્ટ ૧૦ ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ મૂકશે.

કોર્ટનો પ્રથમદર્શી અભિપ્રાય હતો કે તપાસ બીજાને આપવી જરૂરી છે. રાજ્યને પણ બીજા કોઈને તપાસ આપવા માટે વાંધો નથી. આથી આ કેસની તપાસ સુરેન્દ્રનગર એસપી, આઈપીએસ પ્રેમસુખ ડેલુને સોંપાઈ હતી. જે.ડી.પુરોહિત, ડીવાયએસપી ધ્રાંગધ્રા તેમને મદદ કરશે અને એક નવી તપાસ ટીમ તેઓ બનાવી શકશે.

નવી તપાસ કમિટી ૦૨ માર્ચ, ૨૦૨૫ થી ૧૫ માર્ચ ૨૦૨૫ ની ઘટનાઓની તપાસ કરશે. જેમાં ખોવાયાની ફરિયાદ, અકસ્માત, એનસી ફરિયાદ, ડેડબોડી વગેરેની તપાસ થશે. રાજકુમાર જાટની હત્યા થઈ હતી કે અકસ્માત મૃત્યુ, તેને હત્યા, આત્મહત્યા હતી કે કુદરતી મોત તે કારણ સહિત જણાવશે. તપાસ ટીમ સાયન્ટિફિક તપાસ કરશે, એફએસએલની પણ મદદ લેશે. ત્રણેય અરજી નવી તપાસ ટીમને ટ્રાન્સફર થશે. રાજકોટ પોલીસે અત્યારસુધી કરેલ તમામ તપાસ પેપર અને એકત્ર કરેલ સીસીટીવી નવી તપાસ ટીમને આપશે. આ તપાસનો પ્રથમ પ્રોગ્રેસ રિપોર્ટ ૧૦ ડિસેમ્બરે ગુજરાત હાઇ કોર્ટ સમક્ષ મુકાશે, જે અંગે ૧૫ ડિસેમ્બરે વધુ સુનવણી યોજાશે.

# અમેરિકામાં હીરાની નિકાસમાં ૫૦ ટકાનો ઘટાડોઃ યુએઇ, હોંગકોંગ અને યુકે નવા માર્કેટ તરીકે ઊભર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકા ભારત પર લાદેલા તોતિંગ ટૅરિફની અસર તમામ ક્ષેત્રોને થઈ છે. જોકે હાલ સૌથી વધુ અસર હીરા ઉદ્યોગને થઈ છે. ભારતમાંથી કટ અને પૉલિશ્ડ હીરાની નિકાસમાં મોટો ફેરફાર જોવા મળ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં હીરાના સૌથી મોટા બજાર અમેરિકામાં નિકાસમાં ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે યુએઈ, હોંગકોંગ અને યુનાઇટેડ કિંગડમમાં નિકાસમાં જબરદસ્ત વધારો થયો હતો.

જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ મુજબ, યુએઈના બજારમાં સૌથી વધુ ૬૨.૫૩ ટકાનો વધારો થયો હતો. જ્યારે હોંગકોંગના બજારમાં ૧૮ ટકા અને યુકેમાં ૧૭ ટકાનો વધારો થયો હતો. તેની સામે, યુએસ માર્કેટમાં નિકાસમાં ૫૩.૬૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

અમેરકાનું માર્કેટ કટ પોલિશ્ડ ડાયમંડ માટે ભારતનું સૌથી મોટું નિકાસ બજાર છે, જે ક્ષેત્રની કુલ નિકાસના લગભગ એક તૃતીયાંશ જેટલું યોગદાન આપે છે. જોકે, ઓગસ્ટથી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી નવી ટેરિફને કારણે આ ક્ષેત્રને મોટો ફટકો પડ્યો છે.

રિપોર્ટ મુજબ, એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન જેમ્સ અને જ્વેલરીની એકંદરે નિકાસમાં ૩.૬૬ ટકાનો વધારો નોંધાયો હતો. જોકે ભારતીય જેમ અને જ્વેલરીની નિકાસ માટે મહત્ત્વપૂર્ણ ગણાતા યુએસને ટેરિફ-સંબંધિત પરિબળોને કારણે પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન યુએસમાં જેમ્સ અને જ્વેલરીની કુલ નિકાસ ૪૦.૨૮ ટકા ઘટી હતી.

# અમદાવાદ સેશન્સ કોર્ટમાં જજ પર જૂતું ફેંકાયું, કોર્ટરૂમમાં સુરક્ષા અંગે પ્રશ્નો ઊઠ્યા

અમદાવાદઃ દેશની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયધીશ પર થોડા દિવસો પહેલા એક વકીલે જૂતું ફેંકવાનો પ્રયાસ કર્યો હતો અને 'સનાતન ધર્મ'ના સમર્થનમાં નારા લગાવ્યા હતા. આ ઘટનાની દેશભરમાં નિંદા કરવામાં આવી હતી, વડા પ્રધાન મોદીએ પણ આ ઘટના અંગે આઘાત વ્યક્ત કર્યો હતો. એવામાં અમદાવાદમાં પણ કોર્ટની કાર્યવાહી દરમિયાન ન્યાયધીશ પર જૂતું ફેંકવાની ઘટના બની હતી. મંગળવારે (૧૪ ઓક્ટોબર) અમદાવાદમાં ભદ્ર સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં સાતમા માળે આવેલી કોર્ટના એડિશનલ પ્રિન્સિપાલ સેશન્સ જજ એમ.પી.પુરોહિત પર એક ફરિયાદી દ્વારા બે વખત જૂતાં ફેંકવાનો હીન પ્રયાસ થયો હતો. જેને પગલે સમગ્ર રાજ્ય ન્યાયતંત્રમાં ભારે ચકચાર મચી ગઇ હતી. ૧૯૯૭ના એક કેસનો ચુકાદો સંભાળવવામાં આવી રહ્યો હતો, જેમાં એડિશનલ ચીફ જસ્ટિસ એમ.પી. પુરોહિતે ચાર આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા, ચુકાદો સાંભળીને ફરિયાદીએ ન્યાયધીશ પર બે જૂતાં ફેંક્યાં હતાં. જો કે, જૂતાં જજ સુધી પહોંચી શક્યાં ન હતાં પરંતુ તેમ છતાં આ સમગ્ર મામલો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. ગુજરાત જ્યુડિશિયલ સર્વિસ એસોસિયેશન દ્વારા આ સમગ્ર ઘટનાને વખોડી તેની ભારે નિંદા કરવામાં આવી હતી.

# ડભોઈમાં બાળકોને કફ સિરપ આપવા મામલે બોગસ તબીબની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના સિદ્ધપુર ગામે તાજેતરમાં એક ગંભીર ઘટના બની હતી, જ્યાં ઝોલાછાપ ડૉક્ટર અશ્વિન પનોતે બે નાના બાળકોને કફ સિરપ આપતા તેમની તબિયત લથડી હતી. આ બનાવ બાદ આરોગ્ય વિભાગની ફરિયાદના આધારે ડભોઇ પોલીસે ડૉક્ટર અશ્વિન પનોતને ઝડપી પાડ્યો હતો, જેમની પાસે દવા આપવા માટે કોઈ માન્ય ડિગ્રી કે લાઈસન્સ નહોતું.

મળતી માહિતી મુજબ, વડોદરા જિલ્લામાં આવેલા ડભોઇ તાલુકાના સિદ્ધપુર ગામે એક ગંભીર ઘટના બહાર આવી હતી. ગામમાં ઝોલાછાપ ડોક્ટર તરીકે દવા આપતા વ્યક્તિએ બે નાના બાળકોને કફ સીરપ આપ્યા બાદ તેમની તબિયત લથડી જતાં ખળભળાટ મચ્યો હતો. ઘટનાની જાણ થતાં જ આરોગ્ય વિભાગ, પોલીસ અને જિલ્લા આરોગ્ય અધિકારીની ટીમ તાત્કાલિક ગામે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, દવા આપનાર ડૉ. અશ્વિન પનોત પાસે કોઈ પણ પ્રકારની માન્ય ડિગ્રી નહોતી તથા દવા વેચવા કે રાખવા માટેનું લાઈસન્સ પણ હાજર ન હતું. આરોગ્ય વિભાગે આ મામલાને ગંભીરતાથી લઈ ગુજરાત મેડિકલ એક્ટ હેઠળ પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ડભોઇ પોલીસે આરોપી ડૉ અશ્વિન પનોતને ઝડપી પાડ્યો હતો અને તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

# મુખ્ય પ્રધાનના હસ્તે ગાંધીનગરમાં 'ગુજરાત ૭૫ઃ એજન્ડા ફોર ૨૦૩૫'નું અનાવરણ, સરકારે દાયકા માટેનો વિકાસ એજન્ડા રજૂ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્ષ ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના સીમાચિહ્નરૂપ ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે રાજ્ય માટે આવનારા દાયકામાં વિકાસની રૂપરેખા નક્કી કરવા માટે ગુજરાત સરકારે 'ગુજરાત૭૫ઃ એજન્ડા ફોર ૨૦૩૫' ડોક્યુમેન્ટનું અનાવરણ કર્યું હતું. રાજ્ય સરકારે વર્ષ ૨૦૩૫માં ગુજરાત રાજ્યની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આગામી દાયકા માટેનો આ વિકાસ એજન્ડા રજૂ કર્યો હતો, જેમાં ૪આઈ- ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઇનોવેશન, ઈન્ડિવિજ્યુઅલ્સ અને ઇન્સ્ટિટ્યૂશન્સ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ રિપોર્ટનું અનાવરણ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ માઇલસ્ટોન ગુજરાતની સિદ્ધિઓની ઉજવણી અને ભવિષ્ય માટે રાજ્યની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે, વળી આ એજન્ડા આગામી દાયકામાં ગુજરાતની દરેક વ્યક્તિ માટે 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ' (સારી કમાણી, સારું જીવન)નું લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં સરકારના પ્રયાસોની સમીક્ષા કરશે.

'એજન્ડા ફોર ૨૦૩૫' રિપોર્ટમાં ગુજરાતની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે રાજ્યનાં લક્ષ્યો અને તેને પ્રાપ્ત કરવા માટેની વ્યૂહરચનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેનો હેતુ રાજ્યમાં આરોગ્ય, શિક્ષણ, કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા, માળખાગત સુવિધા અને પર્યાવરણીય ટકાઉપણું વગેરે ક્ષેત્રોને વેગ આપવાનો અને રાજ્યના તમામ જિલ્લાઓમાં સંતુલિત અને સમાવિષ્ટ વિકાસ સુનિશ્ચિત કરવાનો છે. તે 'સમૃદ્ધ રાજ્ય; સમર્થ નાગરિક' સૂત્રને સાકાર કરવા માટેની પ્રતિબદ્ધતા સૂચવે છે.

રાજ્યના શિક્ષિત અને કુશળ યુવાનો ગુજરાતના વિકાસનો મુખ્ય પાયો છે, એટલે રાજ્ય તેમને સશક્ત કરવા પર ભાર મૂકશે. વર્ષ ૨૦૩૫ સુધીમાં ગુજરાતના દરેક બાળકને આધુનિક, ભવિષ્યલક્ષી શિક્ષણની સુવિધા મળશે. ૭,૫૦૦ શાળાઓમાં એઆઈ-આધારિત શિક્ષણ શરૂ કરવામાં આવશે.

# આનંદો! અમદાવાદને આંગણે આવી રહ્યો છે કૉમનવેલ્થ ગેમ્સનો શતાબ્દી મહોત્સવ



અમદાવાદઃ દેશના માત્ર સ્પોર્ટ્સ સિટી તરીકે જ નહીં, ખેલકૂદની રાજધાની તરીકે ઊભરી રહેલા અમદાવાદ શહેર માટે છ વર્ષ પછી અનેરા આનંદનો અવસર આવી રહ્યો છે. ૨૦૩૦ની સાલમાં કૉમનવેલ્થ ગેમ્સ ગુજરાતના આ પ્રતિષ્ઠિત શહેરમાં યોજાશે એ લગભગ નક્કી થઈ ગયું છે. ૨૦૩૦માં આ વિશ્વવિખ્યાત રમતોત્સવને ૧૦૦ વર્ષ પૂરા થશે અને એ શતાબ્દી મહોત્સવનો લાભ અમદાવાદને મળશે.

બ્રિટિશરોએ જે દેશો પર રાજ કર્યું હતું એ લગભગ તમામ એટલે કે ૭૧ દેશ કૉમનવેલ્થ દેશ તરીકે ઓળખાય છે અને આ ૭૧ દેશ તેમ જ ખુદ બ્રિટન એમ કુલ મળીને ૭૨ દેશ વચ્ચે દર ચાર વર્ષે કૉમનવેલ્થ ગેમ્સ યોજાય છે અને ૨૦૩૦ની આ ગેમ્સનું યજમાન બનવાનો અનેરો અવસર અમદાવાદને મળી રહ્યો છે. ભારત સરકારે કૉમનવેલ્થ ગેમ્સના મોવડીઓ સમક્ષ અમદાવાદનું નામ રજૂ કર્યું હતું એના પર કૉમનવેલ્થના સત્તાધીશોની મંજૂરી મળી જવાની તૈયારીમાં છે.

ઉલ્લેખનીય છે કે ક્રિકેટ જગતનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અમદાવાદમાં છે. કૉમનવેલ્થ ગેમ્સનું યજમાનપદ અમદાવાદના ૨૦૩૬ના વર્ષ માટેના ઑલિમ્પિક ગેમ્સના દાવાને મજબૂત કરશે. કૉમનવેલ્થના એક્ઝિક્યૂટિવ બોર્ડે નાઇજિરિયાનું નામ બાજુ પર રાખીને અમદાવાદના નામની ભલામણ કરી છે. આ ભલામણ પર આગામી ૨૬મી નવેમ્બરે કૉમનવેલ્થની જનરલ બૉડીમાં નિર્ણય લેવામાં આવશે. પ્રથમ કૉમનવેલ્થ ગેમ્સ ૧૯૩૦માં કૅનેડામાં યોજાઈ હતી. ૨૦૩૦માં કૉમનવેલ્થ ગેમ્સને ૧૦૦ વર્ષ પૂરાં થશે અને એના આયોજનનો અવસર અમદાવાદને મળશે. નાઇજિરિયાને ૨૦૩૪ના રમતોત્સવનું આયોજન અપાશે એવી સંભાવના છે. ભારતમાં અગાઉ ૨૦૧૦માં દિલ્હીમાં કૉમનવેલ્થ ગેમ્સનું આયોજન થયું હતું.

છેલ્લે ૨૦૨૨માં આ રમતોત્સવ ઇંગ્લૅન્ડના બર્મિંગમમાં યોજાયો હતો જેમાં ૭૨ દેશના કુલ ૪,૮૨૨ ઍથ્લીટો-ખેલાડીઓએ ભાગ લીધો હતો અને ૨૦ રમતમાં કુલ ૨૮૩ ઇવેન્ટ યોજાઈ હતી. ભારત એ રમતોત્સવમાં બાવીસ ગોલ્ડ સહિત કુલ ૬૧ મેડલ સાથે ચોથા નંબર પર રહ્યું હતું. ઑસ્ટ્રેલિયા (૧૭૯ મેડલ) પ્રથમ નંબરે, ઇંગ્લૅન્ડ (૧૭૬ મેડલ) બીજા નંબરે અને કૅનેડા (૯૨ મેડલ) ત્રીજા નંબરે હતું. ૨૦૨૬ની કૉમનવેલ્થ ગેમ્સ સ્કૉટલૅન્ડના ગ્લાસ્ગો શહેરમાં યોજાશે. ■

# કૅપ્ટન બન્યા પછી ગિલની પહેલી મુલાકાતમાં રોહિત ભેટ્યો, કોહલીએ પીઠ થાબડી



દિલ્હીમાં ગઈકાલે બસમાં બેસતાં પહેલાં રોહિતે અગાઉથી બસમાં બેસી ગયેલા વિરાટને નમન કર્યું હતું (જમણે).

નવી દિલ્હીઃ વિરાટ કોહલી બાદ રાબેતા મુજબના ધોરણે રોહિત શર્માએ ટેસ્ટ ટીમનું સુકાન સંભાળ્યું હતું અને હવે આ બન્ને દિગ્ગજો ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ ગયા છે ત્યારે શુભમન ગિલને ટેસ્ટ ટીમનું નેતૃત્વ સોંપાયા બાદ તેમની જ હાજરીમાં વન-ડેની કૅપ્ટન્સી પણ સોંપવામાં આવી છે એટલે ટીમમાં તેનું (ગિલનું) વજન વધી ગયું છે અને એ સ્થિતિમાં ગિલ પહેલી વાર રોહિત શર્મા તથા વિરાટ કોહલીને મળે ત્યારે એકમેક વચ્ચે કેવી પ્રતિક્રિયા જોવા મળે એ જાણવા સૌ કોઈ આતુર હોય. તો, આવો જાણીએ બધા વચ્ચે કેવી પ્રતિક્રિયાની આપ-લે થઈ.

ગિલના સુકાનમાં ભારતીય વન-ડે ટીમ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જવા રવાના થઈ છે ત્યારે ગિલનો રોહિત તેમ જ કોહલી સાથેની મુલાકાતનો વીડિયો બીસીસીઆઇએ પોસ્ટ કર્યો છે. આ ઐતિહાસિક મુલાકાતના ફોટો પણ જોવા જેવા છે. ગિલના સુકાનમાં ભારતની પ્રથમ ટેસ્ટ સિરીઝ ઇંગ્લૅન્ડ સામે રમાઈ હતી જે ૨-૨થી ડ્રૉમાં ગઈ હતી, પણ મંગળવારે ગિલની કૅપ્ટન્સીમાં ભારતીય ટેસ્ટ ટીમે પહેલી વાર ટ્રોફી જીતી લીધી હતી અને વેસ્ટ ઇન્ડિઝ સામેના ૨-૦ના વાઇટવૉશ બાદ ગિલ હવે વન-ડેના નવા સુકાની તરીકે સફળતા મેળવવા રોહિત તથા વિરાટ જેવા મહારથીઓ અને સૌથી અનુભવી ખેલાડીઓ સાથે કાંગારું-લૅન્ડના પ્રવાસે ગયો છે.

ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની ત્રણ મૅચની વન-ડે શ્રેણી ૧૯મી ઑક્ટોબરે શરૂ થશે. ભારતની વન-ડે સ્ક્વૉડનો પ્રથમ બૅચ મંગળવારે દિલ્હીથી રવાના થયો હતો. એ પહેલાં ટીમની હોટેલમાં ગિલની મુલાકાત વન-ડે સુકાની બન્યા બાદ પહેલી જ વાર રોહિત શર્મા સાથે થઈ ત્યારે સૌથી પહેલાં તો રોહિતે ગિલને ગળે લગાડ્યો હતો. રોહિત કોઈક રીતે વ્યસ્ત હતો. ગિલે તેની પીઠ પર હાથ મૂક્યો ત્યાર બાદ સૌથી પહેલાં તો બન્ને હસ્યા હતા અને એકમેકને ભેટ્યા હતા. ટીમની બસમાં ગિલ ગયો ત્યારે આગળ બેઠેલા વિરાટ કોહલીને મળ્યો હતો. વિરાટે ગિલને ખૂબ સ્નેહપૂર્વક અભિનંદન આપ્યા હતા અને તેની પીઠ થાબડીને તેને શાબાશી પણ આપી હતી. ■

## રણજી ટ્રોફી

# ધર્મેન્દ્રસિંહ જાડેજા, સિદ્ધેશ લાડ, શમી, પડિક્કલનો ધમાકેદાર આરંભ

રાજકોટઃ રણજી ટ્રોફીની નવી સીઝન બુધવારે શરૂ થઈ અને ચાર-ચાર દિવસની મૅચોનો જે ધમાકેદાર આરંભ થયો એમાં ખાસ કરીને બોલર્સમાં સૌરાષ્ટ્રના ૩૫ વર્ષીય લેફ્ટ-આર્મ સ્પિનર ધર્મેન્દ્રસિંહ જાડેજાનો પર્ફોર્મન્સ ઊડીને આંખે વળગે એવો હતો. તેણે કર્ણાટક (૫/૨૯૫)ની પાંચમાંથી ચાર વિકેટ લીધી હતી. તેણે કર્ણાટકના દેવદત્ત પડિક્કલ (૯૬ રન)ને ચાર રન માટે સદીથી વંચિત રાખ્યો હતો અને કરુણ નાયર (૭૩ રન)ની વિકેટ પણ તેણે જ લીધી હતી. ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૪૦૦ વિકેટની મહાન સિદ્ધિ હાંસલ કરી હતી.

### અન્ય મૅચોમાં શું બન્યું?:

(૧) શ્રીનગરમાં જમ્મુ/કાશ્મીર સામે મુંબઈએ મુશીર ખાનની શૂન્યમાં વિકેટ ગુમાવી ત્યાર પછી સિદ્ધેશ લાડના ૧૧૬ રન અને શમ્સ મુલાનીના ૭૯ નૉટઆઉટની મદદથી પાંચ વિકેટે ૩૩૬ રન કર્યા હતા. સરફરાઝ ખાન ૪૨ રને રનઆઉટ થયો હતો.

(૨) કટકમાં બરોડા સામે ઓડિશાએ પાંચ વિકેટે ૨૦૫ રન કર્યા હતા. બરોડા વતી અતિત શેઠ અને ભાર્ગવ ભટ્ટે બે-બે વિકેટ લીધી હતી.

(૩) કોલકાતામાં ઉત્તરાખંડને ૨૧૩ રનમાં ઑલઆઉટ કરાવવામાં બેન્ગાલના મોહમ્મદ શમીનું મહત્ત્વનું યોગદાન હતું. તેણે માત્ર ૩૭ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. બેન્ગાલે આઠ રનમાં એક વિકેટ ગુમાવી હતી.

(૪) અમદાવાદમાં ગુજરાત સામે આસામે ૨૧૮ રનમાં છ વિકેટ ગુમાવી હતી. પ્રદ્યુન સૈકિયાએ ૭૦ રન કર્યા હતા. સિદ્ધાર્થ દેસાઈએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

(૫) કોઇમ્બતુરમાં તમિળનાડુ સામે ઝારખંડે કૅપ્ટન ઇશાન કિશનના ૧૨૫ નૉટઆઉટની મદદથી છ વિકેટે ૩૦૭ રન કર્યા હતા. ગુર્જપનીત સિંહે ત્રણ વિકેટ લીધી હતી.

(૬) બેંગલૂરુમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન વિદર્ભએ નાગાલૅન્ડ સામે અમન મોખાડેના ૧૪૮ નૉટઆઉટ અને યશ રાઠોડના ૬૬ નૉટઆઉટની મદદથી ત્રણ વિકેટે ૩૦૨ રન કર્યા હતા.

(૭) તિરુવનંતપુરમમાં કેરળ સામે મહારાષ્ટ્રએ સાત વિકેટે ૧૭૯ રન કર્યા હતા. ઋતુરાજ ગાયકવાડ ૯૧ રને વિકેટ ગુમાવી બેઠો હતો. મહારાષ્ટ્રએ ૧૮ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી. એના ચાર બૅટ્સમેન ખાતું ખોલાવ્યા વગર આઉટ થયા હતા અને એમાં પૃથ્વી શૉનો પણ સમાવેશ હતો. ■

# પાકિસ્તાન જીત્યું, સાઉથ આફ્રિકાની વિજયકૂચ અટકી

લાહોરઃ પાકિસ્તાને વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાને સિરીઝની પ્રથમ ટેસ્ટમાં ૯૩ રનથી હરાવ્યું અને એ સાથે સાઉથ આફ્રિકાની સતત ૧૦ ટેસ્ટ જીતવાની વિજયકૂચ અટકી ગઈ છે. એઇડન માર્કરમની ટીમને જીતવા ૨૭૭ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ આખી ટીમ માત્ર ૧૮૩ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. ડેવાલ્ડ બ્રેવિસ (૫૪ રન)ની હાફ સેન્ચુરી એળે ગઈ હતી. લેફ્ટ-આર્મ સ્પિનર નોમાન અલી અને ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. નોમાન અલીએ મૅચમાં કુલ ૧૦ વિકેટ લીધી અને તેને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. સાઉથ આફ્રિકાનો સ્પિનર કેશવ મહારાજ ઈજાને લીધે આ ટેસ્ટમાં નહોતો રમી શક્યો, પણ બીજી ટેસ્ટમાં રમશે. ■


## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૧૨. યાત્રા સહેલગાહ

**કુદરતના ખોળે ડુંગરની ટોચે**
પધારો શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ). કુદરતનાં સાનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથદાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. બુકિંગ માટે સંપર્કઃ પુનમબેન 9226297975, 83086 76398. (એસડીબી-૨૯૦૮)

### ૧૪. નોકરી ખાલી છે

CAREER OPPORTUNITY!! Retired / Housewives / Bankers / Pensioners. Age: 35+/ 45+. Fixed Salary+ Incentives+ Medical Benefits. : 8097181975. (B-16606)

### ૧૭. જગ્યા આપવી છે

**JUHU-DUPLEX**
3500' 5 બેડ, વેલ મેઈન્ટેડ બિલ્ડીંગમાં, 3 પાર્કિંગ સાથે (18.00) અનિલભાઈ- 9004900290. (૩૧૩/બી)

**પાર્લા-3 બેડ**
1000' - 1150' - 1240' નવા બિલ્ડિંગમાં જીમ, સ્વિમિંગ પુલ સાથે વેચાણથી. (4.25 - 6 Cr.) અનિલભાઈ 9004900290. (૩૭૨/એ)

**જુહુ-3 બેડ**
1000' - 1100' - 1240' - 1400' નવા બિલ્ડિંગમાં એમેનિટીસ સાથે વેચાણથી. (6.25 - 7.50 Cr.) અનિલભાઈ 9004900290. (૩૭૨/બી)

**દાદર**
ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરુમ, ફ્લેટ, ભાડેથી- લેવા- વેંચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૫૫૮)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)

### ૨૦. ધંધાદારી જગ્યા

**MANGALWADI**
Old Rent Building Ground Plus Two Floors on Main JSS Road Girgaum having 3 Shops and 7 Residences for Sale or Redevelopment Whatsup 7021831500. (SDB-2914)

**CHURCHGATE**
To Sell 2 Offices Single or Joint Jolly Bhavan No. 1 New Marine Lines. Fully Furnished. WhatsApp 7021831500. (SDB-2915)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**
અશક્યને શક્ય કરનાર. સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૬૬૩૧)

**સુદર્શન જ્યોતિષ**
સમસ્યાઓનું સમાધાન, જન્માક્ષર ગૃહકલેશ વ્યાપારમાં લાભ, સંતાનથી પરેશાની, શત્રુબાધા, લગ્નમાં રૂકાવટ, સૌતન ત્રાશ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9737117093. વિક્રોલી (ઈસ્ટ). (બી-૧૬૬૩૯)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૩૪૩-બી)

### ૫૨. કુરીઅર્સ

**ગ્લોબેક્સ વર્લ્ડવાઈડ**
એક્સપ્રેસ કુરિયર કંપનીઃ અમેરિકા, કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા, દુબઈ. દિવાળી ફરાળ, કપડાં. હોમ ડિલિવરી સેવા. પીકઅપઃ 7738371832. (બી-૧૬૬૦૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093/ 9594187418. (બી-૧૬૬૪૦)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## દેશ વિદેશ

# બિહારમાં ભાજપની ૧૨ ઉમેદવારની બીજી યાદીમાં ગાયિકા મૈથિલી ઠાકુર પણ

પટણાઃ બિહારમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે ભારતીય જનતા પાર્ટી (બીજેપી) એ તેના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. પાર્ટીએ આ યાદીમાં ૧૨ વ્યક્તિઓને સામેલ કર્યા છે. આ યાદીમાં મુખ્ય નામ પ્રસિદ્ધ લોકગાયિકા મૈથિલી ઠાકુર અને આઈપીએસ અધિકારી આનંદ મિશ્રા છે.

લોકગાયિકા મૈથિલી ઠાકુરને અલીનગરથી ઉમેદવાર બનાવવામાં આવી છે. આ યાદીમાં હાયાઘાટથી રામચંદ્ર પ્રસાદ, સોનેપુરથી વિનય કુમાર સિંહ, બક્સરથી આઈપીએસ આનંદ મિશ્રા અને બરહથી સીયારામ સિંહનું નામ પણ છે. બીરેન્દ્ર કુમાર અને મહેશ પાસવાનને રોસરા અને અગિઆંવ બેઠકો પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. દરમિયાન, રંજન કુમાર મુઝફ્ફરપુરથી અને સુભાષ સિંહ ગોપાલગંજ બેઠક પરથી ચૂંટણી લડશે.

ભાજપે એક દિવસ અગાઉ જ ૭૧ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી. જેમાં નાયબ મુખ્યપ્રધાન સમ્રાટ ચૌધરી તારાપુરથી, નાયબ મુખ્યપ્રધાન વિજય કુમાર સિંહા લખીસરાયથી ચૂંટણી લડશે. ૨૪૩ બેઠકોવાળી બિહાર વિધાનસભા માટે મતદાન ૬ નવેમ્બર અને ૧૧ નવેમ્બરના રોજ થશે અને મત ગણતરી ૧૪ નવેમ્બરના રોજ થશે. રોસડાથી વીરેન્દ્ર કુમાર અને છપરાથી છોટી કુમારીને ટિકિટ આપવામાં આવી છે. બે ધારાસભ્યોને ફરીથી ચૂંટણી લડવાની તક મળી છે. તેઓ હાયાઘાટના ધારાસભ્ય રામચંદ્ર પ્રસાદ અને રોસડાના ધારાસભ્ય બિરેન્દ્ર કુમાર છે.

ભાજપે બરહના ધારાસભ્ય જ્ઞાનેન્દ્ર સિંહ જ્ઞાનુ અને અન્ય બે ધારાસભ્યો છપરાના ધારાસભ્ય સીએન ગુપ્તા અને ગોપાલગંજના ધારાસભ્ય કુસુમ દેવીને ટિકિટ આપી નથી. અલીનગરમાં છેલ્લી ચૂંટણીમાં વીઆઈપી સ્પર્ધા જોવા મળી હતી. કેદારનાથ સિંહ બનિયાપુરથી ચૂંટણી લડશે, જ્યાં છેલ્લી ચૂંટણીમાં પણ વીઆઈપી ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. ભાજપના મહેશ પાસવાન અગિઆંવથી ચૂંટણી લડશે, જ્યાંથી પાંચ વર્ષ અગાઉ જનતા દળ (યુનાઈટેડ) અથવા જેડી(યુ) ના ઉમેદવારે ચૂંટણી લડી હતી. ■

# દિવાળી માતમમાં ફેરવાઈઃ રાજસ્થાનમાં બસની આગમાં ૨૧ પ્રવાસી ભડથું

જોધપુરઃ જેસલમેરથી જોધપુર જતી એક બસ સાથે ભયંકર અકસ્માતે ઘણા પરિવારોની ખુશીઓ છીનવી લીધી. મંગળવારે જેસલમેરથી જોધપુર સ્લીપર બસમાં આગ લાગી હતી. જો કે આ આગ લાગવાના કારણ અંગે અલગ અલગ દાવા કરવામાં આવી રહ્યા છે. શરૂઆતમાં એવું કહેવામાં આવ્યું હતું કે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. બાદમાં, એવો દાવો કરવામાં આવ્યો હતો કે એસી કોમ્પ્રેસર પાઇપ ફાટ્યો હતો. આ દુર્ઘટનામાં કુલ ૨૧ લોકોના મોત થયા, જેનાથી જોધપુરના ડેચૂ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

આ દરમિયાન સ્થાનિક લોકોનો દાવો છે કે બસની ડિકી ફટાકડાથી ભરેલી હતી, જેના કારણે આગ લાગી હતી.

આ દુર્ઘટનામાં અનેક પરિવારના માળો વિખાય ગયા. જ્યારે આ દુર્ઘટનામાં પાંચ લોકો એવા હતા, કે એક પરિવારના હતા. મહેન્દ્ર મેઘવાલના પોતાના આખા પરિવાર સાથે દિવાળીની રજા માણવા ઘરેથી જઈ રહ્યા હતા. દિવાળીના વેકેશનની આ મુસાફરી તેના પરિવાર માટે અંતિમ સફર બની ગઈ. આ ઘટનાએ દિવાળીના તહેવારને માતમમાં બદલી નાખ્યો, અને અનેક પરિવારોના સપના ચકનાચૂર થઈ ગયા.

દુર્ઘટનામાં મહેન્દ્ર મેઘવાલ, તેમની પત્ની પાર્વતી, પુત્રીઓ ખુશબૂ અને દીક્ષા તેમજ પુત્ર શૌર્યનું મોત થયું. આગ એટલી ભીષણ હતી કે મૃતદેહોની ઓળખ કરવી મુશ્કેલ બની રહી છે. પોલીસે ઓળખ માટે ડીએનએ ટેસ્ટની તૈયારી શરૂ કરી છે. ■

# ભારત માનવોને ૨૦૨૭માં અવકાશમાં અને ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર મોકલશે

રાંચીઃ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન (ઇસરો)ના અધ્યક્ષ વી. નારાયણને બુધવારે જણાવ્યું હતું કે અમે માનવોને ૨૦૨૭માં 'ગગનયાન'માં અવકાશમાં અને ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર મોકલીશું.

તેમણે જણાવ્યું હતું કે અમે ૨૦૩૫ સુધીમાં નેશનલ સ્પેસ સ્ટેશન, ૨૦૨૬ સુધીમાં ક્રૂ વિનાના ત્રણ 'ગગનયાન' મિશન, અડધો હ્યુમનોઇડ રૉબો 'વ્યોમમિત્ર'ને અવકાશમાં મોકલવાનું મિશન વગેરે હાથ ધરીશું.

નારાયણને જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર માનવોને મોકલવાના સ્વદેશી મિશનને લગતી માર્ગદર્શિકા આપી છે. તેમાં ભારતીય નાગરિકોને ચંદ્ર પર લઇ જવાશે અને ત્યાંથી સલામત રીતે ધરતી પર પાછા લવાશે. તેમણે જણાવ્યું હતું કે શુક્ર ગ્રહના અભ્યાસ માટે 'વીનસ ઑર્બિટર મિશન'ને પણ બહાલી અપાઇ છે. (એજન્સી)■

# અમેરિકામાં વિદેશ નીતિના નિષ્ણાત ભારતીય મૂળના એશ્લી ટેલિસની ધરપકડ

વોશિંગ્ટનઃ અમેરિકામાં ભારતીય મૂળના વિદેશ નીતિના સલાહકાર અને સંરક્ષણ વ્યૂહબાજ એશ્લી ટેલિસની ધરપકડ કરવામાં આવી છે. તેમના પર ગેરકાયદે રીતે રાષ્ટ્રીય સંરક્ષણને લગતા ગુપ્ત દસ્તાવેજો રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેઓ ઘણીવાર ચીની અધિકારીઓને મળ્યા હોવાનો પણ આરોપ મુકાયો છે.

વર્ષ ૨૦૦૧થી અમેરિકાના વિદેશી ખાતાના સલાહકાર તરીકે સેવા આપી રહેલા ટેલિસ પર ૧૩ ઓક્ટોબરના રોજ વર્જિનિયા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં આરોપ મૂકવામાં આવ્યા હતાં. તપાસ દરમિયાન ટેલિસના વર્જિનિયામાં આવેલા ઘરેથી ૧,૦૦૦ થી વધુ પાનાના સિક્રેટ ડોક્યુમેન્ટ મળી આવ્યા છે. ૧૧ ઓક્ટોબરના રોજ ઝડતી દરમ્યાન ફેડરલ એજન્સીના અધિકારીઓને આ દસ્તાવેજો મળી આવ્યા હતાં. ■

# હમાસે દગો કર્યો, અમે હાથ પર હાથ ધરીને નહીં બેસીએઃ ઈઝરાયલ

## સોંપાયેલા મૃતદેહોમાંનો એક બંધકનો ન હોવાથી ઈઝરાયલ ભડક્યું

તેલ અવિવઃ હમાસ દ્વારા સોંપવામાં આવેલું એક શબ બાનમાં રાખવામાં આવેલી વ્યક્તિનું નથી, એમ ઈઝરાયલની સેનાએ બુધવારે કહ્યું હતું. શસ્ત્રવિરામના ભાગરૂપ સોંપવામાં આવેલું એક શબ ગાઝામાં બાનમાં રખાયેલા લોકોમાંથી નહોતું.

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ૭, ઑક્ટોબર ૨૦૨૩થી ચાલી રહેલા યુદ્ધમાં આખરે ૧૦ ઑક્ટબરે યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના ૨૦ મુદ્દાના પ્રસ્તાવ પરનો કરાર બુધવારે ગાઝામાં અમલમાં આવ્યો હતો.

ઈઝરાયલ આર્મી (આઈડીએફ)ના ચીફ ઑફ સ્ટાફ લેફ. જનરલ ઈયાલ ઝમીરે કહ્યું હતું કે જ્યાં સુધી અમે તમામ બંધકોને પરત ન લઈ આવીએ ત્યાં સુધી સેના શાંતિથી નહીં બેસે. તમામ બંધકોને પરત લાવવા એ ઈઝરાયલી સૈન્યની નૈતિક, રાષ્ટ્રીય અને યહૂદી ફરજ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે હમાસે હજુ પણ ૨૧ મૃત બંધકોના મૃતદેહ પોતાની પાસે રાખ્યા છે. છેલ્લા બે દિવસમાં તેણે માત્ર સાત મૃતદેહ પરત કર્યા છે. એમાં પણ એક મૃતદેહ બંધકનો નથી. હમાસે દગો કર્યો છે.

આ બાબતે બે વર્ષથી ચાલી રહેલા યુદ્ધને કારણે વધેલા તણાવને વધુ વકરાવ્યો હતો અને શસ્ત્રવિરામ આડે અવરોધ ઊભો કર્યો હતો.

સોમવારે બાનમાં રખાયેલ ૨૦ જીવતી વ્યક્તિની તેમ જ ચાર શબની સોંપણી કર્યા બાદ હમાસે અટકી પડેલા શસ્ત્રવિરામ પરનું દબાણ ઘટાડવા મંગળવારે વધુ ચાર શબ સોંપ્યા હતા.

ઈઝરાયલની સેનાના જણાવ્યાનુસાર નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફૉરેન્સિક મેડિસિન દ્વારા ચકાસણી પૂરી કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું હતું કે હમાસ દ્વારા ઈઝરાયલને સોંપવામાં આવેલા ચાર શબમાંથી એક બાનમાં રખાયેલ લોકોમાંથી નહોતું.

ઈઝરાયલના પ્રમુખ નેતાન્યાહુએ બુધવારે માગણી કરી હતી કે હમાસે બાનમાં રખાયેલા લોકોની સોંપણી માટે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દ્વારા નક્કી કરવામાં આવેલી શસ્ત્રવિરામની શરતોનું પાલન કરવું જોઈએ.

આ મામલે અમે કોઈ સમાધાન નહીં કરીએ એમ જણાવતાં નેતાન્યાહુએ કહ્યું હતું કે બાનમાં રખાયેલ વ્યક્તિઓનો છેલ્લામાં છેલ્લા શબની સોંપણી કરવામાં નહીં આવે ત્યાં સુધી અમે અમારા પ્રયાસ પડતા નહીં મૂકીએ. (એજન્સી) ■

# ઈપીએફમાં પચીસ ટકાનું મિનિમમ બૅલેન્સ રાખવા સહિતના 'ક્રૂર' ફેરફારો

## વિરોધ પક્ષોએ ઈપીએફમાં કરાયેલા સુધારા તાબડતોબ પાછા ખેંચવાની માગણી કરી

નવી દિલ્હીઃ નોકરિયાતો માટેની ભવિષ્ય નિધિ 'એમ્પ્લોઇઝ પ્રૉવિડન્ટ ફંડ ઑર્ગેનાઇઝેશન' (ઇપીએફઓ) દ્વારા તાજેતરમાં નિયમમાં કરાયેલા સુધારા-વધારાની વિપક્ષ દ્વારા બુધવારે આકરી ટીકા કરાઇ હતી અને આક્ષેપ કર્યો હતો કે મોદી સરકાર અર્થતંત્રને અયોગ્ય રીતે હાથ ધરી રહી છે અને તેની સજા નોકરિયાતો ભોગવી રહ્યા છે.

વિપક્ષે શ્રમિક અને રોજગાર વિભાગના પ્રધાન મનસુખ માંડવિયાને ઇપીએફઓના નિયમમાં તાજેતરમાં કરાયેલા ફેરફાર પાછા ખેંચવા વિનંતિ કરી હતી.

ઇપીએફના પ્રીમેચ્યૉર ફાઇનલ સેટલમેન્ટની હાલની મુદત બે મહિનાથી વધારીને ૧૨ મહિના કરવાની અને પેન્શનના અંતિમ ઉપાડ (વિધડ્રૉઅલ)ને બે મહિનાને સ્થાને ૩૬ મહિના કરવાની નવી જોગવાઇની વિપક્ષે ટીકા કરી હતી.

ઇપીએફના ખાતેદારે પોતાના (મેમ્બરના) ખાતામાંની લઘુતમ રકમ હંમેશાં કન્ટ્રિબ્યૂશન્સ (ફાળા)ના પચીસ ટકા રાખવાની જોગવાઇને વિપક્ષે વખોડી હતી.

કૉંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે 'એક્સ' પરની પોસ્ટમાં લખ્યું હતું કે મોદી સરકારની 'એમ્પ્લોઇઝ પ્રૉવિડન્ટ ફંડ ઑર્ગેનાઇઝેશન' (ઇપીએફઓ)ને લગતી નવી નીતિ અને સંબંધિત નિયમમાંના ફેરફાર નોકરિયાતો પરની 'ક્રૂરતા' ગણી શકાય.

તેમણે જણાવ્યું હતું કે પેન્શનર અને નોકરી ગુમાવનારા લોકોએ પોતાની બચતની રકમ મેળવવા ટળવળવું પડશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીને હું આ પ્રકરણમાં દરમિયાનગીરી કરવા વિનંતિ કરું છું. મોદીજીએ મનસુખ માંડવિયાને લોકોના જીવન બરબાદ કરતા રોકવા જોઇએ.

કૉંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે જણાવ્યું હતું કે ઇપીએફઓની નવી જોગવાઇ મુજબ નોકરી ગુમાવનાર વ્યક્તિ ૧૨ મહિના સુધી બેરોજગાર રહે તે પછી પીએફ ઉપાડી શકશે. અગાઉ બેરાજગારીના બે મહિનામાં આ રકમ ઉપાડી શકાતી હતી.

બેરોજગારીમાં પેન્શન બે મહિના પછી નહિ, પરંતુ હવે ૩૬ મહિના પછી જ ઉપાડી શકાશે. ઇપીએફના ખાતેદારની જમા થયેલી રકમમાંની પચીસ ટકા રકમ 'લૉક' થયેલી રહેશે એટલે કે તે ઉપાડી નહિ શકાય. (એજન્સી)■

# ફરી ફેડરલ પર નજર સાથે રેટ કટની આશા વચ્ચે લેવાલીનો ટેકો મળતા બે દિવસની મંદીને બ્રેકઃ માર્કેટ કૅપમાં ₹ ૪.૧૧ લાખ કરોડનો જમ્પ

મુંબઈઃ વિશ્વબજારના સારા સંકેત, અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા રેટ ઘટાડાની વધતી અપેક્ષાઓ અને કોર્પોરેટ કમાણીમાં સુધારા અંગે આશાવાદને કારણે રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતામાં સુધારો થવાથી ખાસ કરીને બેન્ક અને ફાઇનાન્શિઅલ સ્ટોક્સની આગેવાનીએ નીકળેલી લેવાલીના બળે સેન્સેક્સ અને નિફ્ટીએ બે દિવસની પીછેહઠને બ્રેક મારીને આગેકૂચ નોંધાવી હતી. યુએસ ફ્યુચર્સના સુધારા અને ક્રૂડ ઓઇલની પીછેહઠને કારણે પણ સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હતો. સત્ર દરમિયાન ૬૯૭.૦૪ પોઇન્ટ અથવા તો ૦.૮૪ ટકાના ઉછાળા સાથે ૮૨,૭૨૭.૦૨ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાઇને સેન્સેક્સ અંતે ૦.૭૦ ટકા અથવા ૫૭૫.૪૫ પોઈન્ટ વધીને ૮૨,૬૦૫.૪૩ પોઈન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે એનએસઇનો નિફ્ટી ઇન્ડેક્સ ૦.૭૧ ટકા અથવા ૧૭૮.૦૫ પોઈન્ટ વધીને ૨૫,૩૨૩.૫૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

ઇઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધ વિરામ પછી ફેડરલ રિઝર્વના હળવા વલણને કારણે રેટ કટની આશા વચ્ચે સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૮ ટકા ગબડીને બેરલદીઠ ૬૨.૨૮ ડોલર બોલાયું હોવાથી પણ બજારનું માનસ સુધર્યું હતું. એશિયાઇ બજારમાં સાઉથ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, સિંગાપોરનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગસેંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નોંધપાત્ર સુધારા સાથે બંધ થયા હતા. યુરોપના બજારો પણ પોઝિટીવ ટેરીટરીમાં બંધ થયા હતા. યુએસ માર્કેટ મંગળવારે મિશ્ર વલણ સાથે બંધ રહ્યા હતા. બજાજ ફાઇનાન્સ અને બજાજ ફિનસર્વ સેન્સેક્સના સૌથી વધુ વધનાર શેર હતા. આ ઉપરાંત એશિયન પેઇન્ટ, લાર્સન એન્ડ ટૂબ્રો, ટ્રેન્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઇટર્નલ અને અદાણી પોર્ટ પણ ટોપ ગેઇનરમાં સામેલ હતા. જોકે, ટાટા મોટર્સ, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્ર અને એક્સિસ બેન્ક ટોપ લુઝર શેરોની યાદીમાં હતા. એ જ રીતે, નિફ્ટીના ટોચના વધનારા શેરોમાં નેસ્લે ઇન્ડિયા, એશિયન પેઇન્ટ્સ અને બજાજ ફિનસર્વનો સમાવેશ હતો, જ્યારે બીજી બાજુ, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા અને એક્સિસ બેંક નિફ્ટીના સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. બેંક ઓફ મહારાષ્ટ્રનો શેર ૭.૬૦ ટકા વધીને એક વર્ષની ટોચ પર પહોંચ્યો હતો. સરકારી બેન્કોના મજબૂત પરિણામોએ પીએસયુ બેંક ઇન્ડેક્સ ૧.૭૦ ટકા વધ્યો હતો. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્શ્યોરન્સ ૮.૯૦ ટકા ઊછળ્યો હતો. પરસિટન્ટ સિસ્ટમ્સ ૭.૨૦ ટકા વધ્યો હતો. મિડવેસ્ટનો આઇપીઓ ખૂલ્યાના પહેલા દિવસે ગણતરીના કલાકોમાં સંપૂર્ણ ભરાઇ ગયો હતો. વ્યાપક બજારોમાં પણ તેજી જોવા મળી, મિડકેપ્સ અને સ્મોલકેપ્સ ઇન્ડેક્સમાં અનુક્રમે ૧.૧૦ ટકા અને ૦.૮૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

કે રાહેજા ગ્રુપની શેલેટ હોટેલ્સ લિમિટેડએ વિસ્તરણ યોજનાના ભાગરૂપે નવી પ્રીમિયમ લાઇફસ્ટાઇલ હોસ્પિટાલિટી બ્રાન્ડ, બ્રાન્ડ અથીવા હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ લોન્ચ કરી છે, જે છ હોટલોમાં ૯૦૦થી વધુ કી સાથે ડેબ્યૂ કરી રહી છે. આમાંની ત્રણ મુંબઇમાં બે ગોવામાં અને એક થીરુવનંતપુરમ ખાતે શરૂ થશે. આ કંપની જેડબલ્યુ મેરિઅટ, ધી વેસ્ટીન અને નોવોટેલ સહિત ૩૩૫૧ ચાવી ધરાવતી ૧૧ હોટલ અને રિસોર્ટનું સંચાલન કરે છે. જેફરીઝે ઇન્ફ્રાસ્ટ્રક્ચર હેવીવેઇટ લાર્સન એન્ડ ટુબ્રોનો ટાર્ગેટ ભાવ ઊંચો જાહેર કર્યા બાદ તેના શેરમાં ૨.૩૦ ટકા વધારો થયો હતો. તેનાથી વિપરીત, જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં નબળા આવક અને નફાની જાણ કર્યા પછી ઇન્ટિગ્રેટેડ ઇલેક્ટ્રોનિકસ મેન્યુફેકચરર્સ સાયન્ટ ડીએલએમમાં છ ટકાનો કડાકો નોંધાયો હતો. ટાટા ટ્રસ્ટના બોર્ડે ટાટા સન્સના ચેરમેન એન ચન્દ્રસેકરનની ટાટા સન્સના ચેરમેન તરીકેની ત્રીજી ટર્મ માટે ભલામણ કરી છે. આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિઅલ લાઇફે સપ્ટેમ્બર ક્વાર્ટર માટે ૧૮ ટકાના વધારા સાથે રૂ. ૨૯૬ કરોડનો નફો નોંધાવ્યો છે. ઇરેડિઆએ બીજા ક્વાર્ટરમાં ૪૧ ટકાના વધારા સાથે રૂ. ૫૪૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં બજાજા ફાઈનાન્સ ૪.૦૩ ટકા, બજાજા ફિનસર્વ ૩.૧૦ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૪૮ ટકા, લાર્સન ૨.૨૩ ટકા, ટ્રેન્ટ ૨.૧૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૯૬ ટકા, ઈટર્નલ ૧.૯૩ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૮૭ ટકા તાતા સ્ટીલ ૧.૬૧ ટકા અને બીઈએલ ૧.૪૯ ટકા વધ્યા હતા, જ્યારે તાતા મોટર્સ, ઈન્ફોસિસ ૧.૦૭ ટકા, એક્સિસ બેન્ક ૦.૬૫ ટકા, ટેક મહિન્દ્ર ૦.૬૨ ટકા, કોટક બેન્ક ૦.૨૪ ટકા, મારુતિ ૦.૨૨ ટકા અને રિલાયન્સ ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં હજુ પણ ઘણા ભરણા કતારમાં છે. મંગળવારે એલજીના જોરદાર લિસ્ટિંગથી ઉત્તેજના ફેલાઇ છે પરંતુ તાજેતરમાં ઘણી કંપનીના નવા શેર ડિસ્કાઉન્ટમાં લિસ્ટેડ થયા હોવાથી પ્રાઇમરી માર્કેટમાં ચિંતા પણ સર્જાઇ છે. ઓમ ફ્રેઇટ ફોરવર્ડર્સના શેર પાછલા બુધવારે ઇશ્યૂ ભાવ સામે લગભગ ૪૦ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા છે. આ અગાઉ ગ્લોટીસના શેર પાછલા મંગળવારે તેના ઇશ્યુ ભાવ સામે ૩૫ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થયા હતા અને એ જ સાથે ફેબટેક ટેકનોલોજીસના શેર ઇશ્યૂ ભાવ સામે ૨.૬૮ ટકાના ડિસ્કાઇઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. જોકે, બુધવારે એડવાન્સ એગ્રોલાઇફના શેરમાં ઇશ્યુ ભાવ સામે ૧૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

# પાંખાં કામકાજે આરબીડી પામોલિનમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૨ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૩ રિંગિટ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યા હોવાથી માત્ર આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ઑક્ટોબરથી ૧૫ ઑક્ટોબર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા સપ્ટેમ્બર મહિનાના સમાનગાળાના ૭,૪૨,૬૪૮ ટન સામે ૧૬.૧૭ ટકા વધીને ૮,૬૨,૭૨૪ ટનની સપાટીએ રહી છે. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ તથા રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૨ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા રહ્યા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ગઈકાલની શેષ મગફળીની ૩૫,૦૦૦ ગૂણીની આવક હતી, જ્યારે રાજકોટ મથકે શેષ ૩૭,૦૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૯૫૦થી ૧૨૪૦માં અને રૂ. ૯૫૦થી ૧૨૨૫માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૩.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૪૪૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૪૨૫માં થયાના અહેવાલ હતા.

# મહારાષ્ટ્રના સોલાપુર અને બીડ જિલ્લામાં પૂરથી ગંભીર રીતે અસરગ્રસ્ત ૪,૦૦૦ પરિવારો માટે રિલાયન્સ સહારો બન્યું



મુંબઈઃ મહારાષ્ટ્રના સોલાપુર અને બીડ જિલ્લામાં પૂરથી અસરગ્રસ્ત પરિવારોને રાહત આપવા અને પુનઃપ્રાપ્તિને સક્ષમ બનાવવા માટે, રિલાયન્સે ૪,૦૦૦ ગંભીર રીતે અસરગ્રસ્ત પરિવારો સુધી પહોંચવા માટે એક વ્યાપક પહેલ મૂકી છે. આ પહેલ પશુધન સંરક્ષણ, ખોરાક અને આવશ્યક ચીજવસ્તુઓની પહોંચ સુનિશ્ચિત કરવા અને જાહેર આરોગ્ય જોખમોનું સંચાલન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પૂર પછી તરત જ રિલાયન્સ ફાઉન્ડેશનની ટીમો સૌથી વધુ અસરગ્રસ્ત સમુદાયોને ઓળખવા અને તેમની તાત્કાલિક જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટે સ્થળ પર હતી. રિલાયન્સ રિટેલ ટીમો સાથે સંયુક્ત રીતે, તેઓ છેલ્લા ઘણા દિવસોથી સ્થાનિક અધિકારીઓ અને સમુદાયના સભ્યો સાથે મળીને પૂરગ્રસ્ત પરિવારોને પડતી મુશ્કેલીઓને હળવી કરવા માટે કામ કરી રહ્યા છે. સોલાપુરમાં જિલ્લા વહીવટીતંત્ર સાથે સંકલનમાં રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા આયોજિત પશુચિકિત્સા શિબિરો દ્વારા પશુધન આરોગ્ય સહાય પૂરી પાડવામાં આવી રહી છે. સારવાર અને દવા ઉપરાંત, રોગના પ્રકોપને રોકવા માટે, રિલાયન્સ ફાઉન્ડેશને પશુપાલન વિભાગના જોખમ મૂલ્યાંકનના આધારે લગભગ ૨૨,૦૦૦ પ્રાણીઓને HS-BQ રસી પૂરી પાડી હતી. ■

# ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં સ્થાનિક તથા દેશાવરોની માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૮૨થી ૪૦૪૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૩૬થી ૪૧૦૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૩૦માં અને રૂ. ૩૯૩૦થી ૩૯૭૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સી. એચ. પરમેશ્વરને ઈન્ડો અમેરિકન સોસાયટીના પ્રમુખ તરીકે નિયુક્ત કરાયા



જાહેરાત, પબ્લિક રીલેશન અને સંદેશા વ્યવહારમાં વ્યાપક અનુભવ ધરાવતા પેરામીન એડવર્ટાઈઝિંગ એન્ડ માર્કેટિંગ એસોસિએટ્સના CEO શ્રી. સી. એસ. પરમેશ્વરને વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે ઈન્ડો અમેરિકન સોસાયટીના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા છે. તે નાની પાલખીવાલા, હિરેન શાહ, કેશુબ મહિન્દ્રા અને આદિ ગોદરેજ જેવા દૃઢ નિષ્ઠાવાનોના પગલે ચાલનારા છે. ઈન્ડો-અમેરિકન સોસાયટી છેલ્લાં ૬૬ વર્ષથી ભારત-US સંબંધોને પ્રોત્સાહન આપવા સમર્પિત સેવા આપી રહી છે. શ્રી પરમેશ્વર લગભગ પાંચ દાયકાથી IAS સાથે સંકળાયેલા છે.

સોસાયટીના અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ શ્રીમતી આશા એ વકીલ, ઉપપ્રમુખ શ્રી. સુરેન્દ્ર કોટડિયા, સેક્રેટરી સીએ ડૉ. શાર્દુલ શાહ, સંયુક્ત સેક્રેટરી શ્રી. સંજય મહેતા અને માનનીય ખજાનચી ડૉ. હરિકૃષ્ણન નામ્બિયારનો સમાવેશ થાય છે. ■

# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૬નો ઘટાડો આવ્યો હતો. તેમ જ ટીનની આગેવાની હેઠળ કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર, ઝિન્ક સ્લેબ અને નિકલમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એકથી છ ઘટી આવ્યા હતા. જોકે, આજે માત્ર કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. એક વધી આવ્યા હતા. આ સિવાય અન્ય તમામ ધાતુઓમાં પાંખાં કામકાજો રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# વૈશ્વિક ચાંદી વિક્રમ સપાટીએથી પાછી ફરતાં સ્થાનિક ચાંદીમાં ₹ ૪૧૦૦નું ગાબડું, સોનામાં ₹ ૫૬૨ની આગેકૂચ

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર ગઈકાલે એક તબક્કે હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૩.૬૦ ડૉલર સુધી કુદાવી ગયા બાદ નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ ભાવઘટાડો નોંધાયો હતો. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે ચાંદીમાં ઘટ્યા મથાળેથી ૨.૩ ટકા જેટલો સુધારો આવ્યો હતો. તેમ જ સોનાના ભાવ પણ ૧.૫ ટકા જેટલા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં આજે ચાંદીમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૪૧૦૦નું ગાબડું પડ્યું હતું, જ્યારે સોનામાં વિશ્વ બજાર પાછળ ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૬૦થી ૫૬૨ની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૭૪ પૈસા વધી આવ્યો હોવાથી આયાત પડતરો ઘટવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં એકતરફી આગઝરતી તેજી રહ્યા બાદ ગઈકાલના વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેવાથી તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૧૦૦ના ઘટાડા સાથે રૂ. ૧,૭૪,૦૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક સાથે ભાવમાં સુધારો આગળ ધપ્યો હતો, પરંતુ ડૉલર સામે રૂપિયો મજબૂત થયો હોવાથી ભાવવધારો મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૬૦ વધીને રૂ. ૧,૨૬,૨૦૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૬૨ વધીને રૂ. ૧,૨૬,૭૧૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી માત્ર રોકાણકારોની છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ચીન સાથેના અમુક વેપાર કરાર રદ કરવાની વિચારણા કરી રહ્યાના અહેવાલ અને ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટ કરે તેવો આશાવાદ ઉપરાંત વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગને ટેકે એક તબક્કે ભાવ વધીને ઔંસદીઠ ૪૨૧૭.૯૫ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૧.૫૦ ટકા વધીને ૪૨૦૩.૭૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વાયદામાં ભાવ ૧.૪ ટકા વધીને ૪૨૨૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં ગઈકાલે વૈશ્વિક બજારમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૩.૬૦ ડૉલરની વિક્રમ સપાટી સુધી ઉછળ્યા બાદ પીછેહઠ જોવા મળી હતી, પરંતુ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ઘટ્યા મથાળેથી ૨.૩ ટકા વધીને ઔંસદીઠ ૫૨.૬૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.


**PUBLIC NOTICE**

We are investigating the title of **MS. KANCHAN PURSHOTTAM PAINTER AND MS. VIJYA PURSHOTTAM PAINTER,** of Mumbai in respect of the below mentioned premises.

Any person having any claim or right on the same by way of inheritance, share, sale, mortgage, lease, licence, gift, possession, possession of original documents or otherwise is hereby required to intimate to the undersigned within ten (10) days from the date of publication of this notice of such claim, if any, with all supporting documents failing which the claim, if any, of such person shall be treated as waived.

**SCHEDULE OF THE PREMISES**

Residential Flat bearing No. 904A admeasuring 1150 sq.ft. of carpet area on the 9th floor of the building "SURYA APARTMENT" belonging to Surya Apartment Co-operative Housing Society Ltd., situated at C.S. No. 760, Plot No. 53A, Bhulabhai Desai Road, Mumbai 400 026 along with sixty five (65) fully paid up shares issued by the Society.

Dated this 16th day of October, 2025

**Sd/-**
M/s. Vimadalal & Co.
(S. N. Vimadalal)
Advocates & Solicitors
14, Hamam House,
3rd floor,
36, Ambalal Doshi Marg,
Fort, Mumbai 400 001.



**PUBLIC NOTICE**

IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD
**R/SPECIAL CRIMINAL APPLICATION NO. 6568 of 2015**

Fixed on : 24/11/2025
District: Rajkot

Advocate for applicant/s: Mr. Nanavati & Nanavati and Ms. Prachiti V. Shah
MONTANA VALVE AND AMP; COMPRESSOR LTD. THRO'DIRECTOR AND ORS. ....APPLICANT(S)
Vs.
STATE OF GUJARAT & ANR......RESPONDENTS

To,
RESPONDENT(S)
2. CHIMANLAL BABULAL SHAH
ADMINISTRATOR OF SHARDA STEEL CORPORATION
RESI. AT 18TH ROAD, AGAM APARTMENTS
1ST FLOOR, KHAR (W), MUMBAI-400052.
AT PRESENT RESIDING AT:
5, KALGANI BUILDING, LS ROAD NO. 4
JUHU SCHEME, VILLE PARLE (W), MUMBAI-400056.

Take Notice that the applicant above named having presented SPECIAL CRIMINAL APPLICATION No. 6568 of 2015 before this Honourable High Court praying to quash and set aside the impugned order dated 03.07.2015 passed by Ld. Chief Judicial Magistrate, Rajkot in Criminal Inquiry No. 226/2000 and Criminal Case no. 5220/2015 and etc...

Whereas, upon hearing Special Criminal Application No. 6568 of 2015, this Honourable Court (Coram: HON'BLE MR. JUSTICE J.C. DOSHI) on 09/09/2025 permitted applicant to serve the Notice in Special Criminal Application (Quashing) No. 6568 of 2015 in view of order dated 09/09/2025 in "Bombay Samachar".

Take notice that the said SPECIAL CRIMINAL APPLICATION is now fixed for hearing on 24/11/2025 and if no appearance is made by yourself, your advocate or by someone by law authorised to act for you, it will be determined in your absence and Honourable Court will pass further order ex-parte.

Witness SUNITA AGARWAL, Esquire the CHIEF JUSTICE at Ahmedabad aforesaid this 9th day of September, 2025.

Sd/-
**(D. M. Vasava)**
**Dy. S.O.**

COURT SEAL

Sd/-
**(K.D. Vaghela)**
**Assistant Registrar**
By the Court
Sd/-
**(K.A. Bukhari)**
**Deputy Registrar**
This 1st Day of October, 2025



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

B.Y.L. નાયર ચે. હોસ્પિટલ
ડૉ. A.L. નાયર રોડ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦ ૦૦૮.
નં. NMS/૧૪૧૮ તારીખઃ ૧૪/૧૦/૨૦૨૫

**ટુંકી ઈ-ટેન્ડર નોટીસ**

| નં. | વર્ણન | પ્રારંભ તારીખ | અંતિમ તારીખ |
|---|---|---|---|
| ૧ | એકાગ્રત ૩૫૦-૩૭૦ MG/ML ૧૦૦ ML લોડિંગના ઈન્ટ્રાવાસ્ક્યુલર ઉપયોગ માટે LNJ નોન આયોનિક કોન્ટ્રાસ્ટ. (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૮૦_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૨ | ''B.Y.L. નાયર ચે. હોસ્પિટલ માટે આયોડિન એકાગ્રત ૩૦૦ MG/ML ૧૦૦ ML શીશીના ઈન્ટ્રાવાસ્ક્યુલર ઉપયોગ માટે INJ. નોન આયોનિક કોન્ટ્રાસ્ટી ખરીદી'' (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૯૮_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૩ | INJ. સોડિયમ ક્લોરાઈડ ૦.૯% ૫૦૦ ML (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૮૪_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૪ | INJ. સોડિયમ ક્લોરાઈડ ૦.૯% ૧૦૦ ML (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૮૬_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૫ | INJ. સોડિયમ ક્લોરાઈડ ૦.૯% ૧૦૦ ML (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૪૦૦_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૬ | INJ. પિપરસિલિન ૪GM + ટેઝોબેક્ટમ ૫૦૦ MG IM/IV (VIALS/AMPS) (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૯૭_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૭ | INJ. ક્લિન્ડામાયસીન ૧૫૦ MG/ML, ૨ ML AMP. (૨ ML AMPS) (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૯૨_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૮ | INJ. એટ્રાક્યુરિયમ બેસિલેટ ૧૦ MG/ML, (૨.૫ ML VISLS/ AMPS) (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૯૧_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૯ | INJ. સ્ટ્રેપ્ટોકિનેઝ ૧.૫ મિલિયન (VIALS/ AMPS) (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૯૦_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૧૦ | INJ. પેન્ટોપ્રાઝોલ ૪૦ MG શિશિ અથવા AMP. IV (VIALS/ AMPS) (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૯૬_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૧૧ | INJ. ઈટોમિડેટ ૨ MG/ML IV યુઝ ૧૦ ML (VISLS/ AMPS) (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૯૩_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૧૨ | INJ. ઓક્ટેરિયોટાઈડ ૫૦ MCG/ML AMP. OR VIAL (AMPS./ VIALS ) (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૩૮૮_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૧૩ | INJ. વેનાકોમાયસીન ૫૦૦ MG VIAL OR AMP. (VIALS/SMPS.) (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૭૮૪_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |
| ૧૪ | ઈન્સ્યુલિન NPH/ આઈસોફેન ૪૦ IU/ML ૧૦ ML VIAL (ટ્યુરિફાઈડ બોવાઈન પોર્સિન આઈસોફેન ઈન્સ્યુલિન- SUSP ૪૦ I.U./ML NPH ઈન્સ્યુલિન અથવા ન્યુટ્રલ પ્રોટામાઈન) (૧૦ ML VIAL/AMP.) (મહાટેન્ડર ID-૨૦૨૫_MCGM_૧૨૨૮૭૮૭_૧) | ૧૬.૧૦.૨૦૨૫ | ૨૭.૧૦.૨૦૨૫ |

https://mahatenders.gov.in
સંપર્કઃ ડૉ. મનીષા મિસ્ત્રી (ડે. ડિન.)
ટેલિ નં. ૦૨૨-૨૩૦૨૭૧૦૯,
ઈ-મેલ ID medical.store.nair@gmail.com

સહી/-
ડીન
BYL નાયર ચે. હોસ્પિટલ

PRO/1911/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ અને HOD (Sec. હેલ્થ કેર સર્વિસીસ)નું કાર્યાલય
૭મા માળે, કે.બી. ભાભા મ્યુનિ. જન. હોસ્પિટલ, આર. કે. પાટકર માર્ગ, બાંદ્રા (વે), મુંબઈ-૪૦૦૦૫૦.
નં. CMS & HOD/SHCS/૬૯૩૧ તારીખઃ ૧૪-૧૦-૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટિસ**

ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ અને HOD (SHCS) કે. બી. ભાભા મ્યુનિ. જન. હોસ્પિટલ, બાંદ્રા (પ.), મુંબઈ-૪૦૦૦૫૦. ૧૦ મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલમાં ફૂડની સ્પષ્ટીકરણ મુજબ ફૂડ રાંધેલાની સપ્લાય માટે ત્રણ તબક્કા બિડ ઈ-ટેન્ડર મંગાવે છે.

ઈ-ટેન્ડર નોટિસ સંબંધિત વિગતો બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની વેબસાઈટ www.mcgm.gov.in પર ઉપલબ્ધ રહેશે. તેમજ http://mahatenders.gov.in વેબસાઈટ પર મહાટેન્ડર પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે.

ઈ-ટેન્ડરની વિગતો નીચે મુજબ છેઃ

| અ. ક્ર. | વર્ણન | મહાટેન્ડર ID ક્ર. | ઓનલાઈન ઈ-ટેન્ડર ફોર્મના વેચાણની પ્રારંભ તારીખ | ટેન્ડર ફી (રૂા.) | બા.ર.ડી. રૂા. | ઈ-ટેન્ડર ફોર્મની સુપ્રતિની અંતિમ તારીખ અને સમય | Pkt. એ અને બી ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦ મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલના IPD દર્દીઓને રાંધેલા ખોરાક (ડાયાબિટીક, હાયપરટેન્શન, સોલ્ટ ફ્રી, મીઠું પ્રતિબંધિત, RT ફીડ)ની સપ્લાય. | ૨૦૨૫_MCGM_ ૧૨૨૯૬૭૫_૧ | ૧૬/૧૦/૨૫ના સ. ૧૧ ક.થી | ૩૦,૨૫૦/- + ૧૮% G.S.T. = ૩૫,૬૯૫/- | રૂા. ૩૧,૫૦,૦૦૦/- | ૩૦/૧૦/૨૦૨૫ના ૧૫ ક. સુધી | ૩૧/૧૦/૨૦૨૫ના ૧૫ ક. |

**નોંધઃ**
- બાના રકમ ડિપોઝીટ (બારડી) ઓનલાઈનની ચૂકવણી માટે અંતિમ તારીખ મુકરર પાકતી તારીખ અને સમયના કે પહેલા છે.
- જે કોઈ પણ સુધારા હશે તો ફક્ત MCGM વેબસાઈટ પર પ્રકાશિત થશે.
- પ્રી બિડ મિટિંગ ૨૪.૧૦.૨૦૨૫ના બ. ૩.૦૦ ક. ડે. મ્યુનિસિપલ કમિશનર (પબ્લિક હેલ્થ), ૩જો માળ, એનેક્સ બિલ્ડિંગ, મહાપાલિકા માર્ગ, CST, મુંબઈ - ૪૦૦૦૦૧ ખાતે યોજાશે.

મ્યુનિસિપલ કમિશનર, કોઈપણ અથવા બધા ઈ-ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
(ડૉ. ચંદ્રકાન્ત પવાર)
CMS & HOD (SHCS)

PRO/1930/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ભારે વાહનોએ મુંબઈ-અમદાવાદ હાઈવેની ટ્રાફિક વ્યવસ્થા ખોરવી?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર અને ગુજરાતને જોડતો મુખ્ય માર્ગ મુંબઈ-અમદાવાદ હાઈવે છેલ્લા ચાર દિવસથી ટ્રાફિક જૅમને કારણે ચર્ચાનો વિષય બન્યો છે. ઘોડબંદર રોડ પર સમારકામ હાથ ધરાવાને કારણે ઊભી થયેલી આ સમસ્યામાં ભારે વાહનોએ વધારો કર્યો હોવાનું કહેવાય છે. મનાઈ આદેશ છતાં હાઈવે પર આવતાં ભારે વાહનોએ ટ્રાફિક વ્યવસ્થાને ખોરવી નાખી હોવાનો દાવો કરાઈ રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ મીરા-ભાયંદર મહાપાલિકા દ્વારા ઘોડબંદર રોડ પર થાણેની લેન પર સમારકામ હાથ ધરાયું છે, જેને પગલે ગાયમુખ ઘાટ સુધી એક જ લેન પર બન્ને તરફનો વાહનવ્યવહાર ચાલી રહ્યો છે. ગુજરાતથી ઉરણ, જેએનપીએ અને ભિવંડીમાં જનારા વાહનો તેમ જ ત્યાંથી ગુજરાત અને મુંબઈ આવનારાં વાહનો માટે ઘોડબંદર રોડ મહત્ત્વનો ગણાય છે. એ સિવાય મીરા-ભાયંદર, વસઈ, થાણે, બોરીવલી પરિસરના નોકરિયાતો પણ આ માર્ગનો ઉપયોગ કરે છે. ઘોડબંદર પર ટ્રાફિકની સમસ્યા ઊભી (જુઓ પાનું ૪) ▶▶

## જીવનજરૂરિયાતની વસ્તુઓ પર અસર

ઘોડબંદર રોડ પરની ટ્રાફિકની સમસ્યાની હાઈવે સુધી ફેલાયેલી હોવાથી જીવનજરૂરિયાતોની પર તેની અસર પડી રહી છે. ટ્રાફિકમાં કલાકો સુધી દૂધનાં ટૅન્કરો અટવાઈ ગયાં હતાં. પરિણામે બોરીવલી આસપાસના પરિસરોમાં દૂધ સમયસર વિતરિત કરી શકાયું નહોતું. એવી જ અન્ય વસ્તુઓનાં પણ ફાંફાં પડી રહ્યાં હોવાનું કહેવાય છે.

## ટ્રાફિકના નિયમો ફક્ત સામાન્ય નાગરિકો માટે, નેતાઓ માટે નહીં?

થાણેઃ ઘોડબંદર ઘાટ વિસ્તારમાં રસ્તાના સમારકામને કારણે મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રાફિક જેમનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં પાલઘર જિલ્લાના પાલક પ્રધાન ગણેશ નાઈકે હાઈવે પર ટ્રાફિક જેમથી બચવા માટે પોતાના કાફલા સાથે વિરુદ્ધ દિશામાં મુસાફરી કરી રહ્યા હોવાનું જોવા મળ્યું હતું. આ કારણે એ પ્રશ્ન ઊભો થયો છે કે શું ટ્રાફિક નિયમો ફક્ત સામાન્ય માણસ માટે જ છે?

જાણવા મળ્યું છે કે પાલક પ્રધાનની આ મુસાફરી મુંબઈ-અમદાવાદ રૂટ પર હતી. ઉપરાંત ટ્રાફિક જેમને કારણે કાફલો અટવાઈ ગયો હતો. તેનું પરિણામ સામેથી યોગ્ય દિશામાં આગળ વધી રહેલા વાહનચાલકોને પણ ભોગવવું પડ્યું. વાહનોની કતાર હોવા છતાં પ્રધાનનો કાફલો વિરુદ્ધ દિશામાં જઈ રહ્યો હોવાથી રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો હતો.

## હાઈવે પર ટ્રાફિકની સમસ્યા વર્ષો જૂની

મીરા-ભાયંદરથી શરૂ થતી ટ્રાફિક જૅમની સમસ્યા છેક વસઈ સુધી ફેલાયેલી હોવાનું નજરે પડે છે, પરંતુ આ તકલીફ વાહનધારકો છેલ્લાં સાતેક વર્ષથી સહન કરી રહ્યા છે. અત્યારે ઘોડબંદર રોડ પર સમારકામ ચાલી રહ્યું છે. તે પહેલાં વર્સોવા બ્રિજનું સમારકામ કરીને નવા બ્રિજના નિર્માણનું કાર્ય હાથ ધરાયું હતું. આ કાર્યને કારણે અનેક વર્ષો સુધી પ્રવાસીઓએ આ ભાગમાં ટ્રાફિક જૅમનો સામનો કર્યો હતો. ગુજરાતથી આવનારાં વાહનો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાતાં પ્રવાસીઓએ પારાવાર હાલાકી સહન કરવી પડતી હતી.

# દિવાળીની ખરીદી માટે દાદરમાં જબરદસ્ત ભીડ, સ્ટેમ્પેડ જેવી સ્થિતિ સર્જાવાની ભીતિ



**બારણે તોરણિયા બંધાણા...**
દિવાળી નિમિત્તે બજારોમાં ધૂમ ભીડ જોવા મળી રહી છે. બારણે લગાવવામાં આવતા રંગબેરંગી તોરણોથી બજારો વધુ રંગીન બની છે. (પીટીઆઈ)

મુંબઈઃ દિવાળીના થોડા દિવસો બાકી છે ત્યારે, મુંબઈના પ્રખ્યાત દાદર માર્કેટમાં લોકોની જબરજસ્ત ભીડ જોવા મળી રહી છે, જેના કારણે લોકોને અરાજકતા અને ભીડ વ્યવસ્થાપન અંગે ચિંતા થઈ રહી છે. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં સાંકડી ગલીઓમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે, જેના કારણે નાસભાગ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

તહેવારોમાં ખરીદી માટેની ભીડ, સાંકડી જગ્યાઓ અને ફૂટપાથ પર કબજો જમાવતા ફેરિયાઓના કારણે અવરજવર લગભગ અશક્ય બની ગઈ છે. સ્થાનિક લોકોએ ફરિયાદ કરી હતી કે દર વર્ષે આવા દ્રશ્યો જોવા મળતા હોવા છતાં, અધિકારીઓ ભીડ નિયંત્રણ કરવામાં નિષ્ફળ ગયા છે. દુકાનદારો અને રહેવાસીઓએ આયોજનના અભાવ પર નિરાશા વ્યક્ત કરી, તેને તણાવપૂર્ણ અને અસુરક્ષિત ગણાવ્યું. ઘણા લોકો છેલ્લી ઘડીએ તહેવારોની ખરીદી (જુઓ પાનું ૪) ▶▶

# વસઇ-વિરાર પાલિકાના ભૂતપૂર્વ કમિશનરની મની લોન્ડરિંગના કેસમાં ધરપકડ 'ગેરકાયદે'

## મુંબઈ હાઇ કોર્ટે અનિલ પવારને મુક્ત કરવાનો આદેશ આપ્યો

મુંબઈઃ મુંબઈ હાઇ કોર્ટે બુધવારે વસઇ-વિરાર પાલિકાના ભૂતપૂર્વ કમિશનર અનિલ પવારની મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી) દ્વારા કરાયેલી ધરપકડને 'ગેરકાયદે' ગણાવી હતી અને તેમને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ ગૌતમ અંકડની ખંડપીઠે કહ્યું હતું કે પવારની ધરપકડ સમયે ઇડી પાસે 'નક્કર સામગ્રી' નહોતી.

'અમે એવો અભિપ્રાય બાંધ્યો છે કે ૧૩ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ ધરપકડ કરનારા અધિકારી પાસે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ ૧૯ હેઠળ જરૂરી કોઇ સામગ્રી નથી' (તે વ્યક્તિ ગુનામાં દોષિત છે તેવું માનવા માટેનું કારણ), એમ હાઇ કોર્ટે જણાવ્યું હતું.

'અમે એવું કહેવા માગીએ છીએ કે કોઇ નક્કર (જુઓ પાનું ૪) ▶▶

# મતદારોની યાદી 'ખામીયુક્ત', ચૂંટણીમાં તેનો ઉપયોગ ન થવો જોઇએઃ વિપક્ષી નેતાઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિપક્ષી નેતાઓએ બુધવારે રાજ્યમાં ચૂંટણી પંચની જોરદાર ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે રાજ્યમાં મતદારોની યાદીઓ અત્યંત ખરાબ અને ખામીયુક્ત છે. રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં આવી ખામીયુક્ત અને ખરાબ મતદારયાદીનો ઉપયોગ ન થવો જોઈએ, એમ એનસીપી (એસપી)ના નેતા જયંત પાટીલ અને કોંગ્રેસના બાળાસાહેબ (જુઓ પાનું ૪) ▶▶

## ચૂંટણી પંચ પરના વિપક્ષી આક્ષેપો ફેક નેરેટિવ સેટ કરવાનો પ્રયાસઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિપક્ષી નેતાઓએ બુધવારે ભારપૂર્વક એવી માગણી કરી હતી કે રાજ્યમાં મતદાર યાદીઓ સંપૂર્ણ રીતે સુધારવામાં ન આવે ત્યાં સુધી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ન યોજવામાં આવે, અને કહ્યું કે ચૂંટણી માટે 'અત્યંત ચેડા કરાયેલ, ખામીયુક્ત અને છેડછાડ કરાયેલ' મતદાર યાદીઓનો ઉપયોગ લોકશાહીના મુલ્યોને (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

**ડોંબિવલીમાં ભાષાવાદનો ભડકો**

# બિનમરાઠી મહિલાનો સંતાન સાથે સળગી મરવાનો પ્રયાસ

થાણેઃ ડોંબિવલી પશ્ચિમમાં તહેવારોની મોસમ દરમિયાન રેલવે સ્ટેશનની નજીક મંગળવારે મરાઠી અને બિન-મરાઠી વિક્રેતાઓ વચ્ચે સ્ટોલ લગાવવાને મુદ્દે ઝઘડો થયા બાદ મહિલાએ તેના સંતાન સાથે શરીર પર ડીઝલ નાખી આત્મદહનનો પ્રયાસ કર્યો હતો. જોકે પાલિકાના અધિકારીઓ તેમ જ રાહદારીઓએ ઝડપથી પગલાં ભરીને મહિલાને બચાવી લીધી હતી. ડોંબિવલી પશ્ચિમમાં ઘનશ્યામ ગુપ્તે રોડ, પંડિત દિનદયાલ રોડ, મહાત્મા ફૂલે રોડ, મહાત્મા ગાંધી રોડ પર ફેરિયાઓએ પાલિકાના કર્મચારીઓના આશીર્વાદથી પોતાના વ્યવસાયની જગ્યા નક્કી કરી રાખી છે. એ જગ્યાએ અન્ય કોઇ ફેરિયા આવે તો તેને ભગાડી મૂકવામાં આવે છે. ઘનશ્યામ ગુપ્તે રોડ પર મરાઠીભાષી (જુઓ પાનું ૪) ▶▶

# ભૂપતિની શરણાગતિ મહારાષ્ટ્રમાં નક્સલવાદના અંતનો પ્રારંભઃ મુખ્ય પ્રધાન



(પીટીઆઈ)

ગઢચિરોલી (મહારાષ્ટ્ર): મહારાષ્ટ્રમાં જ્યેષ્ઠ નક્સલવાદી ભૂપતિએ ૬૦ અન્ય સાથીઓ સાથે બુધવારે શરણાગતિ સ્વીકારી તે અત્યાર સુધીની સૌથી મોટી શરણાગતિ છે અને આ શરણાગતિ જેની સામે સ્વીકારવામાં આવી તે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આને રાજ્યમાં 'નક્સલ ચળવળના અંતનો પ્રારંભ ગણાવ્યો' હતો.

બુધવારે ગઢચિરોલીમાં મુખ્ય પ્રધાન ફડણવીસે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, 'આગામી દિવસોમાં, છત્તીસગઢ, તેલંગણામાં આખો 'રેડ કોરિડોર' નક્સલવાદથી મુક્ત થઈ જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રનું ગઢચિરોલી ગેરકાયદે સીપીઆઈ (માઓવાદી) સામેની લડાઈનું નેતૃત્વ કરી રહ્યું છે તે ગૌરવ લેવા જેવી બાબત છે.

ગઢચિરોલી જિલ્લામાં વરિષ્ઠ નક્સલવાદી મલ્લોજુલા વેણુગોપાલ રાવ ઉર્ફે ભૂપતિએ ૬૦ અન્ય કાર્યકરો સાથે તેમની સમક્ષ આત્મસમર્પણ કર્યા પછી મુખ્ય પ્રધાને એક સભાને સંબોધિત કરી હતી.

એક અધિકારીએ (જુઓ પાનું ૪) ▶▶


# ઘાટકોપરમાં ધોળેદહાડે ઝવેરી પર શસ્ત્રના ઘા ઝીંકીને લૂંટારુઓએ દુકાનમાંથી ઘરેણાં લૂંટ્યા

## બે આરોપી પકડાયા, ત્રીજાની શોધ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવડી વિસ્તારમાં ડિલિવરી બૉયને શસ્ત્રની ધાક દાખવીને ૨.૨૯ કરોડ રૂપિયાના દાગીના લૂંટવામાં આવ્યા હોવાની ઘટના તાજી છે ત્યારે ઘાટકોપરમાં ધોળેદહાડે દુકાનમાં ઘૂસ્યા બાદ ઝવેરી પર શસ્ત્રના ઘા ઝીંકીને ત્રણ લૂંટારુએ લાખો રૂપિયાનાં ઘરેણાં લૂંટ્યાં હોવાની ઘટના બુધવારે બની હતી. આ પ્રકરણે પોલીસે બે આરોપીની ધરપકડ કરીને ત્રીજા આરોપીની શોધ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર ઘાટકોપર પશ્ચિમમાં અમૃત નગર સર્કલ ખાતે આવેલી દર્શન જ્વેલર્સ નામની દુકાનમાં બુધવારે સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. માસ્ક પહેરીને મોટરસાઇકલ પર આવેલા ત્રણમાંથી બે (જુઓ પાનું ૪) ▶▶




# ગોરેગામના ફ્લૅટમાં આગઃ ગૂંગળામણને કારણે માતા-પુત્ર હૉસ્પિટલમાં

## ક્રાફર્ડ માર્કેટમાં પણ બે દુકાન આગમાં સળગી

મુંબઈઃ ગોરેગામની ઈમારતના એક ફ્લૅટમાં લાગેલી આગને કારણે ફેલાયેલા ધુમાડાથી ગૂંગળામણ થતાં માતા-પુત્રને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યાં હતાં. મળસકે જ આગની બીજી ઘટના દક્ષિણ મુંબઈના ક્રાફર્ડ માર્કેટ પરિસરમાં બની હતી, જેમાં બે દુકાન સળગી ગઈ હતી.

ફાયર બ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ ઘટના ગોરેગામ પશ્ચિમમાં સિદ્ધાર્થનગરની અતુલ કોઑપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં બની હતી. સાત માળની ઈમારતના બીજા માળે આવેલા ફ્લૅટમાં બુધવારના મળસકે ૩.૫૩ વાગ્યે આગ લાગી હતી.

બનાવની જાણ થતાં જ ફાયર (જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**